બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત શૈક્ષણિક સામયિક

ISSN: 2584-1777

# બાળવિશ્વ

વર્ષ-૧૨, અંક-૦૨, ફેબ્રુઆરી, ૨૦૨૪, કિંમત : ₹ ૫૦/-

પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮


## સંક્ષિપ્ત - NCFFS



## પાયાના તબક્કા માટે
## રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - ૨૦૨૨

# અમારાં પ્રકાશનો




**પુસ્તકોની ઑનલાઇન ખરીદી માટે અમારી વેબસાઇટ www.cugujarat.ac.in ની મુલાકાત લેશો.**

# બાળવિશ્વ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

**વર્ષ : ૧૨, અંક : ૦૨**

**ફેબ્રુઆરી, ૨૦૨૪**

તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

સંપાદક મંડળ

**ડૉ. નીતિન પેથાણી**

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**

**ડૉ. ટી.એસ. જોશી**

**ડૉ. નીલેશ પંડ્યા**

**ડૉ. કૃણાલ પંચાલ**

ભાષાશુદ્ધિ

**ડૉ. સંજય પટેલ**

ડિઝાઈન અને ટાઈપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**

**Printed & Published by :**
Shree Amit Jani on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar

પત્રવ્યવહારનું સરનામું

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૧

ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯

ઈ-મેલ : balvishva@cugujarat.ac.in

વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar

આ અંકમાં વાંચીશું ▶

## પાયાના તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - ૨૦૨૨

| | | |
|---|---|---|
| સંપાદકીય<br>- ડૉ. કૃણાલ પંચાલ | | ૦૨ |
| પ્રકરણ-1 | પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ અંગેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો પરિચય<br>- ડૉ. કૃણાલ પંચાલ | ૦૩ |
| પ્રકરણ-2 | શિશુ શિક્ષણના ધ્યેયો, યોગ્યતાઓ અને શીખવાના પરિણામો<br>- ડૉ. ધર્માંશુ વૈદ્ય | ૧૦ |
| પ્રકરણ-3 | ભાષા શીખવા અને સાક્ષરતા માટેનો અભિગમ<br>- ડૉ. ચિરાગ દરજી | ૧૬ |
| પ્રકરણ-4 | શિક્ષણશાસ્ત્ર<br>- ડૉ. કૃણાલ પંચાલ | ૨૩ |
| પ્રકરણ-5 | અધ્યાપન માટે વિષયવસ્તુની પસંદગી, ગોઠવણી અને સંદર્ભીકરણ<br>- ડૉ. નીલેશ પંડ્યા | ૩૪ |
| પ્રકરણ-6 | અધ્યયનના ઉન્નયન માટે આકલન<br>- ડૉ. મીનલબા જાડેજા | ૪૧ |
| પ્રકરણ-7 | સમયનું આયોજન<br>- પાયલ રોટ | ૪૬ |
| પ્રકરણ-8 | શિશુ શિક્ષણના જટીલ ક્ષેત્રો (વિકાસલક્ષી વિલંબ)<br>- ડૉ. રૂપમ ઉપાધ્યાય | ૫૨ |
| પ્રકરણ-9 | પ્રારંભિક તબક્કા સાથેના જોડાણો<br>- પાયલ રોટ | ૫૭ |
| પ્રકરણ-10 | અધ્યયન માટે સહાયક વાતાવરણનું નિર્માણ<br>- ડૉ. મીનલબા જાડેજા | ૬૧ |

બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-
ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.



# સંપાદકીય

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020ની દૃષ્ટિને અમલમાં મૂકવા માટે આયોજનના ભાગ સ્વરૂપે પાયાના તબક્કા માટેનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું એન.સી.ઈ.આર.ટી દ્વારા વિકસાવવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં આ માળખા પ્રમાણેની સમજ શાળાઓ, શિક્ષકો તથા માતાપિતાને મળી રહે તે માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા આ સમગ્ર દસ્તાવેજનું ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે. આ બૃહદ દસ્તાવેજને વ્યાવહારિક રીતે સમજવું ખૂબ જ જરૂરી છે. બાળકો માટે નવા દૃષ્ટિકોણ મુજબ શિક્ષણની વ્યવસ્થા અને પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે 'બાળવિશ્વ'ના આ અંકમાં એન.સી.એફ.એફ.એસનું સંક્ષેપીકરણ કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં એકરૂપતા અને સંવાદિતાને સક્ષમ કરતી વખતે, દેશમાં વિવિધ અભ્યાસક્રમ ગુણવત્તા અને સમાનતા માટે દેશને આધાર પૂરો પાડે છે. આમ, એક અભ્યાસક્રમ માળખું માર્ગદર્શક સિદ્ધાંતો, ધ્યેયો અને તત્ત્વો અભ્યાસક્રમ વિકાસ માટે પૂરા પાડે છે. જેના આધારે આગામી સમયમાં વિવિધ પાઠ્યસામગ્રી અને મૂલ્યાંકન સિદ્ધાંતો વિકસાવવામાં આવશે. પાયાના તબક્કા માટે પ્રથમ વખત બનાવવામાં આવેલું આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું વધારે સરળ શૈલીમાં અને અમલીકરણમાં સરળતા રહે તે રીતે લેખ સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ ડોક્યુમેન્ટમાં સમાવિષ્ટ દસ પ્રકરણ તથા તેના અમલીકરણ માટેનું આયોજન આપ સૌને ખૂબ જ ઉપયોગી બની રહેશે.

પાયાના તબક્કા માટે શિશુશિક્ષણનાં ધ્યેયો, યોગ્યતાઓ તેને શીખવવાનાં પરિણામો, શિશુને ભાષા કે ગણિત શિક્ષણ માટેનો અભિગમ, શિક્ષણશાસ્ત્ર, શિશુના અધ્યાપન માટે વિષયવસ્તુની પસંદગી, ગોઠવણી તથા તેનું સંદર્ભીકરણ, અધ્યયનના ઉન્નયન માટેનું આકલન, સમયનું આયોજન, શિશુ શિક્ષણમાં જોવા મળતા વિકાસલક્ષી વિલંબ, પ્રારંભિક તબક્કા સાથેનાં જોડાણો, અધ્યયન માટે સહાયક વાતાવરણનું નિર્માણ વગેરે જેવી ખૂબ જ અગત્યની બાબતોનો સાર અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

આ અંક આપ સૌ વાંચકોને શાળાઓ માટેના નવા પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ કેવું હોવું જોઈએ, આ શિક્ષણમાં માતાપિતા, શિક્ષકો અને શાળાની ભૂમિકા શું છે, તેનાથી માહિતગાર થવામાં ખૂબ જ ઉપકારક બની રહેશે. જે શિશુ શિક્ષણને વધુ સામર્થ્યવાન બનાવશે એવા વિશ્વાસ સાથે આપ સૌને અર્પણ..

**ડૉ. કૃણાલ પંચાલ**

**બાળદેવો ભવ:**

## પ્રકરણ - 1

# પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ અંગેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો પરિચય




- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭


**ભૂમિકા :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણ સંદર્ભે ફાઉન્ડેશનલ સ્ટેજ માટે પ્રસ્તુત અભ્યાસક્રમ માળખું આધાર પૂરો પાડે છે. જેમાં પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણની વિરેચના, ભારતીય પરંપરાઓમાં રહેલી મૂળભૂત બાબતો, જીવનમાં આ અવસ્થાનું મહત્ત્વ દર્શાવતાં સંશોધનોના આધારો, આ અવસ્થામાં ''રમત''નું મહત્ત્વ તથા પરિવાર અને સમાજની ભૂમિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો પરિચય :**

ન્યુરો સાયન્સનાં સંશોધન મુજબ વ્યક્તિના મગજનો 85% વિકાસ  છ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. આથી બાળકના સ્વસ્થ મગજના વિકાસ માટે પ્રારંભિક અવસ્થામાં યોગ્ય પદ્ધતિથી બાળકની સંભાળ રાખવામાં આવે તો ખૂબ સારું પરિણામ મળી શકે છે. તાજેતરમાં થયેલા સંશોધનનાં પરિણામો દર્શાવે છે કે, આઠ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો રેખીય વય આધારિત શૈક્ષણિક પથને અનુસરતાં નથી. જો કે આઠ વર્ષની ઉંમર સુધી બાળકમાં એટલા બધા વિવિધ તફાવતો જોવા મળે છે કે, તેને એક તબક્કામાંથી બીજા તબક્કામાં સંક્રમણ બિંદુ તરીકે સહકારક રીતે જોઈ શકાય છે. આઠ વર્ષની ઉંમરે જ બાળક શૈક્ષણિક દૃષ્ટિએ અનુકૂલન સાધવાનું શરૂ કરે છે એટલે બાળકના જન્મથી આઠ વર્ષનો આ સમયગાળો તેનાં સંભાળ અને શિક્ષણ માટે ખૂબ અગત્યનો બની રહે છે.

**પાયાનો તબક્કો અથવા આધારભૂત અવસ્થા**

**1. જન્મથી ત્રણ વર્ષ**

બાળકના જન્મથી ત્રણ વર્ષનો સમયગાળો મોટા ભાગે પરિવારમાં માતા-પિતા અને અન્ય પરિવારજનો સાથે વિતાવવાનો હોય છે. બદલાયેલી વ્યવસ્થા સાથે જો પતિ-પત્ની બંને નોકરી કરતાં હોય તો બાળકને ઘોડિયાઘર કે આયાબહેનની પાસે પણ મૂકવાનું થતું હોય છે, પરંતુ રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં જણાવેલી મુખ્ય પ્રાથમિકતા મુજબ આ સમયગાળામાં બાળકને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પૂર્વ શિક્ષણ પ્રાપ્ત થવું જરૂરી છે. જન્મથી ત્રણ વર્ષ સુધીમાં બાળકને પર્યાપ્ત પોષણ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય, સંવેદનશીલ સંભાળ, સલામતી અને રક્ષણ આ બધું ઘરના વાતાવરણમાંથી પ્રાપ્ત થવું જોઈએ. આ ઉપરાંત આંગણવાડી કે અન્ય પૂર્વ પ્રાથમિક સંસ્થાઓ દ્વારા પણ બાળકનો વિકાસ સુનિશ્ચિત કરી શકાય છે.

**2. ત્રણથી છ વર્ષ સુધીના બાળક માટે સંસ્થાકીય વ્યવસ્થાઓ**

આ વયજૂથના બાળક માટે પૂર્વ પ્રાથમિક પ્રારંભિક શિક્ષણ અને ઉચ્ચ ગુણવત્તાવાળા સંસ્થાકીય વાતાવરણની જરૂરિયાત રહે છે. ભારતમાં ત્રણથી છ વર્ષ માટે આંગણવાડી, બાળવાટિકા અને પ્રિ-સ્કૂલ જેવી વ્યવસ્થાઓ તેમજ કાર્યક્રમો અમલમાં છે, જ્યારે છથી આઠ વર્ષના બાળક માટે પ્રથમ અને બીજા ધોરણની વ્યવસ્થા અમલમાં છે.

આ સમય દરમિયાન બાળકને વિવિધ કૌશલ ઉપરાંત પરિવારજનોથી અલગ થવાનો ભય કે ચિંતા, વ્યાયામ અને હલનચલનના માધ્યમથી શારીરિક વિકાસ, માતા પિતા ઉપરાંત અન્ય વ્યક્તિઓ સાથે વાતચીત, પોતાની ભાવનાની અભિવ્યક્તિ કરવાનું, અન્ય મિત્રો બનાવવાનું, તેમની સાથે અનુકૂલન સાધવાનું અને લાંબા સમય સુધી કોઈ કાર્યના સંદર્ભે બેસી રહેવાનું બનતું હોય છે. જેના કારણે બાળકમાં જુદા જુદા પ્રકારની આદતોનું નિર્માણ થાય છે.

### 3. સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું મહત્ત્વ

આ પ્રારંભિક અવસ્થામાં બાળકને પ્રારંભિક સાક્ષરતા સાથે સંખ્યાજ્ઞાનમાં મૂળાક્ષરો, ભાષાઓ, ગણતરી રંગો, આકારો, ચિત્રો અને ઘરમાં રમી શકાય તેવી મેદાની રમતો, કોયડાઉકેલ, હસ્તકલા તથા સંગીત વગેરેનો પરિચય આપવામાં આવે છે.

### 4. આધારભૂત અવસ્થા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું

બાળકના વિકાસને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ફાઉન્ડેશનલ સ્ટેજની જોગવાઈ કરવામાં આવી છે. તેને ધ્યાનમાં રાખીને કુટુંબ, પરિવાર અને બાલવાટિકા તથા પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં બાળકને વિકાસલક્ષી અધ્યયન નિષ્પત્તિને વધુ સક્ષમ બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

### 5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નું ધ્યેય

બાળકના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ફાઉન્ડેશનલ સ્ટેજને બહુ જ મહત્ત્વનું ગણવામાં આવ્યું છે, ત્યારે દરેક બાળકને મફત, સલામત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વાંગી શિક્ષણ મળી રહે તે માર્ગ પ્રશસ્ત કરવામાં આવ્યો છે. ભારતના પ્રત્યેક વિસ્તાર, જ્ઞાતિ, જાતિ કે અસમાનતાઓથી મુક્ત થઈને શિક્ષણ એ સમાનતા માટેનું શ્રેષ્ઠ અને શક્તિશાળી પરિબળ બની રહે તે માટે આધારભૂત અવસ્થામાં બાળકને નૈતિક, વિચારશીલ, સર્જનાત્મક અને સહાનુભૂતિશીલ બનાવવાની એક તક આપવામાં આવી છે.

ભારત અને વિશ્વમાં પૂર્વ પ્રારંભિક સંભાળ અને શિક્ષણનો વિકાસ

### પ્રબુદ્ધ ભારતીય પરિપ્રેક્ષ્ય

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક અને પ્રાકૃતિક પરિપ્રેક્ષમાં બાળકના શરૂઆતનાં વર્ષોના શિક્ષણનું ખૂબ જ મૂલ્ય છે. શિક્ષણની ભારતીય દૃષ્ટી ખૂબ જ વ્યાપક અને સર્વ-સમાવેશક છે ત્યારે બાળકને આંતરિક વિશ્વ અને બાહ્ય વિશ્વ બંનેની વાસ્તવિકતા અને તેના અનુભવો આપવા જરૂરી બની રહે છે. આ પરિપ્રેક્ષ્ય એ વિશિષ્ટ અને વ્યવહારુ છે. ભારતીય જ્ઞાન પરંપરાની ચાવીરૂપ બાબત તરીકે પંચકોશ વિકાસને ખૂબ જ મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. જેમાં અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશના કલ્યાણ માટે તથા વિકાસ માટે બાળકને સર્વાંગી અનુભવો આપવાની ભલામણ કરે છે.

પ્રારંભિક અવસ્થામાં બાળકના શારીરિક ભાષાના વિકાસ માટે સંતુલિત આહાર, દેશી રમતો, કસરત અને યોગાસનો તથા ફાઈન મોટર કૌશલ્ય વિકસે તેવું વાતાવરણ આપવું જોઈએ. બાળકને આ અવસ્થાથી જ પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મળી રહે તે રીતે શ્વાસ લેવાનો શીખવવું પણ મહત્ત્વનું બને છે.

આ ઉપરાંત ગીતો, હાલરડાં, વાર્તા, કવિતા અને પ્રાર્થના આ તમામ દ્વારા સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ પ્રેમ વિકસિત કરવા તથા મૂલ્ય આધારિત દૃષ્ટિ પ્રદાન કરવાનો હેતુ રહેલો છે. બાળકના શારીરિક વિકાસ સાથે તેના પ્રાણને સંતુલિત કરવો, ધારણાશક્તિ, સકારાત્મક ઊર્જા અને ઉત્સાહ વધારવો તથા ચેતાતંત્રની સક્રિયતા વધારવા માટે પણ તેના પ્રાણિક વિકાસના અનુભવો આપવા જરૂરી છે. બાળકના માનસિક વિકાસ માટે એકાગ્રતા, શાંતિ, ઈચ્છાશક્તિ, નકારાત્મક લાગણીઓનું વ્યવસ્થાપન, સદ્‌ગુણોનો વિકાસ, સુખ, દશ્યકળા, પ્રદર્શન, સંસ્કૃતિ અને સાહિત્ય પ્રત્યેની રુચિ વધારવી પણ એટલી જ જરૂરી છે.

બાળક આ અવસ્થામાં વધુમાં વધુ અવલોકન કરે, પ્રયોગો કરે, વિશ્લેષણ કરતા શીખે, તારવણી કરતા શીખે, તર્ક કરે, ભાષા અને કલ્પનાશક્તિનો વિકાસ કરે તથા સર્જનાત્મકતા દ્વારા અમૂત વિચારસરણી કરતો થાય એવો બૌદ્ધિક વિકાસ પણ અપેક્ષિત છે. બાળકના સ્વભાવમાં આનંદ, પ્રેમ અને સહાનુભૂતિ સાથે સ્વયંસ્ફૂરણા સ્વતંત્રતા અને સૌંદર્યબૌધ પ્રગટે તે માટે આનંદમય કોશનું પણ વિશેષ મહત્ત્વ રહ્યું છે.

આ દૃષ્ટિ ભારતની પ્રાચીન ગુરુકુળ શિક્ષણ પ્રણાલીમાં જોવા મળતી હતી. તેને પુનઃ જાગૃત કરીને શિક્ષણને ગોખણપટ્ટીથી મુક્ત કરી, નિષ્ઠાપૂર્વકના અભ્યાસ અને સિદ્ધાંતની વ્યવહારમાં અમલ કરવાની ભાવના બાળકમાં વિકસાવવાની રહે છે. ભારતીય પરંપરા પ્રમાણે બાળકને કોરી પાટી તરીકે જોવામાં નથી આવતું. કારણ કે અગાઉના જન્મોના અનુભવો લઈને બાળક આવે છે ત્યારે આ બાળકને વિશિષ્ટ અનુભવ આપી તેના વ્યક્તિત્વને વિકસાવવાનું મહત્ત્વ વધી જાય છે.

**ભારતના અગ્રણી કેળવણીકારો અને વિચારકોના શૈક્ષણિક વિચારો**

સાવિત્રીબાઈ અને જ્યોતિબા ફૂલેએ હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે એ સમયે શિક્ષણ અને શાળાની કલ્પના કરી હતી. તેઓ સમાન સામાજિક ન્યાયના મજબૂત સમર્થક હતા વંચિતોની જરૂરિયાતને સમજી નિશ્ચિત અભ્યાસક્રમ સાથે તેમણે પ્રાથમિક શિક્ષણના વિસ્તરણ અને મજબૂતીકરણ માટે વિચારણા કરી હતી. દેશમાં કન્યાશિક્ષણના પ્રણેતા તરીકે સાવિત્રીબાઈ ફુલેએ છોકરાઓ અને છોકરીઓની શીખવાની બાબતો અંગે નોંધપાત્ર વિચારો આપ્યા છે.

રવીન્દ્રનાથ ટાગોરે શિક્ષણ અંગેના વિચારોમાં સંપૂર્ણ વ્યક્તિત્વ-વિકાસ અને સંવાદિતાને મહત્ત્વ આપ્યું છે. તેમનો શૈક્ષણિક અભિગમ કુદરત અને જીવનમાંથી શીખવાનો હતો. તેમણે દીવાલોની વચ્ચે અપાતા શિક્ષણને બદલે ક્ષેત્ર મુલાકાત, મુક્ત અભિવ્યક્તિ, કુદરતી વિહાર તથા જીવનશૈલીઓને શીખવવા પર ભાર મૂક્યો હતો.

સ્વામી વિવેકાનંદે શિક્ષણને શરીર અને આત્માના સર્વાંગી વિકાસ માટેની પ્રક્રિયા ગણાવે છે ત્યારે સ્વઓળખ પર ભાર મૂકવાના તેમણે નોંધપાત્ર કારણો આપ્યાં છે. એટલે જ તેઓ કહે છે કે, શિક્ષણ એ મનુષ્યમાં પહેલેથી જ છુપાયેલી સાચી પૂર્ણતાની અભિવ્યક્તિ કે પ્રગટીકરણ છે.

મહાત્મા ગાંધીએ બુનિયાદી કેળવણી દ્વારા શિક્ષણને સામાજિક વ્યવસ્થામાં રહેલા અન્યાય, હિંસા અને અસમાનતા પ્રત્યે જાગૃત બનાવવાના સાધન તરીકે જોયું હતું. તેમણે હૈયું, મસ્તક અને હાથ માટેનું શિક્ષણ સ્થાનિક અનુભવો અને સ્થાનિક સંસાધન તરીકે શિક્ષકની મુક્તતા પર ભાર આપ્યો હતો.

શ્રી અરવિંદ શિક્ષણને અખંડ સ્વરૂપે જોતા હતા. બાળકના વિકાસને માત્ર જ્ઞાનાત્મક નહીં પરંતુ શારીરિક, પ્રાણિક, માનસિક, ભૌતિક અને આધ્યાત્મિક આનંદ સુધી લઈ જવાની વાત કરતા હતા.

જે. કૃષ્ણમૂર્તિ શિક્ષણને સ્વતંત્રતા, પ્રેમ, સદાચારની કેળવણી અને સમાજમાં સંપૂર્ણ પરિવર્તન લાવવાનું સાધન છે એવું કહેતા. તેઓ માનસિક અને આત્માની ગહન સ્વતંત્રતાના હિમાયતી હતા.

**ભારતમાં પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો વિકાસ**

ભારતમાં દાયકાઓથી પ્રારંભિક બાળપણ અને શિક્ષણનું વિશિષ્ટ મહત્ત્વ રહ્યું છે. પરંપરાગત રીતે આ શિક્ષણનું કેન્દ્ર કુટુંબ હતું. જેમાં બાળકોને મૂલ્ય અને સામાજિક કૌશલો શીખવવામાં આવતાં. સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ આવેલાં પરિવર્તનોની સાથે ભારતમાં પ્રારંભિક બાળ-શિક્ષણનું ઓપચારિક સ્વરૂપ શરૂ થયું. આધુનિક ભારતમાં બાળશિક્ષણના પ્રવર્તક તરીકે શ્રી ગિજુભાઈ બધેકા અને તારાબેન મોડકને ગણાવી શકાય. તેમણે બાળકોની સાર સંભાળ અને બાળકેન્દ્રીય અભિગમનું અમલીકરણ કરીને માતૃભાષામાં ઘનિષ્ઠતમ શૈક્ષણિક અનુભવો આપવાની શરૂઆત કરી. આ અનુભવો અભિવ્યક્તિ અને કૌશલ્ય આધારિત હતા. બાળકને મુક્તપણે ભાવનાત્મક, સામાજિક અભિવ્યક્તિ દ્વારા પ્રવૃત્તિમય શિક્ષણ આપવાની શરૂઆત તેમણે કરી હતી. ગિજુભાઈએ 1916માં પહેલીવાર સ્વદેશી પૂર્વ શાળાની સ્થાપના કરી હતી. જ્યારે તારાબહેન મોડકે 1925માં નૂતન બાલ શિક્ષણ સંઘની સ્થાપના કરી હતી.

**સ્વતંત્ર ભારતમાં પ્રારંભિક શિક્ષણ અને સંકલિત બાળવિકાસ યોજના**

ભારતના બંધારણમાં બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની જોગવાઈ ઉપરાંત બાળકોના કલ્યાણ અને વિકાસને લગતા ઘણા મૂળભૂત

અધિકારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડની યોજના હેઠળ ગ્રામિણ વિસ્તારોમાં બાલવાડીની સ્થાપનાને સમર્થન મળ્યું હતું. 1963-64 માં બાળસંભાળ સમિતિ દ્વારા ઘણી જોગવાઈઓ અને ભલામણો કરવામાં આવી. કોઠારી કમિશને દેશમાં પૂર્વ શાળાકેન્દ્રો સ્થાપવાની ભલામણ કરી હતી. જેના આધારે શિક્ષણ અંગેની રાષ્ટ્રીય નીતિ અને રાષ્ટ્રીય ચિલ્ડ્રન્સ બોર્ડની સ્થાપના પણ કરવામાં આવી હતી.

આઈ.સી.ડી.એસ હેઠળની આંગણવાડીઓ છ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો, માતાઓ, કિશોરોને આરોગ્ય-શિક્ષણ અને પોષણની સુવિધાઓ પૂરી પાડે છે. જેમાં ખાસ કરીને પૂર્વ શાળાશિક્ષણ, પૂરક પોષણ, આરોગ્ય-શિક્ષણ, રસીકરણ અને આરોગ્ય તપાસ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. નૂતન કાર્યક્રમને પહોંચી વળવા તથા અસરકારક અમલીકરણ માટે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ અને નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક કો-ઓપરેશન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટએ અનેક સંશોધન પ્રોજેક્ટ શરૂ કર્યા. શિક્ષકો માટે પૂર્વસેવા અને સેવાકાલીન તાલીમ આપવા માટે સહાયક પ્રણાલીઓની શરૂઆત કરવામાં આવી. સૌથી તાજેતરનું પરિવર્તન રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 રહ્યું છે. જેમાં 0 થી 8 વર્ષનાં બાળકો માટે ફાઉન્ડેશનલ સ્ટેજ અંતર્ગત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

## વિશ્વના સંદર્ભે પ્રારંભિક બાળશિક્ષણમાં અધ્યયન અધ્યાપન

સમગ્ર વિશ્વમાં રૂસો, ફ્રોબેલ, જહોન ડ્યુઇ અને મેડમ મોન્ટેસરી જેવા વિચારકોએ પ્રારંભિક બાળ શિક્ષણની ચળવળ ચલાવી હતી. જહોન ડ્યુઈએ શીખવાની અદ્ભુત તકો જે રોજિંદા અનુભવો પ્રદાન કરે છે તેના પર ભાર મૂક્યો છે. તેઓ માનતા હતા કે, બાળકને પોતાની પ્રવૃત્તિ રુચિ અનુરૂપ હોવી જોઈએ. તેઓ માનતા હતા કે ક્રિયા અને પ્રત્યક્ષ નિરીક્ષણ એ બાળકોને શિક્ષિત કરવાની શ્રેષ્ઠ રીત છે.

વિકાસલક્ષી મનોવિજ્ઞાનના વિદ્વાનો જેમ કે; આજે બૃનર, વિગોત્સગી અને ગાર્ડનરના સંશોધનનાં આધારો રમત અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે. તે બાળકોને બહુવિધ સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં જીવનના અનુભવ આધારિત શીખવવાની શરૂઆત શાળામાં કરવી જોઈએ.

પિયાજેએ ખૂબ જ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બાળકો તેમના અનુભવોને આત્મસાત કરીને અને પછી તેમને તેમની પોતાની સમજમાં સમાવીને જ્ઞાનનું નિર્માણ કરે છે. બાળકો ધારણાઓ અને અનુભવોને સમજવા માટે સતત નવી માહિતીને સમાયોજિત કરે છે અને તેનો ઉપયોગ કરે છે.

બ્રુનરે જણાવ્યું હતું કે બાળકોએ તેમની સ્મૃતિમાં માહિતી અને જ્ઞાનને અલગ અલગ પરંતુ પરસ્પર સંબંધિત રીતે રજૂ કરવું જોઈએ. એટલે કે ક્રિયા આધારિત, છબી આધારિત, ભાષા કે પ્રતીક આધારિત.

આ બધા વિદ્વાનોના વિચારોએ અભ્યાસક્રમ, સામગ્રીની રચના કરવા સંવેદનાત્મક અને વ્યવહારિક પ્રવૃત્તિઓના નિર્માણ માટે પથ ખોલવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી. ભારતીય કેળવણીકારોએ પણ બાળકો વિશેનાં અવલોકનો અને રુચિના આધારે વિવિધ અધ્યયન અધ્યાપન સામગ્રી સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ માટેનું માર્ગદર્શન આપ્યું. પરિણામે પ્રારંભિક શિક્ષણમાં અન્વેષણ અને રમત, કલા, કવિતા અને બાળકની સક્રિય ભાગીદારી આધારિત વર્ગખંડનાં તત્ત્વોનો સમાવેશ કરવામાં આવ્યો.

## NEP 2020ની કલ્પનાદૃષ્ટિ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 એવી શિક્ષણ પ્રણાલીની કલ્પના કરે છે કે, જેનાં મૂળ ભારતીય નૈતિકતામાં રહેલાં છે. જે ઇન્ડિયાને ભારતમાં પરિવર્તિત કરવામાં સીધો ફાળો આપે છે. એકસમાન અને ગતિશીલ જ્ઞાન કે જે સમાજમાં ટકાઉ અને ઉચ્ચ-ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરીને ભારતને વૈશ્વિક જ્ઞાનની મહાસત્તા બનાવે છે.

નીતિ એવી કલ્પના કરે છે કે, આપણી સંસ્થાઓના અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રે વિદ્યાર્થીઓમાં મૂળભૂત ફરજો અને બંધારણીય મૂલ્યો પ્રત્યે આદરની ઊંડી ભાવના, પોતાના દેશ સાથે અનુબંધ અને પરિવર્તિત દુનિયામાં વ્યક્તિની ભૂમિકાઓ અને જવાબદારીઓ પ્રત્યે સભાન જાગૃતિ વિકસાવવી જોઈએ.

નીતિની દૃષ્ટિ એ છે કે અધ્યેતાઓમાં ભારતીય હોવાનો ગર્વ જગાડવો. માત્ર વિચારમાં જ નહીં પરંતુ ભાવના, બુદ્ધિ અને કાર્યોમાં પણ તેમજ જ્ઞાન, કૌશલ્ય, મૂલ્યો અને સ્વભાવ વિકસાવવા માટે માનવાધિકાર, સંપોષણીય વિકાસ અને જીવનનિર્વાહ, જેનાથી ખરેખર વૈશ્વિક નાગરિક પ્રતિબિંબિત થાય છે.

**NEP 2020 - પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ માટેનાં વિશિષ્ટ લક્ષ્યો**

શક્ય તેટલી વહેલી તકે ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળપણ વિકાસ, સંભાળ અને શિક્ષણની સાર્વત્રિક જોગવાઈ પ્રાપ્ત કરવી. (NEP 2020, પેરા 1.1) જ્ઞાનભંડોળ, તમામ બાળકો દ્વારા આ પાસાઓમાં શ્રેષ્ઠ નિષ્પત્તિ માટે શારીરિક અને ગત્યાત્મક વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ, સામાજિક-ભાવાત્મક-નૈતિક વિકાસ, સાંસ્કૃતિક/કલાત્મક વિકાસ, પ્રત્યાયન અને પ્રારંભિક ભાષાનો વિકાસ, સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનો વિકાસને મહત્ત્વ આપવું.

લવચીક, બહુપક્ષીય, બહુ-સ્તરીય, રમત-આધારિત, પ્રવૃત્તિ-આધારિત અને પૂછપરછ-આધારિત શિક્ષણનું સંસ્થાકીયકરણ જેમાં ભાષાઓ, સંખ્યાઓ, ગણતરી, રંગો, આકાર, ઈન્ડોર અને આઉટડોર રમત, કોયડાઓ અને તાર્કિક વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ, ચિત્ર, ચિત્રકામ અને અન્ય વિઝ્યુલ આર્ટ, હસ્તકલા, નાટક અને કઠપૂતળી, સંગીત અને હલનચલન ઉપરાંત સામાજિક ક્ષમતાઓ, સંવેદનશીલતા, સારું વર્તન, વિનય-વિવેક, નૈતિકતા, વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા, જૂથ કાર્ય અને સહકાર વિકસાવવા પર ધ્યાન કેંદ્રિત કરે છે. (NEP 2020, પેરા 1.2)

NEP 2020 જણાવે છે કે પાયાનો તબક્કો 3 વર્ષની ઉંમરે શરૂ થાય છે અને 8 વર્ષની ઉંમરે સમાપ્ત થાય છે. એટલે કે પૂર્વશાળાથી ધોરણ - 2 સુધીનાં પાંચ વર્ષનો અભ્યાસ. તેથી, બાળકોએ 6 વર્ષની ઉંમરે ધોરણ-1 શરૂ કરવું જોઈએ. આ પ્રમાણે ગુજરાતમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

**NEP 2020 પર આધારિત પાયાના તબક્કા માટે માર્ગદર્શક સિદ્ધાંતો :**

દરેક બાળક જન્મના સંજોગો કે પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના શીખવા માટે સક્ષમ છે. દરેક બાળક અલગ છે અને તેમની પોતાની ગતિએ વધે છે, શીખે છે અને વિકાસ કરે છે. બાળકો મહાન અવલોકન કૌશલ્ય ધરાવતા કુદરતી સંશોધકો છે. તેઓ તેમના પોતાના શીખવાના અનુભવોના નિર્માણકર્તા છે અને વિવિધ રજૂઆતો દ્વારા લાગણીઓ અને વિચારો વ્યક્ત કરે છે. બાળકો સામાજિક જીવો છે; તેઓ નિરીક્ષણ, અનુકરણ અને સહયોગ દ્વારા શીખે છે. બાળકો નક્કર અનુભવો દ્વારા, તેમની ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને અને પર્યાવરણ પર કાર્ય કરીને શીખે છે.

પ્રત્યેક માતાપિતા તથા શિક્ષકોએ બાળકોના અનુભવો અને શીખવાની રીતો સ્વીકારવી જોઈએ અને તેનો સમાવેશ કરવો જોઈએ. બાળકો જ્યારે આદર, મૂલ્યો અને શીખવાની પ્રક્રિયામાં સંપૂર્ણ રીતે સામેલ કરવામાં આવે છે ત્યારે તેઓ શ્રેષ્ઠ શીખે છે. રમત અને પ્રવૃત્તિ એ બાળકો માટે વાતાવરણનો અનુભવ, અન્વેષણ અને પ્રયોગ કરવાની સતત તકો સાથે શીખવાની અને વિકાસની પ્રાથમિક રીતો છે.

બાળકોએ એવી સામગ્રી, પ્રવૃત્તિઓ અને વાતાવરણ સાથે જોડાવું જોઈએ જે વિકાસ અને સાંસ્કૃતિક રીતે યોગ્ય હોય અને સંકલ્પનાત્મક સમજ અને સમસ્યાનું નિરાકરણ વિકસાવે. બાળકોના અનુભવોમાંથી સામગ્રી તૈયાર કરવી જોઈએ. સામગ્રીની નવીનતા અથવા તેના પડકારો બાળકોના પરિચિત અનુભવો પર આધારિત હોવા જોઈએ.

સામગ્રી બાળકોની વિકાસલક્ષી જરૂરિયાતોને અનુરૂપ હોવી જોઈએ અને કલ્પનાશક્તિ, વાર્તાકથન, કલા, સંગીત અને નાટક માટે ઘણી તકો પૂરી પાડવી જોઈએ. વિષયવસ્તુમાં લિંગ, જાતિ, વર્ગ અને અપંગતા જેવા મુદ્દાઓમાં સમાનતા પર ભાર મૂકવો જોઈએ. શિક્ષકોએ બાળકોના અધ્યયનની સરળતા અને મધ્યસ્થી કરવી જોઈએ. ખુલ્લા પ્રશ્નો પૂછીને, સંશોધનને સક્ષમ કરીને સહાય પ્રદાન કરવી જોઈએ. કુટુંબ અને સમુદાય આ પ્રક્રિયામાં ભાગીદાર છે અને ઘણી બધી રીતે સામેલ છે.

**NEP પ્રાથમિકતાઓ પર વર્તમાન મુખ્ય પહેલ**

નિપુણ ભારત 2021માં શરૂ કરાયેલ. NIPUN (સમજણ સાથે વાંચન અને સંખ્યાજ્ઞાનમાં નિપુણતા માટે રાષ્ટ્રીય પહેલ) ભારત એ NEP 2020 દ્વારા નિર્દેશિત દેશમાં પાયાના સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN)ના લક્ષ્યો હાંસલ કરવા માટેનું રાષ્ટ્રીય મિશન છે. ધોરણ - 3 સુધી દેશનાં તમામ બાળકો માટે 2026-27 સુધીમાં NIPUN ભારત FLN હાંસલ કરવાનો હેતુ ધરાવે છે.

વિદ્યાપ્રવેશ એ NEP 2020માં જે બાબતો પર ભાર આપે છે તેના આધારિત તમામ બાળકો માટે FLNનાં લક્ષ્યોની પ્રાપ્તિ પર ભાર મૂકે છે. નીતિ એ ચિંતા વ્યક્ત કરે છે કે આપણે હજી ECCE ના સંબંધમાં સાર્વત્રિક પ્રવેશના લક્ષ્યને પ્રાપ્ત કરવાનું બાકી હોવાથી, બાળકોનો અધિકાંશ ભાગ ધોરણ 1 ના પહેલા થોડાં અઠવાડિયામાં જ પાછળ રહી ગયો છે. અધ્યયનમાં આ અંતરને દૂર કરવામાં મદદ કરવા માટે, વચગાળાના પગલા તરીકે ત્રણ મહિનાનું, રમત-આધારિત શાળા તૈયારી મોડ્યુલની દરખાસ્ત કરવામાં આવી છે.

બાલવાટિકા NEP 2020 જણાવે છે કે 5 વર્ષની ઉંમર પહેલાં દરેક બાળક એક 'પ્રિપેરેટરી ક્લાસ' અથવા 'બાલવાટિકા' (એટલે કે ધોરણ 1 પહેલાનું છે) માં જશે જેમાં ECCEની યોગ્યતા ધરાવતા શિક્ષક હશે (NEP 2020 પેરા 1.6). બાલવાટિકા કાર્યક્રમને ધોરણ - 1 પહેલાના એક વર્ષના કાર્યક્રમના સંદર્ભમાં પરિકલ્પના કરવામાં આવી છે, જેનો હેતુ બાળકોની જ્ઞાનાત્મક અને ભાષાકીય ક્ષમતાઓનો વિકાસ કરવાનો છે. આ માટે રમત-આધારિત અભિગમ દ્વારા વાંચન, લેખન અને ગણનની સમજ વિકસાવવા માટેની પૂર્વશરત છે. NCERT એ બાલવાટિકા સહિત પૂર્વશાળાનાં ત્રણ વર્ષ માટે માર્ગદર્શિકા અને પ્રક્રિયાઓ વિકસાવી છે.

**બાળકો પાયાના તબક્કે કેવી રીતે શીખે છે ?**

બાળકો કુદરતી રીતે શીખે છે. તેઓ સક્રિય, શીખવા માટે આતુર અને નવી વસ્તુઓને જાણવા સમજવા રસ સાથે પ્રતિક્રિયા આપે છે. તેઓ જન્મજાત જિજ્ઞાસા ધરાવે છે - તેઓ આશ્ચર્ય કરે છે, પ્રશ્ન કરે છે, અન્વેષણ કરે છે, પ્રયાસ કરે છે અને વિશ્વને સમજવા માટે શોધ કરે છે. તે પોતાની જિજ્ઞાસા પર કાર્ય કરીને, વધુ શોધવા અને શીખવાનું ચાલુ રાખે છે.

બાળકો રમત દ્વારા પ્રવૃત્તિ અને કાર્ય દ્વારા શ્રેષ્ઠ શીખે છે. તેમને દોડવું, કૂદવું, પેટે ચાલવું અને સંતુલન કરવું ગમે છે, તેઓ પુનરાવર્તનનો આનંદ માણે છે, તેઓ લય માટે કુદરતી પ્રતિસાદ આપે છે, તેઓ વાત કરે છે, પૂછે છે અને તર્ક આપે છે અને પુછાયેલા પ્રશ્નોના જવાબ આપે છે. તેઓ કુશળ વ્યવહાર, અન્વેષણ અને પ્રયોગો સાથે સંકળાયેલા પ્રત્યક્ષ અનુભવો દ્વારા શીખે છે.

કોઈપણ સામગ્રી, મંતવ્યો, વિચારો અને લાગણીઓ સાથેની તેમની રમત અથવા મોજ બાળકોની સર્જનાત્મકતા, વિચારોમાં લવચિકતા અને સમસ્યાઓનો ઉકેલ કરવામાં મદદ કરે છે. અને તેમની એકાગ્રતા, ધ્યાન અને ખંત વધારે છે. બાળકો રમત દ્વારા તેમની વિચારસરણી, શબ્દભંડોળ, કલ્પના, બોલવાની અને સાંભળવાની કૂશળતા વધારે છે, પછી ભલે તેઓ વાસ્તવિક સ્થિતિની પુનઃ નિર્માણ કરતા હોય અથવા કાલ્પનિક વિશ્વનું સર્જન કરતા હોય.

તેથી આ તબક્કે શીખવુ એ એક સક્રિય અને પારસ્પરિક અસર કરનારી પ્રક્રિયા છે, જેમાં બાળકો રમત દ્વારા, અન્ય બાળકો અને વધુ અનુભવી અન્ય લોકો સાથે ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા શીખે છે. બાળકો તેમના સામાજિક અને સાંસ્કૃતિક અનુભવોમાં સક્રિય રીતે પ્રવૃત્ત હોય છે

અને તેમની ધારણા અને અનુભવોને સમજવા માટે સતત નવી માહિતીને સમાયોજીત કરી તેનો ઉપયોગ કરે છે.

બાળકોની રમત અને ઉમળકાભેર મોજને અન્ય લોકો સાથેની સક્રિય સહભાગિતાના અનુભવો દ્વારા પોષિત અને શક્તિશાળી બનાવી શકાય છે. આ સાથે કુદરતી અને વાસ્તવિક-વિશ્વ સામગ્રીઓ દ્વારા બાળકની કલ્પના, સર્જનાત્મકતા, નવીનતા, અધ્યયન અને સમસ્યાનું નિરાકરણ વધુ સારી રીતે કરી શકાય છે.

અહીંયા એ અતિઆવશ્યક છે કે આ તબક્કે બાળકોનું શિક્ષણ તેમની આસપાસના લોકો સાથેના સંબંધોને પોષવાથી થાય છે. આ સંબંધો બાળકોને જ્ઞાનીભૂતિ કરવામાં, વધુ આશાવાદી, જિજ્ઞાસુ અને વાતચીત કરવામાં મદદ કરે છે.

**રમતનું મહત્ત્વ**

રમવું એ બાળકનું કાર્ય છે. તેના સ્વભાવ પ્રમાણે રમવું એ કંઈક એવું છે જે નાનાં બાળકો કરવાનું પસંદ કરે છે અને તેમાં સક્રિયપણે જોડાય છે. આપણે કહી શકીએ કે રમવું અને શીખવું એ દ્વિમાર્ગી પરસ્પર પ્રક્રિયા છે. રમત બાળકોને સક્રિય, પ્રવૃત્ત, અન્ય વયસ્કો અને બાળકો સાથે સામાજિક ક્રિયાપ્રતિક્રિયામાં સામેલ રહેવાની તક આપીને શીખવા માટેની મંજૂરી આપે છે, આમ શીખવા માટેની તમામ જરૂરી શરતોને પૂર્ણ કરે છે. જ્યારે આપણે રમતમાં વ્યસ્ત બાળકોનું અવલોકન કરીએ છીએ, ત્યારે રમતમાં બાળકને પસંદગીની તક છે. આશ્ચર્ય છે અને આનંદ છે.

**રમત દ્વારા અધ્યયન**

આ NCF અભ્યાસક્રમ - સંસ્થા, અધ્યાપનશાસ્ત્ર, સમય અને વિષયવસ્તુ સંયોજન અને બાળકના સમગ્ર અનુભવ માટે વૈચારિક, કાર્યકારી અને વ્યાવહારિક અભિગમોના મૂળમાં ‘રમત’ ના મહત્ત્વ પર ભાર મૂકે છે. ECCE ના સંદર્ભમાં ‘પ્લે’ શબ્દમાં બાળક માટે મનોરંજક અને આકર્ષક હોય તેવી તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. બાળકને રમતમાં સામેલ કરીને, કલા-સંગીત-રમત આધારિત શિક્ષણ સાથે વાર્તા, કવિતા અને રમકડાઓ દ્વારા શિક્ષણ આપી શકાય છે.

**કુટુંબ અને સમુદાયનું મહત્ત્વ**

ભારતમાં મોટા ભાગનાં બાળકો પરિવારની અંદર અને તેની આસપાસના લોકોથી ઘેરાયેલા હોય છે. માતા-પિતા બાળકના ઉછેરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, બાળકોને ઉછેરવામાં મોટા ભાગે દાદા-દાદી, પડોશીઓ અને નજીકના સમુદાયનાં અન્ય લોકોનો સહિયારો અનુભવ હોય છે. આ સમયગાળા દરમિયાન મુખ્ય પ્રભાવ કુટુંબનો ખાસ કરીને એવા સંબંધો છે કે જે પર્યાપ્ત પોષણ, સામાજિક સહભાગિતા અને ભાવનાત્મક સમર્થનની ખાતરી આપે છે તેનો હોય છે.

**સ્થાનિક અને ભારતીય સંદર્ભની કેન્દ્રિયતા અને સંસ્થાકીય વિવિધતા**

મોટા ભાગનાં બાળકો વાર્તાઓ, ગીતો, રમતો, ખોરાક, ધાર્મિક વિધિઓ અને તહેવારો સાથે મોટાં થાય છે, જે તેમના પરિવાર અને સમુદાય માટે ખાસ પહેરવેશ અથવા કામ કરવાની અથવા મુસાફરી અથવા જીવન જીવવાની સ્થાનિક રીતો છે તે તેમના રોજિંદા જીવનનું અભિન્ન અંગ છે. બાળકોના પરિવારો અને સમુદાયોના વિવિધ અનુભવોને વર્ગખંડમાં સ્થાન મળે તે માટે શિક્ષણ અને અધ્યયનના સમકાલીન વિચારો અભ્યાસક્રમનો ભાગ હોવા જોઈએ તે મહત્ત્વપૂર્ણ છે. સ્થાનિક વાર્તાઓ, ગીતો, ખોરાક, કપડાં, કલા, સંગીત અને નૃત્ય એ શાળામાં બાળકોના શીખવાના અનુભવોનો અભિન્ન ભાગ હોવો જોઈએ.

સંસ્થાકીય માળખું બાળકને પરંપરાગત ડહાપણ, સંશોધન-આધારિત જ્ઞાન, વ્યવહારુ અનુભવ અને સ્થાનિક સંદર્ભને એકસાથે જોડે છે, જેથી બાળકો માટે આજીવન શિક્ષણ માટે સશક્ત મૂળ ઉછેરવા માટે શીખવાની તકોની રચના અને અમલીકરણ થાય છે. પાયાના તબક્કામાં બાળકો હાલમાં વિવિધ સંસ્થાકીય વાતાવરણમાં શીખે છે.

શાળા એ એક સમર્થ સંસ્થા તરીકે બાળકના વિકાસ માટે પૂર્વ આયોજન કરવું અનિવાર્ય બની જાય છે અને આ આયોજન બાળકના ભવિષ્ય માટે લાભદાયી બની રહે છે.

# પ્રકરણ - 2
# શિશુ શિક્ષણના ધ્યેયો, યોગ્યતાઓ અને શીખવાના પરીણામો



- ડૉ. ધર્માંશુ વૈદ્ય
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૨૬૫૦૪૯૩૩૫

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું એક વિશિષ્ટ દસ્તાવેજ છે, જે સમગ્ર વિશ્વમાંથી બહુવિધ વિદ્યાશાખાઓમાં થયેલાં અદ્યતન સંશોધન પર આધારિત છે. આ સંશોધનોમાં ન્યુરોસાયન્સ, બ્રેઈન સ્ટડીઝ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આ દસ્તાવેજમાં પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણમાંથી પ્રાપ્ત આંતરદૃષ્ટિ અને વિવિધ ભારતીય પરંપરાઓમાં રહેલું ડહાપણ અને જ્ઞાન પણ વિશિષ્ટ સ્થાન પામ્યું છે. NEP 2020 માં દર્શાવ્યા મુજબ, બાળકનું અનુભવવિશ્વ રચાય અને બાળકના મનોજગતમાં ઉત્તમ વિચારો રોપાય તેવો શૈક્ષણિક માહોલ રચવાનો રોડમેપ આ માળખામાં ઉપલબ્ધ કરવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં શિક્ષણના ઉદ્દેશ્યો, અભ્યાસક્રમનાં ધ્યેયો, યોગ્યતાઓ, અધ્યયન નિષ્પત્તિ વગેરે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની બૃહદ ચર્ચા કરવામાં આવી છે. આ દરેકનું અનન્ય મહત્ત્વ છે. કેમ કે આ સ્તરે શિક્ષણનું ધ્યેય એ શૈક્ષિક દર્શનનો માર્ગ છે, જે શૈક્ષણિક પ્રણાલીઓને યોગ્ય દિશા આપે છે. આ ધ્યેયમાં અભ્યાસક્રમ વિકાસ, સંસ્થાકીય વ્યવસ્થા, ભંડોળ અને ધિરાણ, લોકોની કાર્યદક્ષતા વગેરે બાબતો પર વિચાર કરવામાં આવ્યો છે. આ સાથે જ શિક્ષણના ઉદેશ્યો સામાન્ય રીતે શિક્ષણ નીતિના દસ્તાવેજોમાં દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જણાવે છે કે ''શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ્ય તર્કસંગત વિચાર અને ક્રિયા માટે સક્ષમ, કરુણા અને સહાનુભૂતિ, હિંમત અને સ્થિતિસ્થાપકતા, વૈજ્ઞાનિક સ્વભાવ અને સર્જનાત્મક કલ્પના, યોગ્ય નૈતિક ધોરણો અને મૂલ્યો ધરાવતા સારા મનુષ્યોનો વિકાસ કરવાનો છે. તેનો ઉદ્દેશ્ય આપણા બંધારણ દ્વારા પરિકલ્પિત સમાન, સર્વસમાવેશક અને વૈવિધ્યપૂર્ણ સમાજના નિર્માણના યજ્ઞમાં કાર્યાન્વિત નિષ્ઠાવાન નાગરિકોનું નિર્માણ કરવાનો છે.''

પછીના ક્રમે, અભ્યાસક્રમનાં ધ્યેયો આવે છે. આ એવાં વિધાનો છે જે અભ્યાસક્રમના વિકાસ અને અમલીકરણને દિશા આપે છે. આ વિધાનોનું મૂળ શૈક્ષણિક ધ્યેયમાં જ રહેલું છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું જે તમામ અભ્યાસક્રમના વિકાસને માર્ગદર્શન આપે છે તે અભ્યાસક્રમના ધ્યેયો જણાવે છે. ઉદાહરણ તરીકે, આ રાષ્ટ્રીય શૈક્ષણિક માળખામાં ''બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયાઓ માટે અસરકારક સંચાર કૌશલ્ય વિકસાવે છે' એ પાયાના તબક્કા માટે અભ્યાસક્રમીય ધ્યેય છે. આ સાથે તેમાં યોગ્યતાઓ એ શીખવાની સિદ્ધિઓ છે જે અવલોકનક્ષમ છે અને તેનું વ્યવસ્થિત મૂલ્યાંકન કરી શકાય છે. આ યોગ્યતાઓ અભ્યાસક્રમના લક્ષ્યોમાંથી મેળવવામાં આવે છે અને તબક્કાના અંત સુધીમાં પ્રાપ્ત થવાની અપેક્ષા રાખવામાં આવે છે. અભ્યાસક્રમ માળખામાં યોગ્યતાઓ દર્શાવવામાં આવી છે.

આ સાથે સમયાંતરે બાળકમાં વિવિધ ક્ષમતાઓનો સંચાર થાય છે કે કેમ તે પણ આ પ્રકરણમાં ચર્ચવામાં આવ્યું છે. અધ્યયન સિદ્ધિઓની પ્રાપ્તિ યોગ્ય થઈ છે કે નહીં તે તપાસવા માટે વચગાળાના માપદંડોની જરૂર પડે છે. જેથી શિક્ષકો શીખવાનું અવલોકન કરી શકે અને તેની પર નજર રાખી શકે અને અધ્યયનકર્તાની જરૂરિયાતો સતત પ્રતિભાવ આપી શકે. આ વચગાળાના માપદંડો અધ્યયન નિષ્પત્તિ છે. આમ, અધ્યયન નિષ્પત્તિ એ અધ્યયન કાર્યનાં સીમાચિહ્નો છે અને સામાન્ય રીતે એક ચોક્કસ દિશામાં પ્રગતિ થાય છે

જે યોગ્યતાની પ્રાપ્તિ તરફ દોરી જાય છે. અધ્યયન નિષ્પત્તિ શિક્ષકોને તેમની સામગ્રી, શિક્ષણશાસ્ત્ર અને ચોક્કસ ક્ષમતાઓ હાંસલ કરવા માટે મૂલ્યાંકનનું આયોજન કરવા સક્ષમ બનાવે છે. અભ્યાસક્રમના વિકાસકર્તાઓ અને શિક્ષકો પાસે વર્ગખંડમાં અભ્યાસકીય ક્ષમતાઓ સાથે અનુસંધાન સાધીને યોગ્ય અધ્યયન નિષ્પત્તિ વ્યાખ્યાયિત કરવાની સ્વાયત્તતા હોવી જોઈએ.

આમ જોઈએ તો NEP 2020 દ્વારા જ પાયાના તબક્કા માટે ઇચ્છિત શૈક્ષણિક સિદ્ધિઓને દિશા મળી રહે છે. માટે જ NCFના પાયાના તબક્કા માટે અભ્યાસક્રમના લક્ષ્યો સુધી પહોંચવા માટે NEP 2020 ના ત્રણ વિશિષ્ટ રસ્તાઓ સ્વીકારવામાં આવ્યા છે, જેમાં શિક્ષણના વ્યાપક ઉદેશો અને તપાસની ભારતીય પરંપરાઓને આધુનિક વિજ્ઞાન સાથે  જોડીને વિકાસના ક્ષેત્રોની કલ્પના કરવામાં આવી છે. આ ઉપરાંત તેમાં પાયાની સાક્ષરતા અને ગણન પણ વિશિષ્ટ ધ્યાન આપવામાં આવ્યું છે. આ તબક્કા માટે અભ્યાસક્રમનાં લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે તે મહત્વપૂર્ણ સ્રોત છે. ફાઉન્ડેશનલ સ્ટેજ 3 થી 8 વર્ષની વયનાં બાળકો માટે છે. ભારતમાં અને અન્ય સંસ્કૃતિઓમાં વિકાસના વિવિધ ક્ષેત્રોમાં સંશોધનની લાંબી પરંપરા રહી છે.

તૈત્તિરીય ઉપનિષદમાં ‘પંચકોષનું વર્ણન’એ મનુષ્યવિકાસના વિવિધ ક્ષેત્રોના પ્રારંભિક શબ્દોમાંનું એક છે. આ વર્ણનો વધુ આધુનિક સમજણ સાથે સુસંગત રહે છે જે વિકાસલક્ષી જીવવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને ન્યુરોસાયન્સમાં પણ ઊભરી આવી છે. શારીરિક વિકાસ, અથવા ‘અન્નમયકોશ’ અને ‘પ્રાણમયકોશ’ એકસાથે સમજાય છે, તેમાં શારીરિક જાગૃતિ અને તમામ સંવેદનાત્મક ધારણાઓના સક્રિય જોડાણ દ્વારા મૂર્ત શિક્ષણનો સમાવેશ થાય છે. ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ અથવા ‘મનોમયકોશ’માં આપણી લાગણીઓ પ્રત્યે જાગૃત કરવું સામેલ છે. આમ ભારતીય પરંપરાઓ અને વર્તમાન સંશોધન બંનેમાંથી વિકાસના એક મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર તરીકે સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસનું ક્ષેત્ર ઊભરી આવે છે.

બુદ્ધિના વિકાસ, અથવા ‘વિજ્ઞાનમયકોશ‘માં, માનવ અનુભવના જ્ઞાનાત્મક અને સભાન પાસાઓ સાથે અર્થપૂર્ણ રીતે જોડાવા પર ભાર મૂકવામાં આવે છે. જ્ઞાનાત્મક વિકાસનું ક્ષેત્ર વિકાસના આ પાસાને મજબૂત કરે છે. ‘આનંદમયકોશ’ અથવા ગુણાતીતનો અનુભવ, કલા અને સંસ્કૃતિ દ્વારા આ વય જૂથ માટે શ્રેષ્ઠ રીતે સંબોધવામાં આવે છે. આમ, સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસના ક્ષેત્ર સહિત, શૈક્ષણિક અનુભવને સર્વગ્રાહી અને સંપૂર્ણ બનાવે છે. શિક્ષણની તાકીદની અને જરૂરી પૂર્વશરત તરીકે પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પર ભાર મૂક્યો છે. ભાષા અને સાક્ષરતા વિકાસ માટે પાયાની સાક્ષરતા પર વિશેષ ધ્યાન આપીને આ ભાર સાકાર કરવામાં આવ્યો છે. જ્ઞાનાત્મક વિકાસના ક્ષેત્રે સંખ્યાજ્ઞાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

છેલ્લે, ફાઉન્ડેશનલ સ્ટેજને ઔપચારિક શાળાકીય શિક્ષણનો પાયો સુનિશ્ચિત કરવાના માધ્યમ તરીકે પણ જોવામાં આવે છે. કેમ કે ઔપચારિક શાળાના વાતાવરણ માટે વધુ યોગ્ય એવી હકારાત્મક શીખવાની આદતોનો વિકાસ આ તબક્કા માટેનો બીજો મહત્ત્વપૂર્ણ અભ્યાસક્રમ ધ્યેય બની જાય છે.

NEP 2020ની દૃષ્ટિ અને વિગતો અને વિકાસના ક્ષેત્રોને સમાન રીતે ધ્યાનમાં રાખીને પાયાના તબક્કા માટેના અભ્યાસક્રમનાં લક્ષ્યો પ્રાપ્ત કરવામાં આવ્યાં છે. આ સંદર્ભમાં ચાર બાબતો મુખ્ય છે, જેમાં અભ્યાસક્રમનાં ધ્યેયો, પાયાના તબક્કા માટે યોગ્ય વર્તમાન સંશોધન સાહિત્ય, દેશમાં વિભિન્ન ભાગોમાં થયેલા શૈક્ષણિક પ્રયાસોનો અનુભવ અને શિક્ષકની ક્ષમતાનો સમાવેશ થાય છે. શાલેય શિક્ષણમાં આ તમામ હિસ્સેદારોને પ્રાપ્ત થવાની અપેક્ષા હોય તેવી યોગ્યતાઓની સ્પષ્ટ દશ્યતા હોવી જોઈએ. પાયાના તબક્કામાં દરેક બાળક માટે આ ક્ષમતાઓની પ્રાપ્તિમાં પ્રગતિની સતત દેખરેખ રાખવાથી શાળા પ્રણાલીઓ એ સુનિશ્ચિત કરી શકશે કે તમામ બાળકોને NCFના અભ્યાસક્રમ લક્ષ્યો સુધી પહોંચવા માટે યોગ્ય શિક્ષણની તકો પ્રાપ્ત થાય.

આ સાથે જ શીખવાનાં પરિણામો એ યોગ્યતાની પ્રાપ્તિ તરફ શીખવાની સિદ્ધિના વચગાળાના માપદંડો/માર્કર તરીકે વર્તે છે. તેને સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભોની વિશિષ્ટતાઓ, ઉપલબ્ધ સામગ્રી અને સંસાધનો તથા વર્ગખંડની આકસ્મિક પરિસ્થિતિઓના આધારે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. આ ઉપરાંત અભ્યાસક્રમમાં નૈતિકતા, નૈતિક જાગૃતિ અને તર્કના સમાવેશને પ્રત્યક્ષ અને પરોક્ષ પદ્ધતિઓ દ્વારા પ્રોત્સાહન આપી શકાય છે. આ પદ્ધતિમાં નૈતિકતા, નૈતિક જાગૃતિ અને તર્કને સંબોધવા માટે વિશિષ્ટ રીતે ડિઝાઈન કરવામાં આવેલ વર્ગખંડમાં પ્રવૃત્તિઓ, ચર્ચાઓ અને વાંચન હોઈ શકે છે. પરોક્ષ પદ્ધતિમાં ભાષાઓ અને સાહિત્યની સામગ્રી જેમાં ખાસ કરીને નૈતિક સિદ્ધાંતો અને મૂલ્યો સમાવતી જેમ કે- દેશભક્તિ, બલિદાન, અહિંસા, સત્ય, પ્રામાણિકતા, શાંતિ, સદાચારી આચરણ, ક્ષમા, સહનશીલતા, સહાનુભૂતિ, સહાયતા, સૌજન્ય, સ્વચ્છતા, સમાનતા અને બંધુત્વ જેવાં મૂલ્યોને સંબોધિત કરવાના હેતુથી-ચર્ચાને સમાવી શકાય. મૂળભૂત નૈતિક તર્કના પરિણામે, સેવા, અહિંસા, સ્વચ્છતા, સત્ય, નિષ્કામ કર્મ, પ્રામાણિક પરિશ્રમ, સ્ત્રીઓ માટે આદર, વડીલોનો આદર, તમામ લોકોનો (તેમની સહજ ક્ષમતાઓ, પૃષ્ઠભૂમિ કે પર્યાવરણ પ્રત્યેના આદરને ધ્યાનમાં લીધા વિના) આદર તથા પરંપરાગત ભારતીય મૂલ્યો દાખલ કરવામાં આવશે. વૈજ્ઞાનિક રીતે કહીએ તો, આ ગુણો સમાજ માટે અને તેમના માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. વિદ્યાર્થીઓમાં બંધારણીય મૂલ્યો અને તેમના અમલ માટેની ક્ષમતાઓ પણ વિકસાવવાની રહેશે.

આ ધ્યેય અભ્યાસક્રમ તેમજ દરેક શાળાની સંસ્કૃતિ અને પર્યાવરણને એકંદર મદદગાર થશે. આમાંના કેટલાક બંધારણીય મૂલ્યો છેઃ લોકશાહી દૃષ્ટિકોણ અને સ્વતંત્રતા તથા સ્વતંત્રતા માટેની પ્રતિબદ્ધતા; સમાનતા, ન્યાય અને વિવિધતાનો સ્વીકાર, માનવતા અને ભાઈચારાની ભાવના, સામાજિક જવાબદારી અને સેવાની ભાવના, પ્રામાણિકતા અને પ્રામાણિકતાનું નીતિશાસ્ત્ર તથા તર્કસંગત અને જાહેર સંવાદ માટે વૈજ્ઞાનિક સ્વભાવ અને પ્રતિબદ્ધતા. આ ઉપરાંત બંધારણીય માધ્યમ દ્વારા રાષ્ટ્રની એકતા અને અખંડિતતા; તથા એક રાષ્ટ્ર તરીકે સતત સુધારણા માટે આગળ દેખાતી સંભાવના સાથે ભારતનું સાચું મૂળ અને ગૌરવ. ઉપરોક્ત ધ્યેયોના સંદર્ભમાં તાજેતરનાં સંશોધનનું ચિત્ર અને રેખાંશ અભ્યાસ દર્શાવે છે કે સામાજિક-ભાવનાત્મક શિક્ષણ (SEL) નો પરિચય શાળાઓમાં જ્ઞાનાત્મક અને ભાવનાત્મક સ્થિતિ-સ્થાપકતામાં સુધારો કરી શકે છે અને પ્રોત્સાહન આપી શકે છે. વધુમાં તેનાથી રચનાત્મક સામાજિક જોડાણ પણ વધે છે. અધ્યયનમાં ટીમ અથવા જૂથોમાં કાર્ય અથવા પ્રવૃત્તિઓનાં ઉદાહરણો જે સામાજિક-ભાવનાત્મક વિકાસને પ્રેરિત કરે છે તેવાં કાર્યો હાથ ધરવાં, સમગ્ર રમતોનું આયોજન કરવું સામેલ છે. સામાજિક-ભાવનાત્મક કૌશલ્યોમાં સ્પષ્ટ તાલીમ, ઉચ્ચ સ્તરનું ધ્યાન અને ભાવનાત્મક અને જ્ઞાનાત્મક નિયમન સુનિશ્ચિત કરે તે જ જરૂરી નથી.

ભારતના સાહિત્ય અને લોકોના પ્રેરણાદાયી પાઠોને સમગ્ર અભ્યાસક્રમમાં સુસંગત રીતે સામેલ કરવા જોઈએ. આ ઉપરાંત દેશમાં પ્રચલિત વાર્તાઓનો લાંબો ઈતિહાસ અને પરંપરા છે જે આપણને મુખ્ય મૂલ્યો અને સામાજિક-ભાવનાત્મક કૌશલ્યો વિશે સુંદર રીતે શીખવે છે.

આ સાહિત્ય થકી બાળકોને વાંચવા અને શીખવાની તક આપવી જોઈએ. પંચતંત્ર, જાતકકથાઓ, હિતોપદેશ અને અન્ય મનોરંજક દંતકથાઓની મૂળ વાર્તાઓ અને પ્રેરણાદાયી ભારતીય પરંપરાની વાર્તાઓ દ્વારા બાળકને મૂલ્યશિક્ષણ સુપેરે આપી શકાય છે. આ ઉપરાંત ભારતીય બંધારણ અને તેનાં મૂલ્યો પર ચર્ચા સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વ કે જે તે વર્ગખંડની પ્રક્રિયાનો એક ભાગ હોવો જોઈએ. ઈતિહાસના મહાન ભારતીય નાયકોના જીવનની વાર્તાઓ પણ પ્રેરણા આપવાની એક ઉત્તમ રીત છે અને બાળકોમાં મુખ્ય મૂલ્યોનો પરિચય કરાવવામાં સહાયભૂત બની શકે છે.

ફાઉન્ડેશનલ સ્ટેજ માટે રાષ્ટ્રીય શૈક્ષણિક માળખામાં નૈતિકતા, મૂલ્યો અને શીખવાની અપેક્ષાઓ વિષયવસ્તુની પસંદગીમાં વર્ગખંડ પ્રક્રિયાઓના ભાગ રૂપે ગણવામાં આવી છે. વધુમાં, શિક્ષણશાસ્ત્રના અભિગમો અને મૂલ્યાંકન સાધનોની ચર્ચા પણ આ પ્રકરણમાં કરવામાં આવી છે. બાળકોમાં વિવિધ મૂલ્યોનો યોગ્ય વિકાસ સાધવા પ્રચલિત પ્રથાઓ વિષે પણ વાત કરવામાં આવી છે. બાળકો આ વિચારો અને પ્રથાઓ તો જ શ્રેષ્ઠ રીતે શીખે છે, જયારે તે અધ્યાપન-શિક્ષણ પ્રક્રિયા એક અભિન્ન ભાગ હોય. આમ,વિદ્યાર્થીઓને ચારિત્ર્ય ઘડતરમાં, સારા માનવી બનવામાં, યોગ્ય અને સુખી જીવન જીવવા અને સમાજમાં સકારાત્મક યોગદાન આપવામાં મદદ કરવા માટે શાળાના પ્રારંભમાં અને સમગ્ર વર્ષો દરમિયાન અભ્યાસક્રમમાં નૈતિકતાના ઘટકની રજૂઆત અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ પ્રકરણમાં સમગ્ર શાળાના અભ્યાસક્રમમાં 'મૂળભૂત નૈતિક તર્ક'નો સમાવેશ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

આ માટે વિદ્યાર્થીઓને નાની ઉંમરે 'જે યોગ્ય છે તે' કરવાના મહત્ત્વ વિશે વિચારવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, અને નૈતિક નિર્ણયો લેવા માટે તાર્કિક માળખું આપવું જોઈએ. ઉદાહરણ તરીકે 'આનાથી કોઈને દુઃખ થશે? શું એ સારી બાબત છે?' આ એવા પ્રશ્નો છે જે રોજિંદા વર્ગખંડની પ્રક્રિયાના ભાગ રૂપે નિર્ણય લેતા પહેલાં બાળકો જાતને પૂછે તે માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ. શિક્ષણના પછીના તબક્કામાં આ માળખું અન્ય વ્યાપક વિષયો સાથે વિસ્તરિત કરી શકાય છે, જેથી બાળકોને તેમના જીવનનું સંચાલન કરવામાં નૈતિક મૂલ્યોને સ્વીકારવામાં અને નૈતિકતાગ્રાહી દલીલ ઘડવામાં સક્ષમતા પ્રાપ્ત થાય.

આ સાથે જ સમયનું આયોજન પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત છે. નાનાં બાળકો તેમના તાત્કાલિક વાતાવરણમાં પોતાની જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને શોધખોળ કરવામાં મુક્ત સમયનો આનંદ માણે છે. જોકે, જેમ જેમ તેઓની ઉંમર વધે છે તેમ તેમને સંગઠિત પ્રવૃત્તિઓની પણ જરૂર હોય છે જે રમત-આધારિત પરંતુ માર્ગદર્શિત અને સંરચિત હોય. પરિણામે દિવસને કાળજીપૂર્વક ગોઠવવાની જરૂર છે જેથી વિકાસનાં તમામ ક્ષેત્રોમાં તેમનું ધ્યાન યોગ્ય રીતે વહેચાયેલું રહે. મજાની વાત એ છે કે વિકાસના દરેક ક્ષેત્રની પ્રવૃત્તિઓ અન્ય સાથે જોડાયેલી છે. માટે જ દિનચર્યા દ્વારા એ સુનિશ્ચિત કરવું જોઈએ કે બાળકોને દરેક ક્ષેત્રમાં અનુભવ પ્રાપ્ત કરવાની પૂરતી તક મળી રહે. આ માટે દિવસનું આયોજન સંસ્થાકીય ગોઠવણ અને કામના દિવસો અને દરેક દિવસના રોજના કામના કલાકો પર નિર્ભર છે. દરેક પ્રવૃત્તિનું આયોજન બાળકને ધ્યાનમાં રાખીને કરવાનું હોય છે, જ્યાં બાળકો દ્વારા શરૂ કરાયેલી અને શિક્ષક દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓના જૂથ વચ્ચે સંતુલન બની શકે. (દા.ત. શાંત પ્રવૃત્તિ પછી શારીરિક પ્રવૃત્તિ, વ્યક્તિગત પ્રવૃત્તિ, પછી જૂથ પ્રવૃત્તિ, ખુલ્લામાં પ્રવૃત્તિ પછી ઈન્ડોર પ્રવૃત્તિ.) આ માટે મુક્ત રમતનો પૂરતો સમય હોવો જોઈએ.

આ સંદર્ભમાં 3-6 વર્ષની વયનાં બાળકો માટે દિનચર્યાને ગોઠવવાની બહુવિધ રીતો છે. આ ઉંમરની બાળકોમાં મુખ્યત્વે વિચારવું અને સમજવું મહત્ત્વનું હોય છે. આ માટે તેમની દિનચર્યામાં વર્તુળ સમય, વાર્તા-સમય વગેરે સ્વતંત્ર પ્રવૃત્તિઓને સામેલ કરી શકાય છે.

આ ઉંમરના બાળકોને તેઓ જે પ્રવૃત્તિ કરવા ઈચ્છે છે તે સ્વતંત્ર રીતે પસંદ કરવા માટે 'કામનો સમય' ફાળવવામાં આવે તે જરૂરી છે, કેમ કે તેઓને તે સાથે જોડાવું ગમે છે. બાળકો તેમની ગમતી પ્રવૃત્તિઓ પસંદ કરે છે અને તે પ્રવૃત્તિઓ માટે સ્વતંત્ર રીતે સામગ્રી સાથે કામ કરે છે. શિક્ષકો બાળકોની પ્રવૃતિઓનું અવલોકન કરે છે અને જરૂર જણાય ત્યારે સમર્થન આપે છે. 3-6 વર્ષની વયનાં બાળકો બધી ભાષાઓનું એકસાથે મહાવરો મેળવે તે માટે પ્રયત્ન કરી શકાય છે. આ માટે આ વયજૂથનાં બાળકો માટે ત્રણ ચાર ભાષાઓને યોગ્ય સમયમાં વિભાજીત કરવું જરૂરી છે. આ ઉપરાંત પાયાની સાક્ષરતા, સંખ્યા-ગણના અને વિવિધ કળા માટે ચોક્કસ સમયગાળો સમાવિષ્ટ કરી શકાય છે.

અહીંયા શાળાનું કેલેન્ડર પણ અગત્યનું છે, જેમાં વર્ષ દરમિયાન કયા દિવસે કઈ ચોક્કસ ઘટનાઓ/ પ્રસંગો રહેશે તેની વાર્ષિક યોજના હોય છે. આનાથી શિક્ષકો તેમની વર્ગખંડની પ્રવૃત્તિઓનું તે મુજબ આયોજન કરી શકે છે. તે બાળકોને અને જ્યાં સુધી શાળાનો સંબંધ છે તેના પરિવારો આવી રહ્યા હોય તો તેના માટે આયોજન કરી શકે તે અંગે માહિતગાર કરે છે. આ કેલેન્ડર માતા-પિતા અને પરિવારો સહિત બધાં માટે સુલભ હોવું જોઈએ. ચોક્કસ શાળાની પરિસ્થિતિની આવશ્યકતાઓને સમાવવા માટે નાના ફેરફારો કરવામાં આવી શકે છે. કેલેન્ડરમાં વર્ષ દરમિયાન શાળાની તમામ મહત્ત્વપૂર્ણ ઘટનાઓને આવરી લેવી જોઈએ. દા.ત. (સત્રાનો સમયગાળો, વેકેશન, વાર્ષિક દિવસ, રમતગમતનો દિવસ, શાળાની અન્ય ઉજવણીઓ, પ્રદર્શનો/ ક્ષેત્રપ્રવાસો, વાલી શિક્ષકોની બેઠકો, શિક્ષક વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમો, શાળાની બેઠકો.) શાળાઓ શિક્ષણ વિષયોનું વાર્ષિક કેલેન્ડર પણ આયોજન કરી શકે છે. આ શિક્ષકોને સમયપત્રક બનાવવામાં મદદ કરે છે વર્ગખંડની પ્રવૃત્તિઓ અને અભ્યાસક્રમની પ્રગતિને વધુ સારી રીતે ચેક કરી શકે છે.

હવે જ્યારે બાળક પાયાના તબક્કાથી પ્રારંભિક તબક્કા તરફ આગળ વધે છે ત્યારે શાળાના તબક્કાઓની 5+3+3+4 ડિઝાઈનમાં સાતત્ય અને પરિવર્તન બંને જરૂરી છે. અહીંયા સૌથી નોંધપાત્ર ફેરફાર એ છે કે પાયાના તબક્કામાં વિકાસની કલ્પનાથી ક્ષમતાઓ અને કૌશલ્યોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જે આપણી આસપાસની દુનિયાની વ્યવસ્થિત સમજ મેળવવા માટે જરૂરી છે. આ ક્ષમતાઓ વ્યાપક રીતે - સાક્ષરતા, સંખ્યા અને અનુમાન લગાવવાની, અવલોકનો કરવાની, ડેટા એકત્રિત અને વિશ્લેષણ કરવાની છે. આ શૈક્ષણિક ક્ષમતાઓ સાથે, કલા અને રમતગમતમાં વ્યસ્તતા પ્રારંભિક તબક્કાનો મહત્ત્વનો ભાગ મૂલ્યો, માન્યતાઓ અને સામાજિક વિકાસ ક્ષમતાની જેમ બની જાય છે. બાળકો પાસેથી કક્ષા-૩, કે જે પ્રારંભિક તબક્કાનો એક ભાગ છે, પૂર્ણ થાય ત્યાં સુધીમાં પાયાની સાક્ષરતા અને સંખ્યા મેળવવાની અપેક્ષા રખાય છે. કેમ કે પાયાના તબક્કામાં, અભ્યાસક્રમનાં ધ્યેયો વિકાસ ક્ષેત્ર પર આધારિત છે -શારીરિક, સામાજિક-ભાવનાત્મક-નૈતિક, જ્ઞાનાત્મક, ભાષા અને સાક્ષરતા, સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક, અને હકારાત્મક શીખવાની ટેવ. પ્રારંભિક તબક્કામાં, અભ્યાસક્રમના ધ્યેયો અભ્યાસક્રમના ક્ષેત્રો - ભાષાકૌશલ્ય, ગણિત, આપણી આસપાસની દુનિયા, કલા, શારીરિક શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણમાં ગોઠવવામાં આવશે. અહીંયા ભાષા વિકાસના સંદર્ભમાં LI અને L2 બંને ભાષા અને સાક્ષરતા વિકાસ પ્રારંભિક તબક્કામાં ચાલુ રહેશે. જ્યારે બાળકો તેઓના પ્રારંભિક તબક્કાના પ્રથમ વર્ષમાં LIમાં પાયાની સાક્ષરતા મેળવશે તેમજ તેઓની પાસેથી આજ બાબત L2માં પ્રારંભિક તબક્કાના અંત સુધીમાં મેળવવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેથી, પ્રારંભિક તબક્કાના અંત સુધીમાં બાળકોને LI અને L2 બંનેમાં સ્વતંત્ર વાચકો અને લેખકો બનાવવાનું ધ્યેય રહેશે.

વધુમાં આ અભ્યાસક્રમ વિસ્તાર પ્રારંભિક તબક્કામાં પાયાના તબક્કાનું ક્ષેત્ર જ્ઞાનાત્મકથી વિસ્તરે છે. બાળકો તેમની આસપાસનું વાતાવરણ, કુદરતી અને માનવીય બંને વાતાવરણ સાથે વ્યાપક અને ઊંડી બંને રીતે જોડાશે. તેઓ આગળ નિરીક્ષણ, માહિતી સંગ્રહ અને પૂર્વધારણાની રચના અને ચકાસણીના વિશ્લેષણની કુશળતા વિકસાવશે. તેઓ આસપાસના માનવ વિશ્વની સામાજિક-સાંસ્કૃતિક સમજ પણ મેળવશે.

પાયાના તબક્કામાંથી પ્રારંભિક તબક્કામાં સળંગપણું છે. જ્યારે પાયાના તબક્કામાં, પ્રકૃતિમાં વધુ મુક્ત અને વધુ સંશોધનાત્મક છે, પ્રારંભિક તબક્કામાં, બાળકો કલાનાં વિવિધ સ્વરૂપોમાં ચોક્કસ કૌશલ્ય પ્રાપ્ત કરવાનું શરૂ કરશે કે જે તેઓને વધુ વિસ્તૃત રજૂઆત કરવા સક્ષમ બનાવશે. આ સાથે જ પ્રારંભિક તબક્કામાં, શારીરિક વિકાસ પર શારીરિક શિક્ષણના સ્વરૂપમાં ચોક્કસ ધ્યાન આપવામાં આવે છે. પાયાના તબક્કામાં શોધખોળ

અને મુક્ત રમત પર ભાર મુકાય છે, જ્યારે પ્રારંભિક તબક્કામાં, રમતગમતનો પરિચય અને વધુ ઔપચારિક શારીરિક પ્રવૃત્તિમાં વ્યસ્તતા પર ભાર મૂકવામાં આવશે.

નવી શિક્ષણનીતિને અનુરૂપ બનવા પાયાના તબક્કામાં વિશિષ્ટ અભ્યાસક્રમ ધ્યેય તરીકે "સેવાકાર્ય" સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. પ્રારંભિક તબક્કામાં આ વધુ નોંધપાત્ર રીતે વિસ્તરણ થશે જેથી બાળકો ઉત્પાદક કાર્યમાં જોડાય. NEP 2020 શિક્ષણને સર્વગ્રાહી રીતે જુએ છે, માત્ર વિશ્વની સમજણ જ નહીં પરંતુ અર્થપૂર્ણ અને યોગ્ય સમજણ પર કાર્ય કરે છે. સરળ પ્રવૃત્તિઓમાંથી જેમ કે શાકભાજી ઉગાડવી અને રસોઈ બનાવવી, વધુ કુશળ કામ, જેમ કે કોઈ વસ્ત્રના ટાંકા લેવા તેમજ બાળકોને તેમના મન અને શરીરનો ફળદ્રુપ કાર્ય માટે ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા. જેમ પ્રારંભિક તબક્કામાં વિકાસલક્ષી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમનાં લક્ષ્યોને સ્પષ્ટ કરવામાં આવે છે અને તે આ તબક્કામાં આપવાનું ચાલુ રહેશે, જેમાં લક્ષ્યો વિવિધ અભિગમો જેવા કે વિષયવસ્તુ, અધ્યાપનશાસ્ત્ર અને મૂલ્યાંકનમાં સાતત્ય અને પરિવર્તનના સમૂહ દ્વારા પ્રાપ્ત થશે.

બીજું પરિવર્તન વર્ગખંડમાં વપરાતી સામગ્રીના સ્વરૂપમાં છે. પ્રારંભિક તબક્કામાં બાળકો માત્ર મૂર્ત અનુભવોને બદલે સામગ્રીની વધુ અમૂર્ત રજૂઆત સાથે વ્યવહાર કરવા માટે તૈયાર હોય છે. પાઠયપુસ્તકો અને કાર્યપુસ્તકો શિક્ષણને ગોઠવવામાં મોટી ભૂમિકા ભજવવાનું શરૂ કરી શકે છે. આ સામગ્રી સમજના સંદર્ભને પણ વિસ્તૃત કરી શકે છે અને તે બાળકના અનુભવ માટે સંપૂર્ણપણે સ્થાનિક હોવું જરૂરી છે. બાળકોની કલ્પના, જગ્યા અને સમય અને સામગ્રી બંનેની દૃષ્ટિએ વિસ્તરે છે. વપરાયેલ આ વિસ્તરણને પ્રતિબિંબિત કરે. સામગ્રીની પસંદગી પરિચિત અને અજાણ્યાના ન્યાયપૂર્ણ સંતુલનને પ્રતિબિંબિત કરી શકે છે, જે બાળકોને આરામ અને પડકાર બંને આપે છે.

ત્રીજું પરિવર્તન વર્ગખંડના સંગઠન અને શિક્ષણશાસ્ત્રમાં છે. શિક્ષણશાસ્ત્ર બાળકોને તેમના પોતાના સંશોધન અને પૂછપરછ દ્વારા શીખવાની મંજૂરી આપવા માટે ચાલુ રાખવાની જરૂર છે, જ્યારે બાળકો વધુ ઔપચારિક વર્ગખંડ સેટઅપ અને શીખવાના અનુભવો વધુ સમૂહ આધારિત બને છે તેમાં પ્રવેશ કરશે. બાળકો પાસેથી જૂથ વાતાવરણમાં શીખવાની અને શીખવામાં વધુ સ્વતંત્ર બનવાની અપેક્ષા રાખવામાં આવે છે. પ્રારંભિક તૈયારીના તબક્કામાં બાળકો પાસેથી સ્વ-નિર્દેશિત કાર્યની વધુ અપેક્ષા રાખી શકાય છે. કૌશલ્યોને મજબૂત કરવા અને તેને વધુ ગાઢ બનાવવા માટે વધુ પુનરાવર્તન અને અભ્યાસની જરૂર પડશે. જ્યારે સેટિંગ્સ વધુ ઔપચારિક બની જાય છે, તે પ્રારંભિક તબક્કામાં પાયાના તબક્કામાં શીખનાર-કેંદ્રિત અભિગમોને ચાલુ રાખવા માટે મહત્ત્વપૂર્ણ છે. કેટલાંક બાળકોને વધુ વ્યક્તિગત ધ્યાનની જરૂર રહેશે, અને તે મહત્ત્વનું છે કે તૈયારીના તબક્કામાં, અપનાવવામાં આવેલી શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓ પસંદ કરવામાં આવે જેથી તમામ બાળકો સાથે વધુ ઔપચારિક જોડાણની તૈયારીમાં પાયાની ક્ષમતાઓ પ્રાપ્ત કરી શકાય.

અંતે, મૂલ્યાંકનની રીતોમાં ફેરફાર થશે. જ્યારે પાયાના તબક્કામાં સૌથી વધુ મૂલ્યાંકન, વિદ્યાર્થીઓના કાર્યના શિક્ષકના 'અવલોકનો ' પર આધારિત છે પ્રારંભિક તબક્કામાં, વધુ સ્પષ્ટ મૂલ્યાંકન કાર્યો રજૂ કરી શકાય છે. ફરીથી, સાતત્ય શરતોમાં હશે કે મૂલ્યાંકનનું ધોરણ નીચું રાખવું, ભલે તે સ્પષ્ટ હોય. પ્રારંભિક તબક્કામાં, તે બાળકો માટે તેમના પોતાના શીખવાની અભિજ્ઞાનાત્મક જાગૃતિનાં કેટલાંક પાસાઓ માટે ઉપયોગી છે. વધુ સ્પષ્ટ મૂલ્યાંકન કાર્યો દ્વારા પ્રદાન કરી શકાય છે. વર્કશીટ સિવાય, બાળકોને લેખિત મૂલ્યાંકન કાર્ય આપી શકાય કે જે તેઓએ ચોક્કસ સમયની અંદર પૂર્ણ કરવાનું રહે.

# પ્રકરણ - 3
# શિશુને ભાષા શીખવા અને સાક્ષરતા માટેનો અભિગમ



- ડૉ. ચિરાગ દરજી
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૯૭૪૨૦૮૭૦૮

વ્હાલા વિદ્યાર્થી મિત્રો, શિક્ષકો અને વાલીઓ,

ભાષા એ અભિવ્યક્તિનું અભિન્ન અંગ છે. એ વાત આપણે સૌ જાણીએ છીએ અને ભાષા એ વ્યક્તિના વ્યક્તિત્વને રજૂ કરતું એક સવિશેષ પાસું છે. આપણને સૌને મધુર અને આકર્ષક ભાષા સાંભળવી અને વાંચવી ગમતી હોય છે. અને સાથે સાથે આપણે એવી પણ આશા રાખતા હોઈએ છીએ કે આપણું બાળક પણ આમ મધુર ભાષા બોલે, વાંચે સમજે અને સાથે સાથે એક કરતાં વધુ ભાષામાં પક્કડ ધરાવતું બને.

ભાષાશિક્ષણ પર રાષ્ટ્રીય શિક્ષણનીતી 2020 ની ભલામણોને ધ્યાનમાં રાખી તૈયાર થયેલા રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખામાં સમાવિષ્ટ ભાષાશિક્ષણ પ્રત્યેના અભિગમનું મુખ્ય લક્ષ્ય એ નક્કી કરવાનું છે કે બાળકો ભાષા એવી રીતે શીખે કે જેથી તેઓની તમામ ક્ષમતાઓનો વિકાસ કરવામાં મદદ કરે અને વિદ્યાર્થીઓની પ્રારંભિક વર્ષોમાં સમગ્ર જીવન દરમિયાન સામાજિક-ભાવનાત્મક કુશળતા ખીલતી રહે અને વાર્તાલાપનું કૌશલ (મૌખિક અને લેખિત) વિકાસ પામે.

**ભાષાનું મહત્ત્વ**

આપણા પુરાણોમાં ભાષાના મહત્ત્વને ખૂબ વિશેષ સ્થાન આપેલ છે. ભાષા એ વ્યક્તિનાં તમામ લક્ષ્યો અને હેતુઓને પૂર્ણ કરવામાં મદદ કરે છે. વ્યક્તિની કાર્યપૂર્તિ વ્યક્તિની ભાષા અભિવ્યક્તિ ઉપર આધાર રાખે છે. ભાષા એ શાબ્દિક અને અશાબ્દિક બંને સ્વરૂપમાં હોય છે.

ભાષા એ પ્રાણીઓ અને માણસો તમામ માટે મહત્ત્વની છે. પૃથ્વી ઉપરના પ્રત્યેક જીવને પોતાની આગવી ભાષા છે. પ્રાણીઓની ભાષા અમુક માત્રામાં સીમિત છે જ્યારે માણસની ભાષાનું એક અલગ ભાષાવિજ્ઞાન છે. જેનું રોજિંદા જીવનમાં, ધંધા રોજગારમાં, પ્રત્યાયનમાં, અન્ય સાથે સબંધમાં, કારકિર્દી-ઘડતરમાં અને અન્ય ઘણી બાબતોમાં વિશેષ મહત્ત્વ છે. એટલા માટે જ ભાષાશિક્ષણને વર્ષોથી આપણા શાળા અને ઉચ્ચશિક્ષણમાં આગવું સ્થાન આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**ભાષાનું મહત્ત્વ**

- અસરકારક પ્રત્યાયન
- સબંધ વિકસાવવા
- સામાજિક-સાંસ્કૃતિક વારસો
- કારકિર્દી વિકાસ
- ધંધા-રોજગાર
- જ્ઞાન, કળા અને કૌશલ વિકાસ
- વ્યક્તિત્વ-વિકાસ

ઉપરોક્ત દર્શાવ્યા મુજબના મહત્ત્વને ધ્યાને રાખી અને ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે પ્રસ્તુત અભ્યાસક્રમ માળખામાં નીચે મુજબના સિદ્ધાંતોની વાત કરી છે. જે તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ ભાષા વિકાસ માટે ધ્યાનમાં રાખવાની છે.

**1. બાળકો 8 વર્ષની વય સુધી સૌથી વધુ બોલાતી ભાષા ઝડપથી શીખે છે.**

આપણે સૌ જાણીએ છીએ તે મુજબ બાળકો જીવનનાં પ્રથમ આઠ વર્ષ દરમિયાન મૌખિક ભાષામાં ખૂબ જ સરળતાથી અને ઝડપથી પ્રત્યાયન કરે છે. આ વર્ષો ભાષાગ્રાહ્યતા માટે એક સંવેદનશીલ સમયગાળો છે જેને આપણે ચૂકી ન જવું જોઈએ. જો વિદ્યાર્થીઓ શરૂઆતનાં વર્ષોમાં માતૃભાષા શીખવામાં વિલંબ કરે તો પાછળથી તેને માતૃભાષા અને અન્ય ભાષા શીખવી ખૂબ

જ મુશ્કેલ બને છે. તેથી બાળકો માટે પાછળથી નવી ભાષાઓ શીખવી અશક્ય નહિ પરંતુ મુશ્કેલ બને જ છે.

**2. બહુભાષાવાદના જ્ઞાનાત્મક અને સામાજિક/ સાંસ્કૃતિક એમ દ્વિઆયામી લાભ છે.**

આપણે જાણીએ છીએ તેમ ભારત અને વિદેશમાં અત્યાર સુધી હાથ ધરાયેલાં સંશોધનો સ્પષ્ટપણે સૂચવે છે કે મૌખિક સ્વરૂપમાં બહુવિધ ભાષાઓના સંપર્કમાં આવવાથી બાળક જ્ઞાનાત્મક અને સામાજિક-ભાવનાત્મક બંને પ્રકારની ઉત્તેજના અનુભવે છે, જે બાળક માટે ફાયદાકારક છે. ભાષાઓના હેતુપૂર્ણ ઉપયોગના સંદર્ભમાં અર્થપૂર્ણ રીતે સમૃદ્ધ અને કુદરતી વાતાવરણ તેમની આસપાસ રચાયેલું હોય ત્યારે બાળકો બહુભાષી કૌશલ પ્રાપ્ત કરે છે. ખાસ કરીને નાનાં બાળકોને ઔપચારિક રીતે ભાષા શીખવામાં સક્ષમ હોતાં નથી. માટે આ એક મહત્ત્વપૂર્ણ તફાવત છે જે અભ્યાસક્રમ રચયિતાઓ, શિક્ષક પ્રશિક્ષક અને શિક્ષકોને પાયાના તબક્કામાં નાનાં બાળકો માટે પ્રારંભિક ભાષા શીખવાના અનુભવોને યોગ્ય રીતે આયોજિત કરવા જોઈએ. ભારતમાં બહુભાષાવાદ વ્યાપક છે અને મોટાભાગનાં બાળકો શરૂઆતનાં વર્ષોથી જ એક કરતાં વધુ ભાષાઓના સંપર્કમાં હોય છે. જો આપણે બહુભાષી ક્ષમતા ધરાવતા હોઈએ તો બહુભાષી ભારત દેશ અને વિશ્વમાં ઘણા રસ્તા ખોલી નાખે છે અને તેના જીવનકાળ દરમિયાન ઘણા સમુદાયો સાથે ભાષાકીય રીતે સાંકળવામાં મદદરૂપ બને છે. આમ, બાળકોમાં મૌખિક રીતે શક્ય તેટલી વહેલી તકે બહુભાષી કૌશલ્યોનો પાયો વ્યવસ્થિત રીતે અને વિકાસાત્મક દૃષ્ટિએ યોગ્ય રીતે સ્થપાય તેના પર આધાર રાખે છે.

**3. રોજિંદા જીવનમાં બોલાતી ભાષા બાળકોને સહજ રીતે આવડી જાય છે, પણ વાંચન અને લેખન શીખવું એટલું સહજ નથી, માટે તેનો અભ્યાસ જરૂરી બને છે.**

શરૂઆતમાં ઉલ્લેખ કર્યો તેમ આ અભ્યાસક્રમના માળખામાં મુખ્ય પાસું બાળકોને બહુવિધ બોલાતી ભાષાઓમાં તરબોળ કરવાનું છે. જોકે, વાંચન અને લેખનમાં ફોનિમ્સ (ધ્વનિના નાના એકમો) અને ગ્રાફિમ્સ (લેખન પ્રણાલીના સૌથી નાના એકમો)ની વિભાવનાઓનો સમાવેશ થાય છે. આ બંને વિભાવનાઓ અને વાંચન-લેખન વચ્ચે રહેલો અનુબંધ મૂળભૂત રીતે પોતીકી ભાષામાં શીખવવામાં આવે છે. એકવાર બાળકમાં વાંચન અને લેખનની મૂળભૂત સાક્ષરતા વિકસે, પછી તેને આગળનું લિપિ સંબંધી જ્ઞાન આપી શકાય છે. શરૂઆતનાં વર્ષોમાં એક કરતાં વધુ લિપિ સાથે દશ્ય પરિચય લાભદાયી માનવામાં આવે છે, પણ સાક્ષરતા કૌશલ્યોનું પ્રારંભિક શિક્ષણ એક જ ભાષા દ્વારા શ્રેષ્ઠ રીતે હાથ ધરવામાં આવે છે. મૂળભૂત સાક્ષરતા કૌશલ્યોમાં ભાષાના સંકેતો કે શબ્દોને અર્થસભર રીતે સમજવા અને તેમાંથી અર્થ ગ્રાહ્યતાનો સમાવેશ થાય છે. વધુ સારી રીતે કહીએ તો શબ્દના ઉચ્ચારને તેના લિખિત સ્વરૂપ સાથે જે જોડાણ (વ્યંજનો, સ્વરો અને તેમના સંયોજનો) છે તે શીખવું. વાંચન અને લેખન એક પરિચિત ભાષા દ્વારા શ્રેષ્ઠ રીતે શીખવવામાં આવે છે – એવી ભાષા કે જે બાળકો સારી રીતે સમજે અને બોલે છે. પ્રારંભિક સાક્ષરતા કૌશલ માતૃભાષા ભાષાકૌશલોના મજબૂત પાયા પર શ્રેષ્ઠ અને ઝડપી વિકાસ પામે છે.

**4. બાળકો મહત્ત્વના ખ્યાલો તેમની માતૃભાષા ભાષામાં ખૂબ જ ઝડપથી અને ગહનતાથી શીખે છે અને સમજે છે.**

0 થી 3 વર્ષની ઉંમર પછી બાળકો શાળામાં આવે તે સમય સુધીમાં તેઓ દ્વારા અન્ય લોકોને સાંભળવા, સમજવા, સહાનુભૂતિ દર્શાવવા, બોલવા અને તેમની લાગણીઓ અને વિચારો વ્યક્ત કરવા અને અન્ય લોકો સાથે અર્થપૂર્ણ રીતે સફળતાપૂર્વક વાર્તાલાપ કરવામાં સક્ષમ કરવા માટેની સજ્જતા સ્વભાષામાં પ્રાપ્ત કરી લીધી હોય છે. આ ત્રણ વર્ષોમાં બાળકો ભાષા સંબંધી શબ્દોને ગ્રહણ કરવાની સાથે સામાજિક ક્રિયાપ્રતિક્રિયામાં આવશ્યક અન્ય કૌશલો પણ સહજ શીખી લે છે જેમાં ખાસ કરીને પ્રત્યાયન અને માહિતીનું વિશ્લેષણ સામેલ છે. આ

કૌશલો સર્જનાત્મક શક્તિ માટે પાયારૂપ છે. આ સમયગાળામાં મોટેભાગે બાળક વિચારવાની ક્ષમતા, સાક્ષરતા અને સામાન્ય સંખ્યા જ્ઞાનથી પણ પરિચિત બન્યો હોય છે. બાળકો પૂર્વશાળા અને શાળામાં તેમની સાથે આ પાયાની કુશળતા સાથે લઈને પ્રવેશે છે. બાળકની આ ક્ષમતા તેના આગળના શિક્ષણ માટે મજબૂત પાયા તરીકે કામ કરે છે, જેની પર બાળકની જ્ઞાનાત્મક અને સામાજિક-ભાવનાત્મક ક્ષમતાને વધારવા માટે કામ થઈ શકે છે. આ પાયાના તબક્કામાં બાળકની સ્વભાષા કે માતૃભાષાનો ઉપયોગ અન્ય વિષયો શીખવવા માટે કરવામાં આવે તે જરૂરી છે. આમ, સ્વભાષા તમામ શિક્ષણ માટે સરળ માધ્યમ તરીકે કામ કરે છે અને બાળકોને અગાઉ પ્રાપ્ત કરેલ શિક્ષણને ઘરના શિક્ષણ સાથે જોડવા માટે સક્ષમ બનાવે છે.

પૂર્વે થયેલાં સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે બાળકની માતૃભાષાના માધ્યમથી પ્રાપ્ત કરેલ કોઈ પણ કૌશલ અને વિભાવનાઓ જ્યારે તેઓ તેની સાથે અથવા ત્યારબાદ નવી ભાષા શીખે છે ત્યારે તેને ફરીથી શીખવવાની જરૂર પડતી નથી.

માતૃભાષા અથવા સ્વભાષા એ બાળક માટે સંદેશાવ્યવહારનું માત્ર એક માધ્યમ નથી, પરંતુ તે બાળકની વ્યક્તિગત, સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ સાથે પણ ગાઢ સંબંધ ધરાવે છે. માટે આ તબક્કે શિક્ષણના માધ્યમ તરીકે નવી ભાષા લાદીને બાળકોના સમૃદ્ધ અનુભવવિશ્વનો અસ્વીકાર કરવો એ યોગ્ય શૈક્ષણિક પ્રક્રિયા માટે ઇચ્છનીય નથી.

વધુમાં, શિક્ષણના પ્રારંભિક કાળમાં જ્યારે બાળકમાં આત્મવિશ્વાસ, સકારાત્મક આત્મગૌરવ અને સ્વાયત્તતાની ભાવનાનો વિકાસ મહત્ત્વનો હોય ત્યારે નવી ભાષામાં આ કામ અવરોધાય છે. માટે શિક્ષકોએ આ દિશામાં કામ કરવાની જરૂર છે. બાળકો સાંભળીને, વાત કરીને અને અન્ય લોકો સાથે વાતચીત કરીને શીખે છે. માત્ર સ્વભાષા (જે ભાષા તેઓ સારી રીતે સમજે છે અને બોલે છે) આ પ્રકારની વાતચીત માટે એક નૈસર્ગિક વાતાવરણ પ્રદાન કરી શકે છે, જે તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. આથી, ક્રિયાપ્રતિક્રિયાની ભાષા મુખ્યત્વે બાળકની માતૃભાષા/ઘરમાં બોલાતી ભાષા/પરિચિત ભાષા હોવી જોઈએ.

નવી શિક્ષણનીતિ વાતચીત આધારિત શિક્ષણ, સર્જનાત્મકતા અને શોધ પર ભાર મૂકે છે અને ગોખણપટ્ટીના વિરોધમાં દૃષ્ટાંતરૂપ પરિવર્તનની વાત કરે છે,જેના એક મહત્ત્વના પરિણામરૂપે ઓછામાં ઓછા શિક્ષણના પાયાના તબક્કામાં માધ્યમ તરીકે અજાણી ભાષાના ઉપયોગને નકારવો રહ્યો.

આથી,આ અભ્યાસક્રમ માળખાનું બીજું મુખ્ય પાસું એ છે કે બાળકની માતૃભાષાનો આદર કરવો, બાળકને તેમની માતૃભાષામાં વાતચીત કરવા અને શીખવા માટે પ્રોત્સાહિત કરવું અને શક્ય હોય ત્યાં સુધી શિક્ષણ માટે ઘરમાં બોલાતી ભાષાનો ઉપયોગ કરવો. પ્રારંભિક વર્ષોમાં દ્વિભાષી અથવા બહુભાષી અભિગમો મુખ્ય ભાષા તરીકે ઘરની ભાષા સાથે - બાળકોને તમામ ભાષાઓના સંકેતો ઝડપથી સમજવા વધુ સક્ષમ બનાવે છે.

**5. ભાષા એ સાંસ્કૃતિક જાગરૂકતા અને મુક્ત અભિવ્યક્તિનું નિર્ણાયક પાસું છે.**

સાંસ્કૃતિક જાગૃતિ અને અભિવ્યક્તિની ક્ષમતા બાળકોને સ્વઓળખની ભાવના તેમજ અન્ય સંસ્કૃતિઓ પરત્વે સકારાત્મક વલણ રાખવા પ્રેરે છે. છેલ્લા દાયકામાં થયેલા આંતરરાષ્ટ્રીય અભ્યાસોએ દર્શાવ્યું છે કે બાળકોમાં સાંસ્કૃતિક જાગૃતિ/અભિવ્યક્તિ અને સકારાત્મક સાંસ્કૃતિક ઓળખ તેમના સામાજિક વર્તન, આત્મસન્માન, સ્વ-વિકાસ તેમજ અન્ય સંસ્કૃતિઓની સહિષ્ણુતા અને પ્રશંસાના સ્તરમાં વધારો કરે છે. પોતાના સાંસ્કૃતિક ઇતિહાસ, ભાષાઓ, કળા અને પરંપરાઓની સરળ સમજ અને જ્ઞાનના વિકાસ દ્વારા જ બાળકોમાં પ્રત્યાયન અને સર્જનાત્મકતા જેવી ક્ષમતાઓના વિકાસની સાથે સકારાત્મક સાંસ્કૃતિક ઓળખ અને આત્મસન્માનનું નિર્માણ કરી શકાય છે.

ઘરમાં બોલાતી ભાષા, સ્થાનિક ભાષાઓ અને અન્ય ભારતીય ભાષાઓ, તેમના મૌખિક અને લેખિત સાહિત્ય અને પરંપરાઓ સાથે બાળકને શીખવવું જરૂરી બને છે કેમ કે તેમના સર્વાંગી વિકાસ અને સુખાકારી માટે તે આવશ્યક છે.

**ભાષાશિક્ષણ અને સાક્ષરતા સંબંધી અભિગમ**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં દર્શાવેલ ભાષાશિક્ષણના સિદ્ધાંતો અને ધ્યેયો સાથે સુસંગત રહેવા માટે ભાષાશિક્ષણના પાયાના તબક્કામાં પ્રસ્તુત અભ્યાસક્રમ માળખાનો અભિગમ નીચે મુજબ નક્કી થયેલ છે:

1. બાળકો તેમની માતૃભાષામાં ખૂબ જ ઝડપથી અને ઊંડાણપૂર્વક ખ્યાલો શીખતાં હોવાથી, પાયાગત શિક્ષણના મુખ્ય માધ્યમ તરીકે બાળકની માતૃભાષા/ પરિચિત ભાષા (જેને નીચે પ્રથમ ભાષા કે L1 તરીકે પણ ઓળખવામાં આવે છે) હશે. આ અભિગમ જાહેર અને ખાનગી બંને શાળાઓમાં હોવો જોઈએ. જ્યારે દરેક બાળક પાયાના તબક્કાથી પ્રારંભ કરે ત્યારે તેમની પ્રાથમિક ભાષા (L1) નો યોગ્ય ઉપયોગ ચાલુ રાખે તે સુનિશ્ચિત કરવા માટે, શિક્ષકોએ માત્ર સ્થાનિક ભાષા જ નહીં પરંતુ સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરાઓને પણ સમજવી જરૂરી છે. જો શિક્ષક સ્થાનિક સમુદાયનો હોય તો વધુ સારું રહેશે. પાયાના ક્રમમાં ભણાવતા શિક્ષકો અન્ય કોઈ પણ ધોરણો કરતાં બાળકની પ્રાથમિક ભાષા (L1) માં નિપુણ હોવા જોઈએ.

પાયાના તબક્કા માટે ક્રિયાપ્રતિક્રિયા અને શિક્ષણની પ્રાથમિક ભાષા તરીકે બાળકોની સ્થાનિક ભાષા (L1) નો સમાવેશ કરવા માટે આ ભાષાઓમાં સારા બાળસાહિત્યના વિકાસ અને પ્રકાશનની જરૂર પડશે.ખાસ કરીને ભાષાઓમાં કે જ્યાં આવા સાહિત્યની અછત છે. માટે આ કાર્યક્રમને રાષ્ટ્રીય ઉપક્રમ તરીકે લેવામાં આવી શકે છે, જેના દ્વારા પહેલીથી જ મુખ્ય માધ્યમ તરીકે ચલણમાં સ્થાનિક ભાષાઓ અને હવે પછી જેમને આ દરજ્જો મળવાનો છે તેવી સ્થાનિક ભાષાઓમાં આ પ્રકારનું ગુણવત્તાસભર સાહિત્ય નિર્માણ થઈ શકે. અનેક રાજ્ય સરકાર અને બિન-સરકારી સંસ્થાઓ પણ મોટી સંખ્યામાં માતૃભાષામાં વાર્તાનાં પુસ્તકો, કવિતાનાં પોસ્ટરો અને મોટાં પુસ્તકો સહિત બાળસાહિત્યની સામગ્રીનાં વિકાસ અને પ્રકાશન પર કામ કરી રહી છે. ભલે શૈક્ષણિક માધ્યમ તરીકે ઉપયોગમાં લેવાતી ભાષા તરીકે સ્થાનિક ભાષા (L1) એ શ્રેષ્ઠ વિકલ્પ હોય, પણ ઘણીવાર તે શક્ય બનતું નથી. કોઈકવાર સંબંધિત ભાષાઓમાં નિપુણતા ધરાવતા શિક્ષકોની અછત સહિત વિવિધ પરિબળો તેમાં ભાગ ભજવે છે. મોટા ભાગે આવું એવા કિસ્સાઓમાં જોવા મળે છે, જ્યાં ભૌગોલિક વિસ્તાર વધુ હોવાના કારણે સમુદાયો છૂટાછવાયા કે વિખરાયેલા હોય છે. આવા સંજોગોમાં, પ્રાથમિક ભાષા (L1) નો ઉપયોગ બાળકના નવી ભાષામાં લઈ જવા માટેની કેડી તરીકે કરવો જોઈએ. આ માટે શિક્ષકોને બાળકોની સ્થાનિક ભાષામાં ઊંડા ઊતરવા માટે પ્રોત્સાહિત કરવા પડશે. જે શિક્ષકોની ભાષાની પૃષ્ઠભૂમિ અલગ છે, તેઓ બાળકોની સ્થાનિક ભાષાનું જ્ઞાન અને પ્રત્યાયન કૌશલ કેળવવાનું પણ લક્ષ્ય રાખી શકે છે, જેથી કરીને બાળક સાથે સરળતાથી જોડાઈ શકે. સરવાળે, બાળકને નવી ભાષા શીખવવામાં આ કૌશલ ખૂબ જ કારગત થશે એ વાત ચોક્કસ છે.

તમામ વર્ગખંડોમાં જ્યાં શિક્ષકો બાળકોની ભાષાઓમાં સંતોષકારક પ્રાવીણ્ય ધરાવે છે, તેમાં બાળકોની પ્રાથમિક ભાષા (L1) નો ઉપયોગ ઔપચારિક શિક્ષણ માટે થવો જોઈએ. જ્યારે પણ બાળકોની સ્થાનિક ભાષા (L1) નો ઉપયોગ અન્ય વિષયો શીખવવા માટેની ભાષા તરીકે સત્તાવાર રીતે કરવામાં આવતો નથી, ત્યારે તેનો ઉપયોગ ઔપચારિક રીતે થવો જોઈએ. આવું ઓછામાં ઓછું સામાન્ય વાર્તાલાપના માધ્યમથી તો કરી જ શકાય. અન્ય વિષયો શીખવવા તેમજ વાંચન અને લેખન શીખવાના પ્રારંભિક તબક્કામાં આ ભાષા સેતુ તરીકે કામ કરે છે. આમ, બાળકોની સ્થાનિક ભાષા (L1)નો ઉપયોગ હંમેશાં વર્ગખંડમાં શિક્ષક અને બાળકો

બંને દ્વારા વિચાર અને તર્ક, ઉચ્ચકક્ષાની સમજણ, અભિવ્યક્તિ અને સામાન્ય વાર્તાલાપ માટે થાય તે સુનિશ્ચિત કરે છે.

ટૂંકમાં, બાળકને પોતાની સ્થાનિક કે ગૃહભાષામાં બોલવામાં ક્યારેય નિરાશ ન કરવું જોઈએ અથવા આ બાબતે શરમ ન અનુભવે તે જોવું જોઈએ. વધુમાં, શિક્ષકો, સાથીદારો, માતા-પિતા અને શાળાના અધિકારીઓ દ્વારા ગૃહભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપવું જોઈએ. શક્ય હોય ત્યાં સુધી, શિક્ષકોએ બાળકોને તેમની સ્થાનિક ભાષા (L1) માં પ્રતિસાદ આપવા અને ચર્ચા કરવા, વાર્તાનાં સરળ પુસ્તકો વાંચવા અને મુશ્કેલ શબ્દો અથવા ખ્યાલો સમજાવવા માટે કરવો જોઈએ અને બાળકોને પણ આ માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ. ભાષાઓને અલગ-અલગ સમયે જડ રૂઢિગત પ્રયોગોના માધ્યમથી શીખવવાની અને શીખવાની જરૂર નથી. ત્યાં ભાષાઓના સંયોજનનો પ્રયોગ કરતાં થવાનું છે અને બાળકોને તેમની પોતીકી ભાષા (L1) ને પાયામાં રાખી નવા ખ્યાલો અને ભાષાઓ શીખવાની તક આપવાની છે. આ લક્ષ્ય મહત્ત્વનું છે અને તે મેળવવા પ્રયત્ન થવો જોઈએ.

2. બાળકોને નાની ઉંમરથી જ બહુવિધ સ્થાનિક ભાષાઓ (જેને હવે પછી L2 અને L3 તરીકે ઓળખીશું) ના સંપર્કમાં આવવું જોઈએ અને તેમાં ખૂંચી જવું જોઈએ.

બાળકો તેમના જીવનનાં પ્રથમ છ થી આઠ વર્ષના ગાળામાં નવી ભાષાઓના સંપર્કમાં આવે તો સરળતાથી શબ્દો પસંદ કરવાની ક્ષમતા ધરાવે છે, આવું ખાસ કરીને મૌખિક વાતચીતના માધ્યમથી વધુ અર્થપૂર્ણ રીતે શક્ય બને છે. આમ, શિક્ષણની મુખ્ય ભાષા તરીકે સ્થાનિક ભાષા (L1) સાથે પ્રારંભિક ધોરણોમાં દ્વિભાષી અથવા બહુભાષી અભિગમ અપનાવવાથી બાળકો એક કરતાં વધુ ભાષાઓમાં કાર્યક્ષમ સાંકેતિક આદાનપ્રદાન માટે સક્ષમ બને છે.

બહુવિધ ભાષાઓનો મૌખિક સ્વરૂપમાં સંસર્ગ બાળકને નોંધપાત્ર જ્ઞાનાત્મક ઉત્તેજના પણ પ્રદાન કરી શકે છે જે ઘણું ફાયદાકારક બને છે. જેના કારણે સર્જનાત્મકતા અને જટિલ વિચાર-ક્ષમતાનો વિકાસ થાય છે. આ ઉપરાંત સામાજિક-ભાવનાત્મક કૌશલ્યોનો પણ વિકાસ થાય છે. વધુમાં, શિક્ષકો, માતાપિતા, સાથીદારો તેમના અવાજ કે હાવભાવના માધ્યમથી જે કોઈ કથન કરે તે બાળકોના મનમાં શબ્દો, શબ્દસમૂહો અને વાક્યોમાં પરિવર્તિત થાય છે.

મૌખિક ભાષા અને સાક્ષરતાના વિકાસ માટે બાળકોનું અનુભવવિશ્વ અને તે સંબંધિત વિષયવસ્તુનો ઉપયોગ જયારે કોઈ અજાણી ભાષાનો ઉપયોગ ઔપચારિક રીતે શીખવવાનો હોય ત્યારે ખૂબ જ સહાયક બને છે. ગીતો, કવિતા, રમતો, નાટક, સમગ્રતામાં શારીરિક પ્રતિભાવ, અને અન્ય સર્જનાત્મક ક્રિયાપ્રતિક્રિયાઓ - જેમ કે અનુભવો, સ્થાનોનાં નામ, ઘટનાઓ અને મનપસંદ વસ્તુઓ/રમકડાંનું વર્ણન (અને ચર્ચા) - ભાષાશિક્ષણને વધુ રસપ્રદ બનાવે છે અને બાળકમાં સર્જનાત્મક સંવેદનાઓ અને સૌંદર્યબોધના વિકાસ માટે મદદરૂપ થાય છે.

બાળકોએ પાયાના તબક્કાના અંત સુધીમાં ઓછામાં ઓછી બે ભાષાઓમાં મજબૂત મૌખિક ભાષા કુશળતા (સાંભળવાની સમજ, પર્યાપ્ત શબ્દભંડોળ અને મૌખિક અભિવ્યક્તિ સહિત) વિકસાવવી જોઈએ. આ મૌખિક ભાષા કૌશલો પાયાના તબક્કાના અંત સુધીમાં ઓછામાં ઓછી એક ભાષા (અને લિપિ) માં સ્વતંત્ર રીતે વાંચવા અને લખવાનું શીખવાનું એક મહત્ત્વપૂર્ણ પાસું બનાવશે.

3. વાંચન અને લેખનનો ખ્યાલ શરૂઆતમાં R1 ભાષા થકી વિકસાવવામાં આવે છે જે સામાન્ય રીતે જયાં શક્ય હોય ત્યાં ઘરમાં બોલાતી ભાષા કે સ્થાનિક ભાષા (L1) હોય છે.

(R1 એટલે એવી ભાષા જેમાં બાળક પ્રથમ વાંચન અને લેખનનો ખ્યાલ શીખે છે, R2 એટલે આવી બીજી ભાષા, R3 એટલે આવી ત્રીજી ભાષા અને અન્ય કોઈ હોય તો આ શ્રેણીના આગળના ક્રમમાં.)

મૌખિક ભાષાના વિકાસ દ્વારા બાળકમાં વાંચન અને લેખનનો ખ્યાલ (એટલે કે પાયાની સાક્ષરતા અને પાયાગત વાંચન-અર્થગ્રહણની સમજ અને લેખન અભિવ્યક્તિ) વિકસાવવામાં આવે છે. અર્થ-નિર્માણ (અર્થઘટન સહિત ચિત્રોની સમજ અને અન્ય પ્રતીકોની સમજ જેવાં કે - હાવભાવ, ચહેરાના હાવભાવ, કલા, સંગીત, નૃત્ય, નાટક, રમતો); અને અન્ય છાપેલી સામગ્રીના મહત્તમ ઉપયોગથી પણ વધુ સારી રીતે વિકસાવી શકાય છે.

તેથી પ્રારંભિક તબક્કામાં મૌખિક ભાષા-કૌશલ્યોના પ્રારંભિક વિકાસ પર ભાર મૂકવા ઉપરાંત, બાળકને પુષ્કળ સચિત્રાત્મક છપાયેલી સામગ્રીનું પણ ભાથું તેને R1 (જે પ્રાધાન્યરીતે L1 હોય છે, પરંતુ અમુક પરિસ્થિતિઓમાં તે L2 પણ હોઈ શકે છે, જે ઉપરના મુદ્દામાં પણ સમજાવ્યા પ્રમાણે)માં મળે તે ખાસ જોવું જોઈએ. આ સચિત્રાત્મક સામગ્રી મુખ્યત્વે ચિત્રવાર્તા કે બાળવાર્તાનાં પુસ્તકોથી શરૂ થશે. R1 અથવા R2 ભાષાના મૂળાક્ષરોથી બનેલા અક્ષરો અને દરેક ભાષાના સરળ શબ્દો અને શબ્દસમૂહો, ચિત્રો, આકારો અને સંખ્યાઓ બાળકો સરળતાથી જોઈ શકે એવી રીતે શાળાના વર્ગખંડની દીવાલો પર લગાવી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં R1 અને R2 ભાષાના સમાન અક્ષરો હોઈ શકે છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં તેઓ અલગ પણ હશે.

કારણ કે બોલચાલની ભાષાની જેટલું સરળતાથી વાંચન અને લેખન આવડી જતું નથી. તેના માટે અર્થપૂર્ણ સંદર્ભો પ્રયોજીને સઘન પ્રયત્નો કરવા આવશ્યક છે. આ માટે શબ્દના મથાળાં સાથેનાં ચિત્રપુસ્તકો (લેખિત શબ્દોનો દૃશ્ય સંસર્ગ મેળવવા માટે) થી લઈને મોટેથી વાંચવાની પુસ્તકો (જે બાળકને શબ્દના ઉચ્ચાર અને તેની લેખિત આવૃત્તિ વચ્ચે અનુસંધાન સાધવા માટે-મોટેથી વાંચવામાં આવે છે) નો અનુભવ આપવો જોઈએ. આ પછી સામૂહિક વાંચન, માર્ગદર્શન સાથેનું વાંચન અને અંતે વધુ જટિલ વાર્તાઓ અને પુસ્તકના સ્વતંત્ર વાંચનનાં સોપાનો સર થાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ. બાળકોની રુચિ વધારવા માટે સચિત્ર વાર્તાનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવે જે મનોરંજક, રંગીન અને આકર્ષક હોવાં જોઈએ. વધુમાં, તે સ્થાનિક અને ભારતીય સંદર્ભ, પરંપરાઓ અને સાહિત્ય સાથે જોડાયેલાં હોવાં જોઈએ. રમત અને વાતચીત દ્વારા મજા આવે તેવી રીતે અક્ષરો અને તેમના અવાજોને જોડીને વાંચન/સંકેતની ઓળખાણ સરળતાથી શીખવી શકાય છે (દા.ત., તમે બીજા કયા શબ્દો જાણો છો કે જે અવાજ 'બ'નો ઉપયોગ કરે છે, 'બ' સિવાયના અન્ય કયા અવાજો તમે તમારા હોઠ વડે કરી શકો છો, કયો શબ્દ આગળ હોય અને પાછળ સમાન રીતે પ્રયોજાયેલો છે).

લેખનનો અભિગમ રચનાત્મક હોવો જોઈએ. તે અભિવ્યક્તિનું એક સ્વરૂપ છે, કોઈ બોજારૂપ કાર્ય નથી. આથી, આ સંદર્ભમાં બાળક માટે પ્રથમ સોપાન ચિત્રકામ છે, પછી જે તે ચિત્રને નામ આપવું (જેમાં શરૂઆતમાં મજા પડે તેવા બનાવેલા નાના શબ્દો હોય.

સાક્ષરતા માટે આ એક અર્થપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ પગલું છે) આ પછી એક કરતા વધુ શબ્દો (શબ્દ સમૂહ કે શબ્દ-જૂથ) દ્વારા વધુ અભિવ્યક્ત કરતા શીખવું અને અંતે સંપૂર્ણ વાક્યો તરફ આગળ વધવું. અભ્યાસપુસ્તિકા, લેખન સંદર્ભી રમતો અને માર્ગદર્શન સહ થતા લેખનની અન્ય સંકલ્પનાઓનો આધાર લઈને આ સંદર્ભે વધુ મહાવરો આપી શકાય છે.

ધોરણ 1 અને 2 માં જ્યારે બાળકો વાંચન અને લેખન શીખતાં હોય ત્યારે અર્થ-કેન્દ્રિત અને કૌશલ્ય-કેંન્દ્રિત એમ બંને પ્રવૃત્તિઓ જરૂરી છે. શિક્ષકોએ વ્યક્તિગત કૌશલ્યો (દા.ત., સંજ્ઞા કે સંકેતોની ઓળખ, પ્રવાહિતા, જોડણી, યોગ્ય રીતે લખવું વગેરે) અને ભાષાના સમગ્રતાલક્ષી અર્થપૂર્ણ ઉપયોગના લક્ષ્યને પામવા માટે વાંચન, લેખન અને બોલચાલની ભાષાની પ્રવૃત્તિઓ વચ્ચે તાલમેળ સાધવાની જરૂર છે. વર્કબૂક એવી હોવી જોઈએ જે બાળકોને નિયમિત વાંચન અને લેખનનો અભ્યાસ કરવાની તક પૂરી પાડે. તેની અંદર સામેલ વર્કશીટનું પણ યોગ્ય મૂલ્યાંકન થવું જોઈએ.

4. એક વાર R1 માં બાળકનો વાંચન અને લેખનનો ખ્યાલ વિકસિત થઈ જાય પછી, અન્ય લિપિ પરિચય ધીમે-ધીમે શરૂ કરી શકાય છે.

બાળક 8 વર્ષની વય (ધોરણ- 3) સુધીમાં R1 માં સ્વતંત્ર વાંચતું અને લખતું થાય તે બંને મુખ્ય હેતુ છે. વાંચન અને લેખનનો અભિગમ R2 અને R3 માટે સમાન છે, જેમાં શરૂઆત મોટેથી બોલીને થતા વાંચનથી શરૂ કરીને, સંકેતો અને ઉચ્ચાર વચ્ચે અનુસંધાન સધાય તે માટેની પ્રવૃત્તિઓ કરાવવાનો છે. ત્યાર બાદ,સામૂહિક વાંચનથી લઈને યોગ્ય માર્ગદર્શન સાથે વાંચન સુધી લઈ જઈને બાળક લેખન માટે પ્રવૃતિઓ કરતો થાય તે જોવાનું છે. આ શ્રેણીમાં અંતે બાળકને કવિતાઓ, ગીત, સાહિત્ય, નાટક, રમતો અને અન્ય સ્વતંત્ર લેખન તરફ દોરી જાય છે. ગીતો, સાહિત્ય, નાટક, રમતો અને અન્ય સર્જનાત્મક ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા સ્વતંત્ર લેખન ભણી દોરી જવાનો હોય છે. શિક્ષણને વધારવા માટે પુષ્કળ પ્રમાણમાં કાર્યરત છે. કારણ કે R1 દ્વારા વાંચન અને લેખનનો ખ્યાલ પહેલેથી જ શીખી લેવામાં આવ્યો છે, માટે નવી લિપિ શીખવાની પ્રક્રિયા R2 અને R3 માટે બૌદ્ધિક દૃષ્ટિએ ઘણી સરળ છે.

R1, R2 અને R3 ને સાંકળતો ભાષાશિક્ષણનો વર્ગ જો R1–R3 કરતાં અલગ હોય તો ઉપર મુજબ L1 ના આધારના સાતત્ય સાથે ચાલુ રહેશે. અહીંયાં મુખ્ય ઉદ્દેશ્ય ઉચ્ચ સ્તરના બૌદ્ધિક પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરતો થાય તે છે, કારણ કે બાળકો પાયાના સ્તરે બધી ભાષાઓમાં કથન, વાંચન અને લેખનની ક્ષમતામાં પ્રગતિ કરે છે.

**ભાષાને લગતા મુખ્ય વિચારોનો સારાંશ**

શક્ય હોય ત્યાં સુધી પાયાના તબક્કામાં શિક્ષણનું માધ્યમ ઘરમાં બોલાતી ભાષા (L1) હશે. જ્યાં શક્ય ન હોય ત્યાં, શિક્ષણ-અધ્યયન પ્રવૃત્તિઓમાં બાળકની L1 ના ઔપચારિક ઉપયોગને સમર્થન આપવા અને L1 થકી શાળામાં વપરાતી ભાષાઓમાં સાથે સંકલન સાધવા માટે પગલાં લેવામાં આવશે. બાળકો શક્ય તેટલી વહેલી તકે બહુવિધ બોલાતી ભાષાઓમાં ડૂબી જશે, જેનું વાર્તાલાપ આધારિત પ્રવૃત્તિઓ (દા.ત., વાર્તાલાપ, TPR, કવિતા, ગીતો, નાટક અને અનુભવોનું વર્ણન) દ્વારા વધુ બહેતર બનશે. આનો મુખ્ય હેતુ ધોરણ-૩ સુધીમાં બે ભાષાઓમાં બોલચાલની નિપુણતા (જે બંનેમાં સમાન સ્તરની હોય તે જરૂરી નથી) હાંસલ કરવાનો હશે

વાંચન અને લેખનનો ખ્યાલ શરૂઆતમાં R1 દ્વારા વિકસાવવામાં આવ્યો છે, જે શક્ય હોય ત્યાં બોલચાલની ભાષાના વિકાસ, અર્થ-નિર્માણ આધારિત પ્રવૃત્તિઓ અને પ્રિન્ટ સામગ્રીના પ્રારંભિક સંપર્ક દ્વારા L1 રહેશે. ઉચ્ચારો અને લિખિત સંકેતની સમજણ અને તેમની વચ્ચેના અનુસંધાન (ડીકોડિંગ) ની રમતો અને વાતચીત આધારિત પાઠના માધ્યમથી વિકસાવવામાં આવશે.

વાંચનકૌશલ્ય સૌપ્રથમ R1 માં ચિત્ર અને વાર્તા પુસ્તકો, મોટેથી વાંચવાનાં પુસ્તકો, સહવાંચન, માર્ગદર્શન આધારિત વાંચન અને ઉત્તમ વાચકોની સહાયથી વધુ સ્વતંત્ર વાંચન દ્વારા વિકસિત કરવામાં આવશે, જેમાં કવિતા, ગીતો, સાહિત્ય, નાટક, રમતોનો વગેરેનો સમાવેશ થાય છે. એવા કિસ્સામાં જ્યાં R1 અને L1 જુદા છે, ત્યાં શક્ય હોય ત્યાં સુધી L1 સાથે જ્યાં સુધી અનુસંધાન સાધી શકાય ત્યાં સુધીની ગોઠવણ કરવામાં આવશે. લેખનકૌશલ્ય રેખાંકન, નામપટ્ટી, સંશોધનાત્મક જોડણી, લેખન કાર્યપુસ્તકો, લેખન આધારિત જરૂરી રમતો અને માર્ગદર્શન આધારિત લેખનનાં અન્ય સ્વરૂપો દ્વારા R1 માં વિકસાવવામાં આવશે, ત્યાર બાદ સંપૂર્ણ વાક્યોનું વધુ સ્વતંત્ર લેખન શબ્દો, શબ્દસમૂહો અને પછી અર્થપૂર્ણ અને સર્જનાત્મક સંદર્ભો સાથે કરવામાં આવશે. તેના પછીનો વાંચન અને લેખનકૌશલ્ય વિકસાવવા માટેનો અભિગમ R2 અને R3 માં સમાન હશે. ધોરણ 3 સુધીમાં R1 માં સાક્ષરતાકૌશલ પ્રાપ્ત કરવાનાં રહેશે.

# પ્રકરણ - 4
# શિક્ષણશાસ્ત્ર



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

સલામત, સુરક્ષિત, આરામદાયક અને સુખી વર્ગખંડનું વાતાવરણ બાળકોને વધુ સારી રીતે શીખવામાં અને પાયાના તબક્કે વધુ હાંસલ કરવામાં મદદ કરી શકે છે. અનુભવ, પ્રયોગ અને અન્વેષણ કરવાની પૂરતી તકો સાથે કાળજી અને પ્રતિભાવ એ આ તબક્કે શિક્ષણશાસ્ત્રની ઓળખ છે.

વિભાગ 4.1 પાયાના તબક્કે શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોની રૂપરેખા આપી છે, જેના આધારે બાકીનાં પ્રકરણ સ્પષ્ટ કરવામાં આવ્યાં છે. વિભાગમાં વર્ણવ્યા મુજબ આયોજન એ સારા શિક્ષણ માટેનું પ્રથમ પગલું છે. 4.2 બાળકો ત્યારે ખીલે છે જ્યારે તેમના શિક્ષક સાથેનો તેમનો સંબંધ પોષક હોય છે. વિભાગ 4.3 વર્ગખંડમાં આ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રમત દ્વારા શીખવું એ આ ઉંમરનાં બાળકો કરે છે - વિભાગ 4.4 રમત દ્વારા શીખવાની વિવિધ રીતોની વિગત, વિભાગ 4.5 સાક્ષરતા અને સંખ્યાના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરે છે. સમગ્ર શિક્ષણશાસ્ત્રની પ્રક્રિયા સકારાત્મક વર્ગખંડ સંસ્કૃતિ દ્વારા સક્ષમ છે, જેનું વર્ણન વિભાગ 4.6 માં કરવામાં આવ્યું છે. વિભાગ 4.7 વર્ગખંડના વાતાવરણને સ્પર્શે છે જે આવા શિક્ષણશાસ્ત્રને સમર્થન આપી શકે છે.

### વિભાગ 4.1 : શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતો

શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતો પાયાના તબક્કા માટે યોગ્ય વર્ગખંડમાં શિક્ષણ વ્યૂહરચનાને લગતા તમામ નિર્ણયો અંતર્ગત છે. નીચે આપેલ સિદ્ધાંતો વર્ગખંડના આયોજન અને સૂચનાઓ વિશે જાણ કરે છે:

1. આ તબક્કે સુરક્ષિત અને ઉત્તેજક વાતાવરણ એ વિકાસ અને શીખવા માટે મૂળભૂત છે.
2. શીખવા અને વિકાસના તબક્કે રમત કેન્દ્રિય છે.
3. શિક્ષક અને બાળક વચ્ચેના સંબંધોને જાળવવા એ અધ્યયન અને અધ્યાપનનો આધાર છે.
4. બાળકોને ધ્યાનથી સાંભળવાં અને 'તેમની સાથે રહેવું' ખૂબ જ મહત્ત્વનું છે.
5. આ તબક્કે શારીરિક વિકાસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.
6. દરેક બાળક પોતાની ગતિએ શીખે છે અને શીખવાની જરૂરિયાતોને વ્યક્તિગત રીતે સંબોધવામાં આવે છે.
7. પાયાના તબક્કે બાળકો સૌથી વધુ આરામદાયક હોય છે અને તેઓ તેમની માતૃભાષામાં શ્રેષ્ઠ રીતે શીખે છે.
8. વર્ગખંડમાં શીખવાના અનુભવો બાળકોના જીવન અને તેમના સંદર્ભો સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે.
9. બાળકોની અગાઉની સમજણના આધારે શીખવાના અનુભવો તૈયાર કરવામાં આવે છે.
10. વર્ગખંડ પ્રક્રિયાઓ વિકાસના તમામ ક્ષેત્રોને સંબોધિત કરે છે.

### વિભાગ 4.2 અધ્યાપન માટે આયોજન

અધ્યાપન એ બાળકોમાં અધ્યયન લાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવેલું એક ઈરાદાપૂર્વકનું કાર્ય છે. આ ઈરાદાપૂર્વક કાર્યનું આયોજન સારી રીતે કરવાની જરૂર છે. સારા અધ્યાપન માટે આયોજન કેન્દ્રસ્થાને છે.

આયોજનમાં ક્ષમતાઓ અને પ્રાપ્ત થનાર અધ્યયન નિષ્પત્તિઓ અનુસાર વર્ગખંડનાં કાર્યોનું નિર્માણ અને સંગઠન, અનુસરવામાં આવનાર પદ્ધતિશાસ્ત્ર, સંસાધનોનો ઉપયોગ કરવા અને હાથ ધરવાના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. આયોજનમાં

બાળકો માટેની સહાયક પ્રવૃત્તિઓ, ગૃહકાર્ય અને વર્ગમાં જે શીખવવામાં આવે છે તેને લગતાં પ્રદર્શનોનો પણ સમાવેશ થાય છે. આખા શૈક્ષણિક વર્ષ માટે, સત્ર માટે, અઠવાડિયા માટે, દિવસ માટે અને પાઠ માટે યોજનાઓ બનાવવામાં આવે છે. વાર્ષિક અને સત્ર આયોજન કરવાની જવાબદારી રાજ્ય/જિલ્લા/શાળાની હોઈ શકે છે. તેથી, શિક્ષકોએ અઠવાડિયા, દિવસ અને પાઠ માટે આયોજન કરવું જોઈએ.

**વિભાગ 4.3 શિક્ષકો અને બાળકો વચ્ચે સકારાત્મક સંબંધ બાંધવો**

જ્યારે આપણે આપણા વર્ગખંડમાં જઈએ છીએ, ત્યારે આપણને શું દેખાય છે? તેઓ તેજસ્વી, અવલોકન કરવામાં ઝડપી અને તેમની આસપાસની દરેક વસ્તુમાં રસ ધરાવતાં હોય છે. તેઓ સતત પ્રશ્નો પૂછે છે. કેટલીકવાર તેઓ લાંબા સમય સુધી શાંતિથી કંઈક અવલોકન કરી શકે છે. અન્ય સમયે, તેઓ થોડી મિનિટોમાં રસ ગુમાવે છે. કેટલીકવાર તેઓને કૂદીને ફરવાની જરૂર પડે છે.

બાળકો અન્ય સમયે, તેઓ શાંત વાર્તાનો આનંદ માણે છે. ક્યારેક તેઓ ઘરે જવા માટે રડે છે અને બૂમો પાડે છે. તે જ સમયે, તેઓ દિલાસો અને આનંદ માણવાનું પસંદ કરે છે, અને પાછા રહેવા માટે ખાતરી કરવા તૈયાર છે! તેઓ જિજ્ઞાસુ અને વિચારશીલ, આહ્લાદક અને નિર્ધારિત, પ્રેમાળ અને સાહસિક, રમૂજી અને નિર્ભય હોઈ શકે છે.

આ તબક્કે, ઘણાં બાળકો માટે, તે તેમના ઘરથી ઘણા કલાકો દૂર વીતાવવાનો તેમનો પ્રથમ અનુભવ પણ હોઈ શકે છે. બાળકોને માયા, સંવર્ધન અને પ્રેમની જરૂર હોય છે. તેમની સાથે કામ કરવું, તેમની સાથે રહેવું, તેમની સંભાળ રાખવાનો અર્થ એ છે કે તેઓ જે છે તે તમામ ખૂબ જ અલગ વ્યક્તિત્વનો આનંદ માણો!

શિક્ષકો ઉષ્માભર્યા અને સાચા, ધીરજવાન અને શાંત, સમજદાર અને સહાનુભૂતિ ધરાવનારા હોવા જોઈએ. આપણે આપણાં બાળકોને સમય અને ધ્યાન આપવાની જરૂર છે. બાળકોને એવું લાગવું જોઈએ કે તેઓ તેમના પોતાનાં છે, તેઓ તેમના પર વિશ્વાસ કરી શકે છે, તેઓએ નિ:સંકોચ કોઈ પણ કાર્ય માટે પ્રયાસ કરવો જોઈએ અને અન્વેષણ કરવું જોઈએ અને તેથી, વધુ સારી રીતે શીખવું જોઈએ.

**શિક્ષકો બાળકો સાથે સકારાત્મક સંબંધ કેવી રીતે બનાવી શકે?**

શિક્ષક તરીકે આપણું કામ એ સુનિશ્ચિત કરવાનું છે કે બાળકો શાળામાં સ્થાપિત થાય અને તેમનો સમય માણે. શિક્ષક અને બાળક વચ્ચેનો સુરક્ષિત, સકારાત્મક સંબંધ ભાવનાત્મક અને જ્ઞાનાત્મક વિકાસ માટે બંનેને સમૃદ્ધ બનાવે છે.

આવા સકારાત્મક સંબંધ બનાવવાની કેટલીક મહત્ત્વપૂર્ણ રીતો છેઃ

ક. દરેક બાળકને વ્યક્તિગત રીતે જાણવું.

ખ. બાળકોને સાંભળવાં.

ગ. બાળકોનું અવલોકન કરવું.

ઘ. બાળકોના સાહજિક પ્રતિભાવોને પ્રોત્સાહિત કરવા.

ચ. બાળકોની લાગણીઓ અને માનસિક અવસ્થાને ઓળખવાં અને તેનો પ્રતિસાદ આપવો.

છ. તેમના ઘરની નિયમિત મુલાકાત લેવી.

શિક્ષકો, પરિવારો અને સમુદાય વચ્ચેના સંબંધો

પરિવારએ બાળકોના પ્રથમ શિક્ષક છે. બાળકના ઘડતરનો પાયો પરિવાર જ છે. તેથી, બાળકોના શિક્ષણ અને વિકાસને આધાર આપવા માટે શાળાઓ અને પરિવારોની સહિયારી જવાબદારી છે. જયારે નિયમિતપણે પરિવારો દ્વારા શાળાની મુલાકાત થતી હોય અથવા નિયમિત ધોરણે શિક્ષક દ્વારા બાળકના ઘરની મુલાકાત લેવાતી હોય તો શિક્ષક અને બાળકના પરિવાર વચ્ચેનું પ્રત્યાયન ઉત્તમ પરિણામ આપી શકે.

**વિભાગ 4.4 રમત, વાર્તાલાપ, વાર્તાઓ, રમકડાં, સંગીત, કલા અને હસ્તકલા દ્વારા શીખવવું**

નાનાં બાળકો માટેના વર્ગખંડો જીવંત અને જીવનથી ભરેલા હોય છે. બાળકો વિવિધ રીતે શીખવાનો

આનંદ માણે છે - વાત કરવી, સાંભળવું, રમકડાંનો ઉપયોગ કરવો, સામગ્રી સાથે કામ કરવું, ચિત્રકામ અને ચિત્ર દોરવું, ગાવું, નૃત્ય કરવું, દોડવું અને કૂદવું. શિક્ષક તરીકે, અમે અમારાં બાળકો સાથે કામ કરવા માટે આ બધી રીતોનો ઉપયોગ કરીએ છીએ.

**વાતચીત દ્વારા શિક્ષણ**

ભાષા એ એવું માધ્યમ છે કે જેના દ્વારા બાળકો પોતાની જાત સાથે અને અન્ય લોકો સાથે વાત કરે છે. અધ્યયન માટે ભાષાને સ્પષ્ટ અને સહજતાથી સમજવાની અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા જરૂરી છે. આ માટે શાળા અને પરિવારમાં બાળક સાથે વધુમાં વધુ સંવાદ કરવો જોઈએ. સંવાદ દ્વારા બાળક વધુ ને વધુ અભિવ્યક્ત થતા શીખે છે.

બાળકોની તેમની આસપાસના લોકો અને વસ્તુઓ સાથે એકરૂપ થવાની ક્ષમતા માટે વાતચીત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. બાળકો સાથે સતત વાતચીત વર્ગખંડમાં વિશ્વાસના સંબંધો બનાવવામાં મદદ કરે છે. વર્ગખંડમાં મુક્ત વાર્તાલાપ, સંરચિત વાર્તાલાપ દ્વારા અભિવ્યક્તિની ખિલવણી કરાવી શકાય છે.

**રમકડા આધારિત શિક્ષણ**

આ રમત આધારિત શિક્ષણશાસ્ત્રનો એક મહત્ત્વપૂર્ણ પેટા સમૂહ છે. નાનાં બાળકો પ્રથમ હાથના અનુભવો દ્વારા અને વાસ્તવિક વસ્તુઓ સાથે કામ કરીને શીખે છે. તેઓ પ્રયાસ કરે છે, અન્વેષણ કરે છે.

વર્ગખંડના વાતાવરણમાં રમકડાંની સાથે રમીને કંઈક નવું શોધખોળ કરવાની આ ભાવના કેળવવી જોઈએ. દરેક બાળકની આજુબાજુમાં ઘણાં સ્થાનિક રમકડાં ઉપલબ્ધ છે. આનો ઉપયોગ અધ્યયન અને અધ્યાપન માટે મહત્ત્વના સ્રોત તરીકે થવો જોઈએ. રમકડું સરળ હોય કે જટિલ, તેમાં બાળક માટે શીખવા માટેનો પાઠ હોય છે. જ્યારે બાળક એક રમકડું ધરાવે છે, અને તેની સાથે રમે છે, ત્યારે તે તેની ચપળતા મોટર કુશળતાનો ચકાસે છે અને તેના હાથ-આંખના સંકલનને મજબૂત બનાવે છે.

રમકડાં કે જે બાળકોને દબાણ કરવા, ખેંચવા, પકડવા, ચાવી ભરવા, ફેરવવા અથવા અન્યથા તેમના હાથ અને શરીરનો ઉપયોગ કરીને તેને કંઈક કરવા માટે જરૂરી હોય છે તે બાળકના વિકાસમાં નિમિત્ત બને છે. જ્યારે બાળક બ્લોક્સ સાથે ટાવર બનાવે છે અને આખરે તેને જમીન પર પડતો જુએ છે, ત્યારે તે ખ્યાલો શીખે છે અને આ પડતા બ્લોક્સને રોકવા માટેના ઉકેલ વિશે વિચારે છે. ઉખાણાં બાળકને તરાહ શોધવામાં મદદ કરે છે. જ્યારે બાળકો બ્લોક્સ, ઢીંગલીઓ, પ્રાણીઓનાં રમકડાં, દડા, નાની-કાર અથવા અન્ય રમકડાંનો ઉપયોગ કરે છે, ત્યારે તેઓ તેમના મનમાં વાર્તાઓ અને જીવંત દૃશ્યો બનાવવાનું શરૂ કરે છે. પૂઠાની રમતો બાળકોને સરળ નિયમોનું પાલન કરવાનું અને ભાષા અને ગણિત જેવા વિષયોની સમજ વધારવાનું શીખવે છે.

રમકડાં પણ સરળતાથી ઉપલબ્ધ વસ્તુઓ જેમ કે કાપડ, શીશીઓ, પેપરનાં પૂઠાંના ખોખાં, ઊન, રસોઈ તવાઓ, બંગડીઓ, પાઈપ સાફ કરનાર અને પીનકોન્સમાંથી પણ બનાવી શકાય છે.

**ગીતો અને જોડકણાં**

બાળકોને ગીતો અને જોડકણાં ગાવાનું અને સંગીત પર નૃત્ય કરવાનું પસંદ છે. ગીતો પણ ભાષા શીખવાનું એક અદ્‌ભુત માધ્યમ છે. બાળકને કોઈ પણ સંકલ્પના શીખવાડવા માટે યોગ્ય ગીતો પસંદ કરી શકાય છે. ઉદાહરણ તરીકે, ગીત ‘પાંચ નાના વાંદરાઓ, પલંગ પર કૂદતા, એક પડી ગયો અને તેના માથામાં ઈજા થઈ, મમ્મીએ ડૉક્ટરને બોલાવ્યા અને ડૉક્ટરે કહ્યું, હવે કોઈ વાંદરો પલંગ પર કૂદકો લગાવે નહીં.’ આ ગીતનો ઉપયોગ પ્રાણીઓ, તેમની હિલચાલ, ઈજા, ડૉક્ટરનું કામ અને ગણતરી વિશે જાણવા માટે થઈ શકે છે. આ ગીત ગાવાનું અને અભિનય કરવાની પણ બહુ મજા આવે છે !

બાળકો ગીતો દ્વારા વિવિધ સંકલ્પનાઓ સમજે છે અને તેમનો શબ્દભંડોળ પણ વિસ્તરે છે. ગીતો સાથે સંકળાયેલી શારીરિક ગતિવિધિઓ બાળકની ગ્રોસ અને ફાઈન કુશળતાઓ, શારીરિક હલનચલન અને હાવભાવ

વધારે છે જેથી બાળકોને સંકલ્પનાઓ સમજવામાં મદદ કરે છે. ગીતો બાળકો વચ્ચે ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહન આપે છે અને સહકાર તરફ દોરી જાય છે.

**કલા અને હસ્તકલા**

બાળકોને રંગો સાથે રમવાની અને તેમને રસ હોય તેવું કંઈક બનાવવાની મજા આવે છે.

કલા અને હસ્તકલા બાળકોને તેમના વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવા માટેનું બીજું માધ્યમ પૂરું પાડે છે. પ્રકૃતિમાં અને તેની સાથે સમય પસાર કરવો.

માત્ર પુસ્તકમાં તેના વિશે વાંચવા અથવા વાર્તામાં તેના વિશે સાંભળવા કરતાં જ્યારે તમે તેને તમારી સામે જુઓ ત્યારે માછલી શું છે તે સમજવું ખૂબ સરળ છે. અને તે ખૂબ મજા પણ છે !

**ફિલ્ડ ટ્રિપ્સ**

સ્થાનિક શાકભાજી બજાર, નવાં સ્થળો અને અવાજોથી ભરેલું એટલું જ આકર્ષક સ્થળ બની શકે છે! ડૉક્ટરનું ક્લિનિક, બસસ્ટેશન, પોસ્ટઑફિસ અને પોલીસ સ્ટેશન બધું જ બાળકોને અજાણ્યા પરંતુ રસપ્રદ વિશ્વનો પરિચય કરાવી શકે છે, તેમને ઘણી નવી વસ્તુઓ શીખવી શકે છે. શીખવાની પ્રક્રિયાના ભાગરૂપે નાની, સ્થાનિક ફિલ્ડ ટ્રિપ્સ બાળકોએ વર્ગખંડમાં મેળવેલા જ્ઞાનને મજબૂત બનાવે છે અને તેમને વધુ પ્રશ્નો પૂછવા અને તેઓ પહેલેથી જ જાણે છે તેવી વસ્તુઓ સાથે વધુ જોડાણો બનાવવા દબાણ કરે છે. બાળકો પણ આ અનુભવો દ્વારા પોતાને સંચાલિત કરવાનું શીખે છે.

**વિભાગ 4.5 સાક્ષરતા અને અંકશાસ્ત્ર માટે વ્યૂહરચના**

સાક્ષરતા અને અંકશાસ્ત્ર માટે ખાસ કરીને ધોરણ 1 અને 2 માટે સંરચિત શિક્ષણનો એક મહત્ત્વપૂર્ણ ઘટક ઉમેરવામાં આવશે. એ સુનિશ્ચિત કરવું મહત્ત્વપૂર્ણ છે કે 3-6 વર્ષની વયનાં બાળકો માટેના અભ્યાસક્રમને એવી રીતે આયોજન કરવામાં આવે કે જે બાળકોના અભ્યાસ પર આધારિત હોય. તે ચોક્કસ વયની ક્ષમતાઓ અને ધોરણ - 1થી અભ્યાસક્રમના નીચા વિસ્તરણને બદલે ઔપચારિક શિક્ષણ તરફ દોરી જાય છે.

**ભાષા અને સાક્ષરતા શીખવવી**

પ્રારંભિક ભાષાના વર્ગખંડો મુખ્યત્વે વર્ણમાલા અને મંત્રો શીખવવા, શિક્ષક અથવા બાળકો દ્વારા વાંચવામાં આવતા લખાણનું જૂથ પુનરાવર્તન અને નકલ અથવા હસ્તલેખનની પ્રેક્ટિસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અર્થલક્ષી કાર્ય પર ઓછો ભાર આપવામાં આવે છે, અને બાળકોને વાચકો અને લેખકો તરીકે વિકસાવવાની થોડી તકો પૂરી પાડવામાં આવે છે.

શરૂઆતનાં વર્ષોમાં ભાષા અને સાક્ષરતાના શિક્ષણે બાળકોને 'લોઅર-ઓર્ડર' કૌશલો શીખવાનું સંતુલન પૂરું પાડવાની સાથે વાચકો અને લેખકો તરીકે પોતાને શોધવાની પૂરતી તકો પૂરી પાડવી જોઈએ (દા.ત., ધ્વન્યાત્મક જાગૃતિ, ડીકોડિંગ, અક્ષરો લખવા અને શબ્દો યોગ્ય રીતે) અને 'ઉચ્ચ-ક્રમ' કૌશલ્યો (દા.ત., મૌખિક ભાષાવિકાસ, પુસ્તકો સાથે સંલગ્ન, ચિત્રકામ અને મૂળ લેખન) જે અર્થ-કેન્દ્રિત છે.

**4.5.1 વ્યૂહરચનાઓ જે આપાતકાલીન સાક્ષરતાને સમર્થન આપે છે**

આપાતકાલીન સાક્ષરતાને ટેકો આપતી કેટલીક વ્યૂહરચનાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

ક. બાળકોને પુસ્તકો સાથે જોડવા અને 'વાંચવાનો ડોળ કરવા' (જુઓ અને કહો), સચિત્ર વાર્તાપુસ્તકો કે જે તેઓએ શિક્ષક દ્વારા મોટેથી વાંચતા સાંભળ્યા હોય તેને પ્રોત્સાહિત કરવા.

ખ. બાળકોને પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે ફ્લોર પર, તેમની સ્લેટ અથવા નોટબુક પર દોરવા અને લખવા અથવા સ્ક્રિબલ કરવા પ્રોત્સાહિત કરવા.

ગ. મુદ્રિત સંસાધનોના ઉપયોગ દ્વારા વર્ગખંડમાં છાપ-સમૃદ્ધ વાતાવરણ બનાવવું (દા.ત., મોટાં પુસ્તકો, ચિત્ર પુસ્તકો, વાર્તા પોસ્ટર, કવિતા પોસ્ટરો, બાળકોના સામયિકો) બાળકોની પહોંચમાં વર્ગખંડમાં પ્રદર્શિત રાખવામાં આવે છે.

ઘ. વર્ગખંડમાં 'વાંચન ખૂણા અને 'લેખન ખૂણા'નું સ્થાપન કરવું.

### 4.5.1.2 પ્રારંભિક ભાષા અને સાક્ષરતાના ઘટકો

શરૂઆતનાં વર્ષોમાં ભાષા અને સાક્ષરતાના વિકાસ માટે કૌશલો, જ્ઞાન અને વલણની વિશાળ શ્રેણી વિકસાવવી જરૂરી છે. કુશળ વાંચન અને લેખન માટે બાળકને બોલાતા શબ્દોમાં અલગ-અલગ અવાજો ઓળખવા, અક્ષર-ધ્વનિના સંબંધોને ઓળખવા, ધ્વનિને જોડીને શબ્દો બનાવવા, શબ્દભંડોળ વિકસાવવા, શું લખ્યું છે તે સમજવું અને વાંચનનો પ્રવાહ વિકસાવવો જરૂરી છે. આ માટે સાક્ષરતાના શિક્ષણમાં સમજણ, શબ્દભંડોળ, પ્રવાહિતા, શબ્દ ઓળખ, અક્ષર જ્ઞાન જાગૃતિનું નિર્માણ કરતી ઘણી પ્રક્રિયાઓનો સમાવેશ કરવાની જરૂર છે.

**પ્રારંભિક ભાષા અને સાક્ષરતાના ઘટકોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :**

ક. **આપાતકાલીન સાક્ષરતા કૌશલો :** છાપવા વિશે જાગૃતિ વિકસાવવી, વાંચનનો ડોળ કરવો (ચિત્રો વાંચવાં), લોગોગ્રાફિક વાંચન (ચિત્રો તરીકે શબ્દો વાંચવા), ચિત્રકામ અને કંઈક રજૂ કરવા અને વ્યક્ત કરવા માટે સ્ક્રિબલિંગ. મુદ્રણ વિશેના ખ્યાલોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- i. મુદ્રિત શબ્દોને જાણવા. એ બોલાતી ભાષાના શબ્દો માટેનાં પ્રતીકો છે, જે મૌખિક અને લેખિત ભાષા વચ્ચેના આંતરસંબંધને જોવામાં મદદ કરે છે.
- ii. મુદ્રણનાં કાર્યો અને સ્વરૂપો દા.ત. વાર્તાપોથીમાં, નોટિસો અને જાહેરાતોમાં, પોસ્ટરોમાં, પત્રો લખવા માટે, અને વિચારો અન્ય લોકો સુધી વિચારો પહોંચાડવા.
- iii. એ જાણવું કે લખાણમાં મોટે ભાગે ડાબેથી જમણે અભિગમ હોય છે (ઉદા., ઉર્દૂ અપવાદો સાથે); કે એક શબ્દ આગળ છે, અને સ્પેસ દ્વારા અનુસરવામાં આવે છે; મુદ્રિત લખાણમાં અક્ષરો, શબ્દો અને વાક્યો છે; વિરામચિહ્નોને સમજવાં અને શબ્દો લંબાઈમાં કેવી રીતે અલગ પડે છે તે જાણવું.
- iv. પુસ્તક જાગૃતિ અને પુસ્તક સંભાળવાની રીતો.

ખ. **મૌખિક ભાષા વિકાસ :** સાંભળવાની સમજણમાં સુધારો, મૌખિક શબ્દભંડોળ વિકાસ અને સાથીદારો અને જાણકાર અન્ય લોકો (દા.ત., વૃદ્ધો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતાપિતા) સાથે શીખવા માટે વાતચીત અને વાર્તાલાપનો ઉપયોગ

ગ. **ઉચ્ચારણ જાગૃતિ :** ઉચ્ચારણ જાગૃતિ એ ભાષાના ધ્વનિ બંધારણની સમજ છે, એટલે કે વાક્યો જે શબ્દો, ઉચ્ચારણ અને ધ્વનિના નાના એકમોથી બનેલાં છે. આ જ્ઞાન પ્રથમ મૌખિક રીતે વિકસાવવામાં આવે છે.

ઘ. **સંકેતીકરણ :** પ્રતીકો અને તેમના અનુરૂપ અવાજો વચ્ચેના સંબંધને સમજવાના આધારે, લેખિત શબ્દોને સંભળાવીને તેનો અર્થ કાઢવો. તે અવાજોને વ્યક્તિગત અક્ષરો અને અક્ષરોના સંયોજનો (અક્ષરો) સાથે સાંકળવાની ક્ષમતા છે અને સમગ્ર શબ્દનો ઉચ્ચાર (અથવા વાંચવા) કરવા અને અર્થ ઓળખવા અવાજોને એકસાથે મિશ્રિત કરવાની ક્ષમતા છે.

ચ. **સમજણ સાથે વાંચન :** લેખિત લખાણમાંથી અર્થ બનાવવો તેના વિશે વિવેચનાત્મક રીતે વિચારવું.

છ. **અસ્ખલિત વાંચન :** શબ્દોની સચોટ, સ્વચાલિત ઓળખ અને અભિવ્યક્તિ સાથે વાંચન.

જ. **લેખન :** તાર્કિક અને વ્યવસ્થિત રીતે વિચારો અથવા માહિતીની રજૂઆત સાથે શબ્દોને યોગ્ય રીતે લખવાની ક્ષમતા.

ઝ. **વાંચવાની ઈચ્છા કે ટેવ કેળવવી :** પુસ્તકો અને અન્યની વિશાળ વિવિધતા સાથે સંલગ્ન રહેવું.

સામગ્રી વાંચવી અને સાહિત્ય માટે પ્રશંસા વિકસાવવી.

### 4.5.1.3 સંતુલિત સાક્ષરતા અભિગમ

સંશોધન દર્શાવે છે કે ભાષા અને સાક્ષરતાના ઉપરોક્ત ઘટકો વિકસાવવા માટે સંતુલિત સાક્ષરતા અભિગમ તરીકે ઓળખાતા પદ્ધતિસર અને અર્થપૂર્ણ અભિગમની જરૂર છે. સંતુલિત અભિગમ શબ્દ ઓળખ કૌશલ્ય વિકસાવવા તેમજ અર્થ-નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે સંપૂર્ણ ભાષા (વાક્યો)ના ઉપયોગ સાથે સંકેતીકરણને સંતુલિત કરે છે; તેમજ મૌખિક ભાષા અને વાંચન અને લેખન વચ્ચે સંતુલન સાંધે છે.

શરૂઆતનાં વર્ષોમાં, ભાષા અને સાક્ષરતા અધ્યાપન બાળકોનાં મુખ્ય બે વિભાગ પર આધારિત હતું.

ક. **શબ્દોની ઓળખ અને ચોકસાઈ (નિમ્ન કક્ષાના કૌશલ)** : આમાં મુદ્રણ જાગૃતિ અને ઉચ્ચારણ જાગૃતિ
(સંકેતીકરણ શીખવતાં પહેલાં પાયાનાં કૌશલો તરીકે ગણવામાં આવે છે), સંકેતીકરણ , અક્ષરો અને શબ્દોને યોગ્ય રીતે લખવાનો સમાવેશ થાય છે.

ખ. **ભાષાની સમજણ અને અભિવ્યક્તિ (ઉચ્ચ કક્ષાના કૌશલ)** : મૌખિક ભાષાવિકાસ, શબ્દભંડોળ વિકાસ, સમજણ સાથે વાંચન (વાંચન માટે સક્રિય પ્રતિભાવ સહિત), અને મૂળ લેખન અથવા રચના.

ઉચ્ચ અને નિમ્ન કક્ષાનાં કૌશલો વચ્ચે સંતુલન રાખવાનું આયોજન વિવિધ મૌખિક રમતો, ઉચ્ચારણ જાગૃતિ પ્રવૃત્તિઓ, અક્ષર ઓળખ માટે સ્પષ્ટ સૂચના, ડીકોડિંગ અને શબ્દ-કાર્ય, ફાઇન મોટર પ્રવૃત્તિઓ, મોટેથી વાંચવું, વહેંચાયેલ વાંચન, માર્ગદર્શિત વાંચન, સ્વતંત્ર વાંચન, નમૂનારૂપ લેખન, માર્ગદર્શિત લેખન અને સ્વતંત્ર લેખન જેવી પ્રવૃત્તિઓ દ્વારા થઇ શકે છે.

ક. **મૌખિક ભાષા વિકાસ** : આ માટેની વ્યૂહરચનાઓમાં વાર્તા કહેવાની અને ચર્ચા, ચિત્રો અને મુદાઓ પર વાતચીત, બાળકો માટે મફત અને માર્ગદર્શિત વાર્તાલાપ દ્વારા તેમના અનુભવો રજૂ કરવાની તકો, ભૂમિકા ભજવવાની પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે છે.

ખ. **સાંકેતિક અનુદેશ અને શબ્દ ઉકેલ** : આ અક્ષર-ધ્વનિ સંબંધો સ્થાપિત કરવા માટે સ્પષ્ટ સૂચનાઓનો સંદર્ભ આપે છે. સાંકેતિક અનુદેશ એ ઉચ્ચારણ જાગૃતિની પ્રવૃત્તિઓને અનુસરવી જોઈએ, જ્યાં ધ્યાન શબ્દોમાં અવાજો (શરૂઆત, મધ્ય, અંતના અવાજો) તરફ નિર્દેશિત કરવાની જરૂર છે. અક્ષરો અને શબ્દો એકસાથે રજૂ કરવાના છે. જેથી અર્થનિર્માણ ભાષા અને સાક્ષરતા સૂચનાના કેન્દ્રમાં રહે (કારણ કે શબ્દો અર્થના મૂળભૂત એકમો છે).
ભારતીય લિપિઓમાં અસંખ્ય અક્ષરો છે અને તેથી અક્ષર જૂથોને કાળજીપૂર્વક પસંદ કરવા અને ક્રમમાં મૂકવાની જરૂર છે, જેથી કરીને બાળકો તેમના તાજેતરમાં પ્રાપ્ત કરેલા અક્ષર જ્ઞાન સાથે અર્થપૂર્ણ શબ્દો બનાવી શકે. શબ્દો અને અક્ષરોના વિભાજન અને મિશ્રણ સાથે શબ્દ ડીકોડિંગ અને જોડણી માટે સ્પષ્ટ સૂચના આપવાની જરૂર છે. અંગ્રેજીના કિસ્સામાં, ધ્વન્યાત્મક સૂચનાનો અર્થ એ છે કે મૂળાક્ષરોના અનુક્રમિક પરિચયને બદલે અંગ્રેજીમાં અવાજોનું પ્રતિનિધિત્વ કરતા ચોક્કસ અક્ષર સંયોજનો પર ધ્યાન આપવું.

ગ. **વાંચન વ્યૂહરચના :**

i. **મોટેથી વાંચો :** શિક્ષક સારી રીતે પસંદ કરેલ બાળસાહિત્ય (પાઠ્યપુસ્તકો નહીં)માંથી બાળકો સમક્ષ મોટેથી વાંચે છે. જેનો હેતુ બાળકોનો શિક્ષકની રજૂઆત પછી પુનરાવર્તન કરવાનો નથી પરંતુ તેમની ભાષાની ક્ષમતા અને શબ્દભંડોળ વિકસાવવાનો છે. મોટેથી વાંચવું એ બાળકોને સારા સાહિત્યનો પરિચય કરાવવાની અને તેમને શબ્દભંડોળ, ભાષાના ઉપયોગ અને અર્થ નિર્માણથી

પરિચિત કરાવવાની તક છે. ચર્ચાઓ અને વાર્તાલાપ એ આ પ્રવૃત્તિનો એક આવશ્યક ભાગ છે, જ્યાં બાળકો તેમને લખાણ વાંચી સંભળાવીને સક્રિયપણે જોડાય છે.

ii. **વહેંચાયેલ વાંચન :** શિક્ષકો મોટી પ્રિન્ટવાળા પાઠો પસંદ કરે છે જે દૂરથી જોઈ શકાય અને બાળકોને તેમની સાથે વાંચવા માટે પ્રોત્સાહિત કરે છે. જેમ જેમ બાળકો મોટેથી વાર્તાઓ વાંચે છે અને વહેંચાયેલ વાંચનમાં ભાગ લે છે, તેમ તેમ તેઓ હાલમાં જે સ્તરે વાંચી રહ્યા છે તેનાથી આગળ વધી શકે છે અને તેમની વાંચનક્ષમતા વિશે આત્મ-વિશ્વાસ કેળવે છે.

iii. **માર્ગદર્શિત વાંચન :** માર્ગદર્શિત વાંચનમાં, વાંચન માટેની જવાબદારી શિક્ષક પાસેથી બાળકો તરફ જાય છે. આ વહેંચાયેલ વાંચનથી અલગ છે, જ્યાં શિક્ષક વાંચનમાં આગેવાની લે છે જ્યારે બાળકો પ્રસંગોપાત યોગદાન આપે છે. આ કિસ્સામાં, બાળકો વાંચે છે જ્યારે શિક્ષક તેમને જરૂરિયાત મુજબ સહકાર આપે છે. આ પ્રક્રિયામાં, શિક્ષકે મોટેથી વાંચવા દરમિયાન અને વહેંચેલ વાંચન દરમિયાન જે પણ રીતો પ્રતીમાનિત કરી હોય તેનું દ્રઢીકરણ અને મહાવરો કરવામાં આવે છે.

iv. **સ્વતંત્ર વાંચન :** બાળકોને સ્વતંત્ર રીતે વાંચવાની તક આપવી જોઈએ. સ્વતંત્ર રીતે વાંચતી વખતે, તેઓ શાંતિથી વાંચવાની ટેવ વિકસાવે છે, વાંચનની ક્રિયાને મૂલ્ય આપવાનું શરૂ કરે છે, અને આનંદ માટે પુસ્તક પર ચિંતન અને અનુભવ કરે છે. તે અનુસરે છે કે બાળકોને તેઓ સ્વતંત્ર રીતે વાંચવા માંગતા હોય તે પુસ્તક પસંદ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

ઘ. **લેખન વ્યૂહરચના :**

i. **નમૂનારૂપ લેખન :** શિક્ષકોએ લખવાનું શીખતાં નાનાં બાળકો માટે લેખન પ્રક્રિયાને નમૂનારૂપ કરવાની જરૂર છે. જો આપણે ભાષાની સૂચનામાં અર્થને કેન્દ્રમાં રાખવા માંગતા હોય, તો નકલ એ બાળકો માટે બહુ અર્થપૂર્ણ પ્રવૃત્તિ નથી, ભલે તે લેખનક્ષમતા વિકસાવવામાં મદદ કરે. શિક્ષકો, લેખન પ્રક્રિયાનું મોડેલિંગ કરીને, નાના બાળકોને બોલવાની સાથે લેખન પણ એક અભિવ્યકતી પ્રવૃત્તિ તરીકે જોવાનું શરૂ કરવા પ્રોત્સાહિત કરે છે.

ii. **વહેંચાયેલ લેખન :** વહેંચાયેલ વાંચનની જેમ, વહેંચાયેલ લેખન એ વધુ સહયોગી પ્રક્રિયા છે, જ્યાં શિક્ષક બાળકોને તેમની સાથે લેખિતમાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, તેઓ બોર્ડ પર 'મેં નાસ્તામાં... ખાધું' વાક્ય શરૂ કરી શકે છે અને બાળકને આવીને તેને પૂર્ણ કરવા માટે કહી શકે છે. વાત, વાર્તાલાપ અને લેખન સાથે-સાથે ચાલે છે. શિક્ષક બાળકોને લેખન પ્રક્રિયામાં મોડેલિંગ અને માર્ગદર્શન આપે છે.

iii. **સ્વતંત્ર લેખન :** બાળકોને પોતાની જાતે લખવાનો સમય આપવો જોઈએ. વાર્તાઓ, કવિતાઓ, સંદેશાઓ, સૂચનાઓ અને વાનગીઓ લખવા માટે તેમને પ્રોત્સાહિત કરવાથી તેમની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરવાની સાથે સાથે સાક્ષરતાના કાર્યાત્મક પાસાંઓ સાથે સંલગ્ન થવાની તક મળે છે.

ફાઉન્ડેશનલ સ્ટેજ પર સંતુલિત ભાષા અને સાક્ષરતા શિક્ષણનો બીજો પરિમાણ એ છે કે મૌખિક ભાષા વિકાસ, સાંકેતિક સંબંધિત કાર્ય, વાંચન અને લેખન પ્રવૃત્તિઓ એક સાથે અને રોજિંદા ધોરણે થવી જોઈએ.

સૂચનાત્મક સમયના ચાર બ્લોક્સ તરીકે તેનો ઉપયોગ કરવાનો અભિગમ આગળ રજૂ કરવામાં આવ્યો છે.

**સાક્ષરતા અનુદેશ માટે ચાર-વિભાગ અભિગમ**

ભાષા અને સાક્ષરતા સૂચનામાં ચાર મુખ્ય ઘટકો છે- મૌખિક ભાષા, શબ્દઓળખ, વાંચન અને લેખન. જ્યારે ચાર બ્લોક માટેની પ્રવૃત્તિઓ સંકલિત રીતે અમલમાં મૂકવામાં આવી શકે છે, બાળકો નિયમિત ધોરણે દરેક બ્લોક પર કામ કરવા માટે સમય પસાર કરે.

જ્યારે બાળકો ડીકોડિંગ શીખી રહ્યાં હોય, ત્યારે તેઓએ વાર્તાપુસ્તકો સાથે જોડાવાનું ચાલુ રાખવું જોઈએ. જેમ કે, વાર્તાપુસ્તકોના વાર્તાલાપ વાંચન-મોટેથી સાંભળવું અને તેનો પ્રતિસાદ આપવો અને તેમને વાંચવામાં આવતા લખાણના પ્રતિભાવમાં લખવું અથવા દોરવું. ઉપરાંત, અક્ષરો અને સ્વરો અથવા વર્ણો અને અક્ષરોનું શિક્ષણ જૂથમાં ગોઠવી શકાય છે, જેથી બાળકો બધા વર્ણો અને માત્રાઓને એકસાથે શીખવાની રાહ જોવાને બદલે, થોડા પ્રતીકો શીખ્યા પછી તરત જ સરળ શબ્દો અને અર્થપૂર્ણ વાક્યો વાંચવાનું અને લખવાનું શરૂ કરી શકે. ચાર-વિભાગ પ્રતિમાન સમાવે છે, જે નીચે મુજબ છે :

**મૌખિક ભાષાવિકાસ**

- ચિત્ર વાર્તાલાપ
- અનુભવ વર્ણન
- વાર્તાકથન
- નાટક અને પાત્ર રજૂઆત

**શબ્દઓળખ**

- ધ્વની જાગૃતતા
- અક્ષર ઓળખ પ્રવૃત્તિ
- ધ્વની-અવાજ જોડાણ
- કૌશલ્ય આધારિત લેખન
- અક્ષર અને શબ્દ વાંચન

**વાંચન**

- મોટેથી વાંચવું
- વહેંચેલ વાંચન
- માર્ગદર્શિત વાંચન
- સ્વતંત્ર વાંચન

**લેખન**

- પ્રતિમાનીત લેખન
- વહેંચેલ લેખન
- માર્ગદર્શિત લેખન
- સ્વતંત્ર લેખન

આકૃતિઃ 4.5 f : ચાર વિભાગ પ્રતિમાન- ભાષા

વર્ગ 1 અને 2 ના અંત સુધીમાં, મૂળભૂત શબ્દ ઓળખ કૌશલ્ય પ્રાપ્ત ન કર્યું હોય તેવાં બાળકોને વધારાની સહાય માટે સમય પૂરો પાડવાની જરૂર પડશે. આવાં બાળકોની જરૂરિયાતોને સંબોધવા માટે શિક્ષણ પ્રત્યેનો એક અલગ અભિગમ (કૃપા કરીને આ પ્રકરણમાં વિભાગ 4.2 જુઓ) એ ચારેય વિભાગમાં પ્રવૃત્તિઓનો એક ભાગ હોવો જોઈએ.

**અપરિચિત ભાષા શીખવવા માટેની કેટલીક વ્યૂહરચના**

શિક્ષક તેમના વર્ગખંડમાં એવાં બાળકોનો સામનો કે જેઓને શીખવવામાં આવતી ભાષાથી પરિચિત હોતા નથી. ટોટલ ફિઝિકલ રિસ્પોન્સ (ટીપીઆર) પ્રવૃત્તિઓ, વિસ્તૃત મૌખિક અને પ્રત્યાયન કાર્ય, શબ્દભંડોળ વિકાસ, આદેશો, વાર્તાલાપ અને વાર્તાઓ તરીકે ઉપયોગમાં લેવાતા સરળ શબ્દસમૂહો અને વાક્યો જેવી વ્યૂહરચનાઓ સાથે અજાણી ભાષા શીખવવાના શિક્ષણશાસ્ત્રને વધુ સારી રીતે સમજવાની જરૂર છે.

અપરિચિત ભાષા શીખવવા માટેની કેટલીક વ્યૂહરચના નીચે મુજબ છેઃ

ક. ઘણી બધી મનોરંજક અને અરસપરસ પ્રવૃત્તિઓ સાથે શરૂઆતમાં મૌખિક ભાષાના વિકાસને પ્રોત્સાહન આપો; જેમ કે TPR (દા.ત., શારીરિક રીતે એક્શન શબ્દો દર્શાવતા - કૂદવું શબ્દ બોલતી વખતે કૂદવું), વિસ્તૃત મૌખિક અને વાતચીત કાર્ય, શબ્દભંડોળ વિકાસ, આદેશો તરીકે ઉપયોગમાં લેવાતા સરળ શબ્દસમૂહો અને વાક્યો (દા.ત., દરવાજો બંધ કરો, બહાર જુઓ) અને વાર્તાલાપ અને વાર્તાઓ.

ખ. અપરિચિત ભાષામાં સમજી શકાય તેવું અર્થપૂર્ણ માર્ગદર્શન આપો. તેમાં ભાષાને સાંભળવાની અને તેને એવા સ્વરૂપમાં વાંચવાની ઘણી તકો પૂરી પાડવાનો સમાવેશ થાય છે જે બાળકોના સમજણના ક્ષેત્રમાં હોય, જેને અર્થપૂર્ણ માર્ગદર્શન પણ કહેવાય છે. શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવામાં

આવતી ભાષા સરળ અને હાવભાવ, ચિત્રો, ક્રિયાઓથી સમૃદ્ધ હોવી જોઈએ. અને બાળકોની ઘરની ભાષાઓમાંથી શબ્દોનો ઉપયોગ. એક પરિચિત સંદર્ભનો ઉપયોગ કરવો કે જેનાથી બાળકો સરળતાથી સંબંધ બાંધી શકે તે વધુ સારી રીતે સમજવા માટે મહત્ત્વપૂર્ણ છે.

ગ. અર્થપૂર્ણ અને હેતુપૂર્ણ સંદર્ભ બનાવો. તેનો અર્થ એ છે કે બાળકોને ભાષાની શુદ્ધતા અને ચોકસાઈમાં અટવાવાના બદલે અસરકારક સંદેશાવ્યવહાર માટે અપરિચિત ભાષા શીખે અને તેનો ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહિત કરવો જોઈએ. આ અપરિચિત ભાષા બાળકોની મૌખિક અભિવ્યક્તિને સુધારશે.

ઘ. અપરિચિત ભાષા માટે પૂરતું વાતાવરણ પ્રદાન કરો. આ પ્રદાન કરીને કરી શકાય છે. જેમાં બાળકોને સાંભળવાની તકો, સંદેશાવ્યવહાર માટે ભાષાનો ઉપયોગ અને પુષ્કળ છાપ સામગ્રી દ્વારા કરી શકાય છે.

ચ. તણાવમુક્ત અને સલામત વાતાવરણનું સર્જન કરો. નાનાં બાળકોમાં બોલવા અને અપરિચિત ભાષા માટે શીખવાના ઔપચારિક મૂલ્યાંકન પર કોઈ દબાણ હોવું જોઈએ નહીં. સકારાત્મક અને સહાયક વર્ગખંડનાં વાતાવરણ દ્વારા બાળકો પ્રેરિત થાય છે અને ઉચ્ચ આત્મસન્માન અને ચિંતાનું નીચું સ્તર બાળકોને વધુ સારી રીતે અને આરામથી શીખવામાં મદદ કરે છે.

**ગણિત ભણાવવું**

બાળકો તેમની આસપાસના વાતાવરણ અને સંસ્કૃતિમાંથી વિવિધ ગાણિતિક કૌશલ્યો વર્ગખંડમાં લાવે છે, જે ગણિત શીખવાનો આધાર હોવો જોઈએ.ગણિત શીખવાનાં લક્ષ્યોને ઉચ્ચ લક્ષ્યોમાં વર્ગીકૃત કરી શકાય છે. જેમ કે બાળકની વિચાર પ્રક્રિયાઓનું ગણિતીકરણ (દા.ત. અમૂર્ત વિચારને નિયંત્રિત કરવાની ક્ષમતા, સમસ્યાનું નિરાકરણ, પ્રગટીકરણ, પ્રતિનિધિત્વ, તર્ક અને અન્ય આયામો સાથે ગણિતની વિભાવનાઓનું જોડાણ) અને સામગ્રી -વિશિષ્ટ ધ્યેયો (જે ગણિતની વિવિધ વિભાવનાઓ સાથે સંબંધિત છે (દા.ત., સંખ્યાઓ, આકારો, શ્રેણીને સમજવું).

**ગણિત શીખવવાના અભિગમો**

1. નક્કર અનુભવ (ELPS) દ્વારા ગાણિતિક અમૂર્ત વિચારો (વિભાવનાઓ) વિકસાવવા
2. ગણિતના શિક્ષણને બાળકોના વાસ્તવિક જીવન અને પૂર્વ જ્ઞાન સાથે જોડવું
3. ગણિત : સમસ્યા નિરાકરણ સાધન તરીકે
4. ગાણિતિક ચર્ચા,પ્રત્યાયન અને તર્કનો ઉપયોગ કરવો.
5. ગણિત શીખવા પ્રત્યે સકારાત્મક વલણ કેળવવું

**વિભાગ 4.6 સકારાત્મક વર્ગખંડ વાતાવરણ બનાવવું**

જેમ જેમ બાળકો શાળામાં પ્રવેશે છે, તેમ તેમ તેમનું વિશ્વ વિસ્તરે છે, તેઓ મિત્રો બનાવે છે, કુટુંબની બહાર પુખ્ત વયના લોકો સાથે જોડાવા માંડે છે અને વધુને વધુ ગતિશીલ અને મૌખિક બને છે. તેઓ દરેક વસ્તુ વિશે અન્વેષણ કરવા અને શીખવા માંગે છે. બાળકોને તેમના વર્તનમાં માર્ગદર્શન આપવામાં અને મજબૂત સકારાત્મક સંબંધો બનાવવા માટે શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેથી, શિક્ષકોએ બાળકોની જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ અને પ્રતિભાવશીલ હોવું જોઈએ. બાળકોની સંભાળ રાખવી એ જટિલ અને મહત્ત્વપૂર્ણ કાર્ય છે. તે જટિલ છે કારણ કે બાળકો અને તેમના પરિવારો સાથે સંબંધો સ્થાપિત કરવામાં ઘણા બધા ભાગો સામેલ છે.

સુરક્ષિત, સલામત, આરામદાયક અને સુખી વર્ગખંડનું વાતાવરણ બાળકોને વધુ સારી રીતે શીખવામાં અને વધુ સિદ્ધિઓ હાંસલ કરવામાં મદદ કરી શકે છે. આ માટે, જરૂરી સુવિધાઓ જેવી કે શીખવાની સામગ્રી, સહાયક સાધનો, અને પ્રવૃત્તિઓ કરવા, સાથે કામ કરવા અને રમવા માટે જગ્યા જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી દરેક બાળકને વધુ સારી રીતે શીખવામાં મદદ મળે. વર્ગખંડ એક સમાવિષ્ટ, સક્ષમ

અધ્યયન વાતાવરણ હોવું જોઈએ જે દરેક બાળકને સ્વતંત્રતા, નિખાલસતા, સ્વીકૃતિ, અર્થપૂર્ણતા, સંબંધ અને પડકાર પ્રદાન કરે. પાયાના તબક્કે વર્ગખંડના વાતાવરણમાં કાળજી કેન્દ્રિય છે. સહાનુભૂતિ અને આદર એ કાળજીના હૃદયમાં છે. આ બાળકો અને સંબંધો માટે ચિંતા અને જવાબદારીનું વલણ છે.

**મુશ્કેલ વર્તનનું સંચાલન કરવું**

બાળકો ઘણાં કારણોસર અયોગ્ય વર્તન કરે છે. વર્તન એ ઘણીવાર અસ્પષ્ટ ભાષા છે જેના દ્વારા બાળકો લાગણીઓ અને વિચારોને કાર્ય કરે છે. તે એટલા માટે પણ છે, કારણ કે તેઓ જૂથના વર્તનના ધોરણો અથવા વર્તનની વૈકલ્પિક રીતોથી અજાણ છે, અને એટલા માટે નહીં કે તેઓ 'ખરાબ' છે અથવા તેઓ 'અમને પરેશાન કરવા માગે છે.' કેટલીકવાર તેઓ વધુ ધ્યાન મેળવવા માટે વર્તનનો ઉપયોગ કરે છે.

તેઓ ગુસ્સે અથવા લાચાર હોઈ શકે છે અને આ વ્યક્ત કરવાની અન્ય કોઈ રીત જાણતા નથી. બાળકોને સુરક્ષિત અને નિયંત્રણમાં અનુભવવાની જરૂર છે - જ્યારે તે નિયંત્રણ છીનવી લેવામાં આવે છે, ત્યારે તેઓ આ પ્રકારના વર્તન દ્વારા તેને ફરીથી મેળવવાનો પ્રયાસ કરી શકે છે. કેટલીકવાર આ વર્તણૂક ઊંઘની અછત, નબળા પોષણ, સ્વાસ્થ્યના કારણો અથવા વિકાસમાં વિલંબ અથવા ખામીઓ, કુટુંબની નિષ્ક્રિયતા અથવા તણાવને કારણે હોઈ શકે છે.

મુશ્કેલ વર્તનના કેટલાંક ઉદાહરણો જે બાળકોને નુકસાન પહોંચાડે છે અથવા વર્ગખંડમાં ખલેલ પહોંચાડે છે. બાળક દ્વારા અન્યને નુકસાન પહોચાડીને, મારીને, આક્રમક વર્તન કરે છે. આ ઉપરાંત બાળક અસામાજિક વર્તન, વિક્ષેપકારક વર્તન કરે છે જે વર્ગખંડ પ્રક્રિયાને અસર કરે છે.

**બાળકોને અનુકૂલિત થવામાં મદદ કરવી**

દરેક પુખ્ત જે બાળકોની સંભાળ રાખે છે તેની જવાબદારી છે કે તેઓ બાળકોને યોગ્ય વર્તણૂકો તરફ માર્ગદર્શન આપે, સુધારે અને સામાજિક બનાવે. સકારાત્મક માર્ગદર્શન મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે બાળકોના આત્મ-નિયંત્રણને પ્રોત્સાહન આપે છે, બાળકોને જવાબદારી શીખવે છે અને બાળકોને વિચારશીલ પસંદગી કરવામાં મદદ કરે છે.

**શિસ્ત**

શિસ્ત એ માર્ગદર્શન વ્યૂહરચનાનો એક ભાગ છે, જેનો ઉપયોગ પુખ્ત વયના લોકો બાળકોને તેમની ક્રિયાઓ માટે જવાબદાર બનવામાં, આત્મ-નિયંત્રણ શીખવા અને યોગ્ય વર્તન કરવામાં મદદ કરવા માટે કરે છે. શિસ્તનો અર્થ સજા કરવાનો અને વર્તનને અટકાવવાનો નથી. સારી માર્ગદર્શન પ્રક્રિયાનું એક મુખ્ય ધ્યેય બાળકોને સ્વ-શિસ્ત પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો છે. આવું ત્યારે જ બને છે જો પુખ્ત વયના લોકો એવી રીતે દોરી જાય કે જે બાળકોની પોતાની જાતને નિયંત્રિત કરવાની ક્ષમતા વિકસાવવા માટે મદદ કરે. ધીમે ધીમે બાળકોને તેમની ક્રિયાઓનું સંચાલન કરવાની તક આપીને, પુખ્ત વયના લોકો વિશ્વાસનો સંચાર કરે છે.

**શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાતી ભાષા**

શિક્ષકો જેમ જેમ સમસ્યા વર્તણૂકોને નિયંત્રિત કરવામાં અનુભવ મેળવે છે, તેમ તેમ તેઓ યોગ્ય પ્રકારની ભાષાનો ઉપયોગ કરવાનું શીખે છે. શિક્ષકો શોધી કાઢે છે કે અવાજ ક્યાં કેટલો શક્તિશાળી હોઈ શકે છે અને કયા શબ્દો શ્રેષ્ઠ અને ક્યારે કામ કરશે. તેઓ ચહેરાના હાવભાવથી વાકેફ થઈ જાય છે અને બાળકોને સ્પર્શ કે દેખાવ શું અભિવ્યક્ત કરશે તેનાથી પણ વાકેફ થાય છે. શિક્ષકનો અવાજ, શબ્દો, શારીરિક ભાષા, વલણ આ બધું ખૂબ જ અસર કરે છે.

**શિક્ષકે શું ન કરવું ?**

- બાળકોને તેઓ શું કરી શકતાં નથી તે સતત કહેવાનું ટાળો. જો પુખ્ત વયના લોકો ઘણા નકારાત્મક શબ્દોનો ઉપયોગ કરે છે જેમ કે ના, ન કરો, તેને બંધ કરો, તેને કાપી નાખો અથવા બંધ કરો, તો બાળકો શિક્ષક, માતાપિતા અથવા સંભાળ રાખનારને જોડવાનું  કરવાનું નક્કી કરી

શકે છે. ઘણા બધા 'ડોન્ટ્સ' પણ બાળકોમાં નકારાત્મકતા પેદા કરે છે. ખ. બાળકોના આત્મસન્માનને નુકસાન પહોંચાડવાથી સાવચેત રહો.

- જ્યારે બાળક ભૂલ કરે છે, ત્યારે સાચો જવાબ આપો અને કટાક્ષ ટાળો. બાળકના વર્તનને ધ્યાનમાં લીધા વિના તેની અવગણના ન કરવાનો પ્રયાસ કરો.
- બીજાની સામે ક્યારેય બાળકની ટીકા ન કરો. માર્ગદર્શનની સૌથી અસરકારક પદ્ધતિઓ સ્પષ્ટ, સુસંગત અને ન્યાયી નિયમો છે જે સુસંગત, માનવીય રીતે લાગુ કરવામાં આવે છે. જો નિયમો તોડવામાં આવે તો બાળકોને તેનાં પરિણામોથી વાકેફ હોવું જોઈએ. સારી માર્ગદર્શન પ્રથાઓ બાળકના વર્તનના હકારાત્મક પાસાઓ પર ભાર મૂકે છે.

**વિભાગ 4.7 વાતાવરણનું આયોજન**

વિદ્યાર્થીની સાથે બેસીને સરળ અને કુદરતી રીતે સાથે રહેવાનું શીખવાની એક સારી રીત બેઠક છે. સાથે બેસીને મિત્રતા, બંધન અને અન્ય બાળકો સાથે રહેવાને પ્રોત્સાહિત કરે છે, જે કદાચ 'મારાથી અલગ' હોય. એકસાથે બેસવું, ઉદાહરણ તરીકે, નાનાં જૂથોમાં અથવા મોટા વર્તુળમાં, એકસાથે શીખવા, સહયોગ અને વિવિધતાની કુદરતી સ્વીકૃતિને પ્રોત્સાહિત કરે છે. પાયાના તબક્કા પર વર્ગખંડની બેઠક લવચીક હોવી જોઈએ અને વર્ગમાં વપરાતા શિક્ષણશાસ્ત્રને પ્રતિબિંબિત કરતી હોવી જોઈએ.

કેટલીકવાર બાળકોને શાંત વ્યક્તિગત સમયની જરૂર હોય છે, ક્યારેક તેઓ જોડીમાં અથવા નાનાં જૂથોમાં કામ કરે છે અને કેટલીકવાર તેઓ સમગ્ર જૂથ સાથે મળીને કામ કરે છે.

**પ્રદર્શન, ચિત્રો અને સમૃદ્ધ મુદ્રણ વાતાવરણ**

વર્ગખંડ પ્રદર્શન શીખવાની પ્રક્રિયાનો એક ભાગ છે. વર્ગખંડમાં પ્રદર્શિત ચિત્રો બાળકોએ જે બનવ્યાં છે તે 'તૈયાર' ઉત્પાદનો પૂરતું મર્યાદિત હોવું ન જોઈએ, પરંતુ તેમાં પ્રગતિમાં રહેલા કામના પાસાઓનો સમાવેશ થાય છે. જેમ કે, કાંકરા અથવા છોડનો સંગ્રહ, જેનો ઉપયોગ કોઈ ચોક્કસ અભ્યાસ માટે કરવામાં આવે છે. બધાં બાળકોનું કાર્ય પ્રદર્શિત થાય છે અને જરૂરી નથી કે દરેક વખતે પસંદ કરાયેલ માત્ર 'શ્રેષ્ઠ' ચિત્રો પસંદ થાય.

**વર્ગખંડમાં ગતિશીલ અધ્યયન કેન્દ્રો ઊભાં કરવાં**

અધ્યયન કેન્દ્રો બાળકોના વિચાર, રસ અને જિજ્ઞાસાને ઉત્તેજિત કરે છે.

તેઓ સ્વતંત્ર અને સહયોગી રમત માટેની તકો સાથે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સુગમતા અને સ્વતંત્રતા પ્રદાન કરે છે. તેઓ સક્રિય રમતથી અલગ હોય તેવા વિસ્તારમાં શાંત રમતને પણ સક્ષમ કરે છે. તેઓ સ્વતંત્ર શિક્ષણ અને શિક્ષક-માર્ગદર્શિત ક્રિયાપ્રતિક્રિયા બંનેને પ્રોત્સાહન આપે છે, જો કે-વિવિધ લર્નિંગ કોર્નર્સમાં પ્રોત્સાહિત વિવિધ પ્રકારનાં નાટક દ્વારા સર્વગ્રાહી વિકાસ માટેની તકો. લર્નિંગ કોર્નર્સમાં ડ્રામેટિક પ્લે, બ્લોક્સ/કોયડા, ગણિત, કલા/ડ્રોઈંગ અને પુસ્તકો માટેના ખૂણાઓનો સમાવેશ થાય છે.

બાળકને વર્ગખંડમાં તેની ઉંમર મુજબના અધ્યયન અનુભવો વિવિધલક્ષી રીતે આપવામાં આવે તો શિક્ષક સાચા અર્થમાં વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. વર્ગખંડમાં કરાવવામાં આવતું અધ્યાપન કાર્ય વિશિષ્ટ અને અસરકારક પૂરવાર બને તો રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020ના માર્ગદર્શક સિદ્ધાંતોને અમલમાં મૂકીને શિક્ષક અભ્યાસક્રમના માળખાને અનુસરીને વિદ્યાર્થીઓને ચિરંજીવી અધ્યયન અનુભવો આપી શકે..!

## પ્રકરણ - 5
# અધ્યાપન માટે વિષયવસ્તુની પસંદગી, ગોઠવણી અને સંદર્ભીકરણ



- ડૉ. નીલેશ પંડ્યા
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૬૩૩૭૪૩૨

શિક્ષણની પ્રક્રિયાનું અંતિમ ધ્યેય બાળકનો સર્વદેશીય વિકાસ કરવાનો છે. આ હેતુ માટે શિક્ષણમાં ઘણી બધી બાબતોને સાંકળવી પડે છે. બાળકો જે વિષયવસ્તુ શીખે છે એ નિશ્ચિત હેતુને સિદ્ધ કરવા માટેનું માધ્યમ માત્ર છે. બાળક કોઈ ક્રિયા કે પ્રવૃત્તિ કરે તે માટે વિષયવસ્તુને ધ્યાનમાં લઈને કરે છે પરંતુ તે ક્રિયાને અંતે તેના વર્તનમાં ચોક્કસ પ્રકારનું પરિવર્તન આવે છે, તે કશુંક શીખે છે. બાળક આવું જે શીખે છે એ અધ્યયન પ્રક્રિયાનું પરિણામ છે.

આ પરિણામ મેળવવા માટે શિક્ષક અનેક પ્રકારની વિષયવસ્તુ કે સામગ્રી પસંદ કરી શકે છે. આના આધારે એમ સમજી શકાય છે કે વિષય કે વિષયવસ્તુ શીખવાની પ્રક્રિયાને બાંધી શકતી નથી. પ્રત્યેક બાળકને શીખવાનો અનુભવ મળે, શીખવાની પ્રક્રિયામાં તે સક્રિય બને, બાળકને શીખવામાં રસ પડે, બાળકને શીખવા માટે પડકાર મળી રહે તે અગત્યનું છે, પછી તે કોઈ પણ વિષયવસ્તુથી સંભવ બને. આનો અર્થ એમ પણ થાય કે વિષય અને વિષયવસ્તુ અનેક છે. તેમાંથી શું પસંદ કરવું તે અગત્યનું બની રહે છે. શિક્ષક બાળકની કોઈ ચોક્કસ ક્ષમતાને કેળવવા માટે અનેક પ્રકારના અધ્યયન અનુભવ આપી શકે છે.

અહીં આપણે વિષયવસ્તુ તરીકે અધ્યાપન અને અધ્યયન સામગ્રી જેને ટૂંકમાં TLM તરીકે ઓળખાવીએ છીએ તેને પસંદ કરવા વિશે સમજવા પ્રયત્ન કરવાનો છે. આપણે બાળકના શિક્ષણના પ્રારંભનાં પાંચ વર્ષને અનુલક્ષીને આ બાબતને સમજવાનો પ્રયત્ન કરીએ. NCFFSના પ્રકરણ ૫માં આ અંગે વિસ્તૃત સમજ રજૂ કરવામાં આવી છે. આ પ્રકરણને સંક્ષિપ્ત અને વ્યવહારુ અભિગમથી સમજવાનો પ્રયત્ન કરીએ.

નાનાં બાળકો પોતાના અનુભવજગતમાંથી જ શીખે છે. તેમનું અનુભવજગત પ્રારંભનાં વર્ષોમાં અત્યંત સીમિત હોય છે. આ જગતનો ધીમે ધીમે વિસ્તાર થાય છે. પ્રારંભનાં વર્ષોમાં બાળક પોતાના પરિવારમાં રહીને જ શીખતો હોય છે. જ્યારે તેમને શિશુશિક્ષણ આપવાનો વિચાર કરવામાં આવે છે ત્યારે તેના અનુભવ જગતનો વિસ્તાર થાય છે જે શિશુવાટિકા સુધી વિસ્તરે છે. હવે, તે પ્રમાણમાં થોડું વધારે ઔપચારિક રીતે શીખવાની શરૂઆત કરે છે, છતાં તેની શીખવાની રીત અનૌપચારિક જ હોય છે. તેની શીખવાની શૈલી એકદમ નૈસર્ગિક હોય છે. પ્રકૃતિ દ્વારા તેને શીખવા માટેનાં જે સાધનો (ઈંદ્રિયો) આપ્યાં છે તેનો ઉપયોગ કરીને તે નવી નવી બાબતો શીખતાં રહે છે. તે વ્યક્તિ, વસ્તુ અને ઘટનાઓનું અવલોકન અને અનુકરણ કરીને નવી બાબતોને ગ્રહણ કરે છે. પ્રત્યેક નવી ઘટના બાળકના મનમાં વિસ્મય ઉત્પન્ન કરે છે. આ વિસ્મય બાળકના વિકાસનું પોષક બળ બની રહે છે. બાળક ભૌતિક જગતની સાથે સતત મથતું રહે છે. આ મથામણ અધ્યયનમાં પરિણમે તે માટે જુદાં જુદાં શૈક્ષણિક સાધનો અગત્યનાં બની રહે છે. વર્ગમાં કે શિશુવાટિકામાં મુકાયેલાં સાધનો જ્યાં સુધી બાળકને આંતરક્રિયા કરવા માટે પ્રોત્સાહિત નથી કરતા ત્યાં સુધી તેનો હેતુ સિદ્ધ થતો નથી.

આ દિશામાં આ દસ્તાવેજમાં જે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે તે વિશે એક પછી એક વિચાર કરીએ.

રાષ્ટ્રીય શિક્ષણનીતિના અસરકારક અમલીકરણ માટે શાળાશિક્ષણના વિવિધ તબક્કા માટે અભ્યાસક્રમનાં માળખાં તૈયાર કરવામાં આવ્યાં છે. જેમાં કોઈ ખાસ તબક્કા માટે બાળકોના વિકાસ સંદર્ભે શું

સિદ્ધ કરવાનું છે તે સ્પષ્ટ કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ તે કેવી રીતે સિદ્ધ થશે અને તેનું મૂલ્યાંકન કેવી રીતે થશે તે પણ સ્પષ્ટ કરી આપવામાં આવે છે. આ દિશામાં સૌથી અગત્યનું કાર્ય એ પાઠ્યક્રમ વિકાસનું કાર્ય છે. પાઠ્યક્રમ એ અભ્યાસક્રમની સીમાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવતી રૂપરેખા છે. પાઠ્યક્રમ અંગે કેટલીક અગત્યની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે.

1. પાઠ્યક્રમ અંગે બાળકની સ્થાનિક પરિસ્થિતિ, પરિવેશ અને સામાજિક- સાંસ્કૃતિક સંદર્ભે ખૂબ અગત્ય ધરાવે છે. જેને ધ્યાનમાં લઈને જ પાઠ્યક્રમની રચના કરવી જોઈએ.
2. પાઠ્યક્રમ એ રીતે તૈયાર થવો જોઈએ કે જેના આધારે કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવવી અને તે કયા ક્રમમાં કરાવવી તેનું માર્ગદર્શન મળી રહે.
3. પાઠ્યક્રમ જે અધ્યયન હેતુઓને ધ્યાનમાં રાખે છે તે દરેકને તેની કઠિતના અને અગત્યને ધ્યાને લઈને સમય આપવો જોઈએ.
4. શિક્ષકોએ શું ન કરવું અને શું ન કરવું તે અંગેનું માર્ગદર્શન આપતી શિક્ષક હાથપોથી ઘણી ઉપયોગી બની શકે છે.
5. વર્ગખંડમાં જે શીખવવા માટે શિક્ષકે જે કોઈ પ્રવૃત્તિ કરાવી તેના પરિણામે બાળકમાં કેટલી પ્રગતિ થઈ તે ચકાસી શકાય તેવી વ્યવસ્થાનો વિચાર કરવો જરૂરી બને છે.

આ પ્રકારની વિષયવસ્તુ પસંદ કરતી વખતે કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવા જોઈએ. જે નીચે પ્રમાણે છે.

1. નાનાં બાળકો ઇંદ્રિયોનો મહત્તમ ઉપયોગ કરી શકે તે પ્રકારના વિષયવસ્તુને પ્રાધાન્ય આપવું જોઈએ. પ્રત્યક્ષ રીતે શીખી શકે, સમજી શકે તેવા વિષયવસ્તુ નાનાં બાળકો ઝડપથી સમજી શકે છે.
2. બાળકને જે વસ્તુ આકર્ષે છે તે સાથે વધારે સક્રિય રીતે જોડાય છે, આંતરક્રિયા કરે છે અને શીખે છે. આથી એવી બાબતોને સ્થાન આપવું જોઈએ.
3. બાળકને શીખવા માટે જે વિષયવસ્તુ રજૂ કરવામાં આવે છે તે તેના જીવનના અનુભવવિશ્વની નજીક હોય તે જરૂરી છે.
4. બાળકનું વિશ્વ સીમિત છે, આથી તેના અનુભવો સ્વથી પર તરફ વિસ્તાર પામે છે. તે જે જાણે છે તેનો ઉપયોગ કરીને તેને નવી બાબતોનો પરિચય આપવો જરૂરી છે. સરળથી જટિલ તરફ ક્રમશઃ આગળ વધવું જરૂરી બને છે.
5. શિશુશિક્ષણમાં જે વિષયવસ્તુ પીરસવામાં આવે તે જે પરિવાર, પરિવેશ અને પર્યાવરણમાં ઊછરી રહ્યું છે તે જ અથવા તેવી વસ્તુઓ, વ્યક્તિઓ, જગ્યાઓ કે બાબતોને સ્થાન આપવું જોઈએ.
6. બાળક પોતાની ગતિએ શીખે તે જરૂરી છે. પ્રત્યેક બાળકની શીખવાની રીત, રસ અને ગતિ સરખી હોતી નથી. જે વિષય શીખે છે તે વૈવિધ્ય રીતે રજૂ થાય તેનું ધ્યાન રાખવું જોઈએ, જેથી પ્રત્યેક બાળક તેને ગ્રહણ કરી શકે.
7. સંકિર્ણ વિચાર અને રૂઢ માન્યતાઓને પોષે તે પ્રકારની બાળકના મનમાં ઘર કરી ન જાય તેની ખાસ કાળજી લેવાય તે જરૂરી છે.
8. બાળક નાનાં નાનાં કૌશલ્યો શીખે અને તેના આધારે પર આગળ જતા પ્રવૃત્તિઓ કરી શકે તે પ્રકારે આયોજન કરવું જોઈએ.

**બાળક અને ભાષા**

હવે, બાળકને પ્રારંભમાં પાયાના વિષયો તરીકે ભાષાનો પરિચય આપવો જરૂરી છે. ભાષા બાળકના વિચાર અને અભિવ્યક્તિનું પ્રથમ સાધન અને માધ્યમ બની રહે છે. આથી ભાષાશિક્ષણનો પાયો જેટલો મજબૂત તેટલા પ્રમાણમાં બાળક પોતાની આસપાસના જગતને સારી રીતે સમજી શકશે. બાળક સતત નવા નવા ધ્વનિ અને શબ્દો સાંભળતું રહે છે. તેને આધારે તેના મગજમાં ભાષા અંગેની એક પ્રણાલી વિકસિત થતી રહે છે. બાળક જેમ જેમ મોટું થાય છે તેમ તેમ તેના શબ્દભંડોળ અને ભાષાના અન્ય પાસાં વિકસતાં જાય છે. બાળક

શરૂઆતમાં સહજ અને સરળ રીતે પોતાની આસપાસ બોલતી ભાષા શીખી લે છે. ત્યાર બાદના સોપાનમાં બાળક ભાષાને વધારે સ્પષ્ટ રીતે શીખી શકે તે માટે વિધિપૂર્વક પ્રયત્નો કરવા જોઈએ. આ માટે નીચે પ્રમાણેની બાબતોને ધ્યાનમાં રાખીને વિષયવસ્તુની પસંદગી અને ગોઠવણી કરવી જોઈએ.

1. બાળકને જેટલા સાંભળવાના અનુભવ મળી રહે તેટલા પ્રમાણમાં તેની ભાષા પ્રત્યેનો ઉઘાડ સારી રીતે થાય છે. બાલ્યાવસ્થામાં માતાના મુખેથી હાલરડાં સાંભળતું બાળક શિશુ અવસ્થામાં પ્રવેશે એટલે વધારે ઘટનાઓથી ભરપૂર એવી નાની નાની વાર્તાઓ સાંભળે છે.
2. સ્થાનિક વાતાવરણને પ્રતિબિંબિત કરતી ઘટનાઓને વાર્તાસ્વરૂપે સંભળાવી શકાય. જેથી બાળકને આનંદ, વિસ્મય અને રમૂજ સાથે ભાષા-શિક્ષણનો લાભ મળી શકશે.
3. બાળક સ્વાભાવિક રીતે કલ્પનાશીલ હોય છે. બાળકની કલ્પનાને ઊંડાણ મળે તેવી વાર્તા, જોડકણાં અને કવિતાઓ સંભળાવવામાં આવે તે જરૂરી બને છે.
4. બાળક જે સાંભળે છે તેની સાથે સાથે દૃશ્ય અનુભવો આપવા પણ એટલા જરૂરી છે. વાર્તા કે કવિતામાં જે વર્ણન આવે છે તેને લગતાં ચિત્રો કે વીડિયો સાથે બતાવવામાં આવે તો બાળક વધારે અર્થપૂર્ણ રીતે શીખી શકે છે.
5. બાળકને કેટલાક રંગ અને આકારો આકર્ષે છે. આથી તે પ્રકારના ઘાટા રંગમાં બાળક સમક્ષ સામગ્રી રજૂ કરવામાં આવે તો તે સરળતાથી તેની સાથે આંતરક્રિયા કરી શકે છે.
6. બાળક હજુ વાંચન કરતા શીખ્યું નથી. તે સરળ ચિત્રો જોઈને સમજી શકે છે. તે જે ચિત્રોને સમજી શકે છે તે પણ ખૂબ જ સરળ હોય છે. વધારે પાત્રો ધરાવતાં ચિત્રો બાળકને આપવાને બદલે એક કે બે જ વસ્તુ કે પાત્રો દર્શાવતાં ચિત્રો દર્શાવવાં જોઈએ. તે જ રીતે વાંચન માટે મૂળાક્ષરો મોટા કદના હોય તો સરળતાથી તેના વળાંકો અને રચનાને સમજી શકે છે.
7. વિષયવસ્તુ જે રજૂ કરવામાં આવે છે તે અલગ અલગ સ્વરૂપી પ્રસ્તુત થાય તે જરૂરી છે. પુસ્તક પણ અલગ અલગ કદનાં હોઈ શકે છે. બાળક સરળતાથી હાથમાં લઈને વાંચી / જોઈ શકે તે રીતે પુસ્તકના કદનો વિચાર કરવો જોઈએ. તે સિવાય વર્કશીટ્સ, ફ્લેશકાર્ડ, કાર્ડબૉર્ડ વગેરે રજૂ કરવાં જોઈએ.
8. બાળક પોતાના ઘરે જે ભાષા સાંભળે છે તેમાં જે સાહિત્ય-સ્વરૂપો પ્રચલિત છે, લોકપ્રિય છે તેનો વર્ગમાં ઉપયોગ કરવામાં આવે તો બાળક માટે વધારે સરળ અને રસપ્રદ બની રહે છે.
9. વર્ગમાં બાળક દરેક વસ્તુ પોતાની મેળે લઈ શકે અને મૂકી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. જેમાં બાળકની ઊંચાઈને અનુરૂપ ઘોડા, કબાટ પસંદ કરવાં જોઈએ.
10. આધુનિક સમયમાં બાળકો મોબાઈલ અને ડિજિટલ સામગ્રી સાથે સારી રીતે જોડાઈ શકે છે. ધોરણ 1 અને 2 માટે સારી ગુણવત્તાવાળી ઑડિયો વીડિયો સામગ્રી બાળકોને બતાવીને બાળકોને શીખવી શકાય. બાળક નિષ્ક્રિય બનીને માત્ર આવી સામગ્રી જોયા કરે અથવા સાંભળ્યા કરે તેવું ન બને તેની કાળજી રાખવી જોઈએ.

**બાળક અને ગણિત**

ગણિત શીખવાની શરૂઆત બાળક સહજતાથી કરે છે. તે પોતાની આસપાસની વસ્તુઓના અવલોકનને આધારે તેનાં કદ, આકાર, પ્રકાર વગેરેથી કરી શકે છે. એક વસ્તુ બીજી વસ્તુથી જુદી છે તેવી ક્ષમતા વિકસે તે ગણિત શિક્ષણ માટેની આવશ્યક ક્ષમતા છે. બાળક નાની અને મોટી વસ્તુને જુદી બતાવી શકે છે, ઓછું અને વધારે નક્કી કરી શકે છે તે બધી ગણિત શિક્ષણની પાયાની ક્ષમતાઓ છે.

શિશુશિક્ષણમાં ગણિત શિક્ષણ અંગે નીચેની બાબતોને ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

1. બાળકની ગણિત વિષયક પાયાની સંકલ્પના સ્પષ્ટ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. પાયાની ગાણિતિક સમજ માટે બાળકના પર્યાવરણની વસ્તુઓ, ઘટનાઓ અને ક્રિયાઓને સાંકળીને કરાવવી જોઈએ.
2. ગણિત પણ બાળકના ભાષાના માધ્યમથી સમજે છે, ગ્રહણ કરે છે. આથી ગણિત શીખવા માટે પણ વાર્તા, જોડકણાં અને કાવ્યનો ઉપયોગ કરવો જોઈએ.
3. ગણિતના ખ્યાલો બાળકો પદ્ધતિસર અને સ્પષ્ટપણે સમજી શકે તે માટે સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. જેમાં પ્રવૃત્તિઓ કરતાં કરતાં બાળકો પાયાના ખ્યાલો સિદ્ધ કરી શકે તેવી પ્રક્રિયા કરવી જોઈએ.

**બાળક અને કળા**

બાળક શિશુઅવસ્થામાં અત્યંત ક્રિયાશીલ અને કલ્પનાશીલ હોય છે. તેના મનમાં માન્યતાઓ અને રૂઢિઓના બંધન થયાં હોતાં નથી. આથી મુક્તમને તે ક્રિયામાં જોડાય છે. પોતાની સહજતાને આધારે તે નવા નવા કાર્ય કરે છે. પ્રત્યેક બાબતને નવી રીતે જુએ છે, મૂલવે છે. તે જે કાંઈ કરે છે તેમાં પોતાની આગવી વિશિષ્ટતાના દર્શન થાય છે. આથી બાળક રંગ, સામગ્રી, સંગીત, હલનચલન અને નાટક જેવી બાબતોમાં મન મૂકીને જોડાય છે. લોકગીત, લોકસંગીત, લોકવાદ્ય વગેરે બાબતોને સાંકળીને બાળકોને કળાનો પરિચય આપવો જોઈએ. બાળક જે પરિવેશમાં રહે છે તેની સ્થાનિક કળાઓનો પરિચય સૌ પ્રથમ કરાવવો જોઈએ. બાળકના રોજબરોજના જીવનમાં વપરાતી વસ્તુઓના રંગ, આકાર, તરાહ, રચનાઓ વગેરેનો પરિચય આપી શકાય. બાળક સ્વભાવે ક્રિયાશીલ છે, તેમને એક જગ્યાએ બેસી રહેવું ગમતું નથી. આથી તેઓને નાટક, નૃત્ય, રંગપૂરણી, ચિત્રકામ, ચીટકકામ, રંગોળી વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય. નાનપણથી કળા પ્રત્યે અભિમુખ કરવામાં આવે તો તે સરળતાથી તેના તરફ વળે છે. આમ કરવાથી બાળકની નૈસર્ગિક આનંદશીલતા અને કલ્પનાશીલતાને પોષણ મળી રહે છે.

**વિષયવસ્તુની ગોઠવણીનું શાસ્ત્ર**

વિષયવસ્તુ ઘણી બધી હોઈ શકે છે તેમાંથી ઉચિત (વય અનુરૂપ) સામગ્રી પસંદ કરવી એ પ્રાથમિક બાબત છે. પસંદ કરેલી સામગ્રીને યોગ્ય રીતે રજૂ કરવી એ બીજી બાબત છે. ઉત્તમ સામગ્રીને પણ યોગ્ય સમયે પ્રસ્તુત કરવામાં ન આવે તો ધાર્યું પરિણામ પ્રાપ્ત થઈ શકતું નથી. આથી વિષયવસ્તુ બાળકના માનસપટ પર ઘેરી અસર કરે તે રીતે પ્રસ્તુત થવું જોઈએ. બાળક તેના પ્રત્યે આકર્ષાય અને તેમાં રસ લે તેવી રીતે ગોઠવાય તે જરૂરી છે. શિશુ શિક્ષણનો કક્ષ બાળકની પ્રત્યેક ઈંદ્રિયોને સ્પંદિત કરે તે પ્રકારે ગોઠવાયેલો હોવો જોઈએ.

વર્ગખંડની સામગ્રીની ગોઠવણીમાં પણ સમયાંતરે પરિવર્તન કરતા રહેવું જોઈએ. શિક્ષક જે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવા માંગતા હોય તે માટેની સામગ્રી વિદ્યાર્થીઓને સરળતાથી ઉપલબ્ધ થાય તે રીતે ગોઠવવી જોઈએ. આ માટે નીચે પ્રમાણેની બાબતોને ધ્યાને રાખવામાં આવે તો અસરકારક પરિણામ પ્રાપ્ત કરી શકાય તેમ છે. આ માટેના કેટલાક અભિગમો વિશે વિગતવાર માહિતી મેળવીએ.

**પ્રોજેક્ટ આધારિત અભિગમ**

બાળક ક્રિયા દ્વારા શીખે છે. પ્રોજેક્ટના કાર્ય દ્વારા બાળક અનેક બાબતો એકસાથે શીખે છે. પોતાના મિત્રો સાથે હળીમળીને બાળક જીવનનો વાસ્તવિક અનુભવ મેળવે છે. માત્ર માહિતી નહીં પરંતુ અનુભવ મેળવે છે. કૌશલો શીખે છે. પોતાના ઘર અને આસપાસના વિસ્તાર વિશે વધારે ઊંડાણથી જાણે છે. કશું પૂર્વનિશ્ચિત હોતું નથી અને બાળક જેમ જેમ આગળ વધે છે તેમ તેમ નવી દિશાઓ ઉઘડતી જાય છે. બાળક શોધખોળ કરે છે, વસ્તુઓ ભેગી કરે છે, સાંભળે છે, જુએ છે, ક્રિયા કરે છે. અનેક ક્રિયાઓ કરતાં કરતાં બાળક કેટલીક સમજનો

વિકાસ કરે છે. બાળક સમસ્યાઓને સમજે છે અને તેને ઉકેલવા માટે પ્રયત્નશીલ બને છે. પ્રોજેક્ટ એટલે બાળકને પુસ્તકથી આગળ વધીને પોતાના જીવન સાથે જોડવાની ક્રિયા. આવાં નાનાં નાનાં કૌશલો આગળના ધોરણો માટેની વિષયવસ્તુને શીખવવા માટે પાયો બની રહે છે. બાલ્યાવસ્થાના પ્રોજેક્ટ ખૂબ જ નાના હોય છે અને ઝડપથી પૂર્ણ પણ કરી શકે છે. પ્રોજેક્ટ વિષય આધારિત હોતા નથી પરંતુ જીવન સાથે જોડાયેલા અને ઘણા બધા વિષયોને સાંકળીને કરવામાં આવે છે. આવા કેટલાક પ્રોજેક્ટ નીચે પ્રમાણેના હોઈ શકે.

**વાર્તા આધારિત અભિગમ**

દરેક વ્યક્તિને વાર્તાઓ ગમે છે, ખાસ કરીને બાળકોને વાર્તાઓ વિશેષ ગમે છે. વાર્તાઓ ભાષા, ઈતિહાસ, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, પર્યાવરણ જેવા અનેક વિષયોને સરળતાથી અને રસપ્રદ રીતે શીખવવા માટેનું સાધન છે.

ઘરમાં વડીલો વાર્તાના માધ્યમથી કુળની પરંપરાઓ, સંસ્કારો જેવી અનેક જીવન ઉપયોગી બાબતો શીખવતા હોય છે. બાળકના અનુભવ જગતનો વિસ્તાર કરવા માટે વાર્તા અગત્યનું માધ્યમ બની રહે છે, ''Storytelling is the interactive art of using words and actions to reveal the elements and images of a story while encouraging the listener's imagination.'' વાર્તા બાળકમાં જિજ્ઞાસા જગાવે છે, બાળકની કલ્પનાશક્તિને પોષે છે. બાળકને કેવી વાર્તાઓ સંભળાવવી અને કેવી રીતે વાર્તા કહેવી વિશે વિગતવાર વાત કરવી જરૂરી છે. વાર્તા કહેવી એ એક કળા છે. બાળકોને વાર્તામાં રસતલ્લીન કરીને ઘણી બધી નવી બાબતો સરળતાથી શીખેવી શકાય છે. વાર્તા અભિગમ એટલે વાર્તા સાંભળીને તેને આધારે નવી નવી પ્રવૃત્તિઓ કરાવવી. વાર્તા નીચેની બાબતોમાં ઉપયોગી સિદ્ધ થઈ શકે છે.

1. વાર્તા સંસ્કાર અને મૂલ્યસિંચન માટે અસરકારક સાધન છે.
2. વાર્તા એ પારિવારિક સંબંધો અને સમુદાયને સમજવા માટે ઉપયોગી માધ્યમ બની શકે છે. બાળક સામાજિક પરિવેશથી પરિચિત બને છે.
3. વાર્તા બાળકોમાં વિષયવસ્તુ પ્રત્યે રસ જન્માવે છે તેથી શીખવાની પ્રક્રિયા સહજ અને સરળ બની જાય છે.
4. ભાષાનો ઉત્તમ વિકાસ શક્ય બને છે. નવા નવા શબ્દોનો પરિચય સરળતાથી કરાવી શકાય છે.
5. બાળકની સ્મૃતિશક્તિનો વિકાસ થાય છે. સમસ્યા ઉકેલ અને સમીક્ષાત્મક ચિંતન જેવી પ્રક્રિયા વિશે સભાનતા વિકસે છે.
6. વાર્તાને આધારે વિજ્ઞાન, ઈતિહાસ, પર્યાવરણ વગેરે વિષયોનો પરિચય પણ આપી શકાય છે.

**બાળક માટે વાર્તાની પસંદગી કેવી રીતે કરશો?**

1. બાળકની ઉંમરને ધ્યાનમાં રાખીને વાર્તા પસંદ કરવી જોઈએ. 3 થી 6 વર્ષ દરમિયાન એકદમ ટૂંકી અને સરળ વાર્તાની પસંદગી કરવી જોઈએ.
2. વાર્તામાં ઘટના અંગે બાળકમાં કૂતુહલ અને જિજ્ઞાસ જન્મે તેવી બાબતો સમાવિષ્ટ હોવી જોઈએ.
3. ગેરમાન્યતા અને અંધશ્રદ્ધાને પોષે તેવી બાબતો વાર્તામાં ન આવે તેનું ધ્યાન રાખવું. કોઈ વાર્તામાં આવાં તત્ત્વો આવતાં હોય તો તેને શિક્ષકે/માતાપિતાએ કાળજીપૂર્વક દૂર કરવાં જોઈએ.

**વાર્તાકાર તરીકે શિક્ષક માટેનું ચેકલિસ્ટ**

1. તમે તમારી વાંચવાની પ્રવૃત્તિઓ દરમિયાન હલનચલન, હાવભાવ, પ્રશ્નો પૂછવા અને તમારા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપનો ઉપયોગ કરી રહ્યા છો?
2. શું તમે વાર્તા કહેતાં કહેતાં અવાજમાં આરોહ અવરોહ લાવી શકો છો?
3. તમે કોઈ વાર્તામાં વચ્ચે વચ્ચે પરિવર્તન કરીને અન્ય સંદર્ભો જોડી શકો છો?

4. વાર્તા કહેતાં કહેતાં પ્રશ્નો પૂછીને બાળકને વિચાર કરવાની તક આપો છો?
5. શું તમે એવી વાર્તા શેર કરવા માંગો છો જેનો આનંદ તમે પોતે માણી શકો છો?
6. વાર્તામાં આવતા પ્રાણી-પંખીઓના કે વિશિષ્ટ પાત્રોના અવાજ કાઢી શકો છો?
7. તમે વાર્તા દરમિયાન ચિત્રો, ઑડિયો, વીડિયો કે અન્ય વસ્તુઓને સાંકળી શકો છો?
8. વાર્તામાં વ્યક્ત થતી લાગણીઓ બાળક સુધી પહોંચે તે માટે સભાનતાથી પ્રયત્ન કરું છું?
9. બાળકને વાર્તામાં રસ પડે છે કે કેમ તેનું આકલન કરી શકું છું?
10. વર્ગમાં વાર્તા રજૂ કરતા પહેલાં તેનું પૂર્વાયોજન કરું છું?

**બાળકને વાર્તા સંભળાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.**

1. વાર્તાઓ પ્રારંભમાં માતૃભાષામાં કહેવી જોઈએ. અન્ય ભાષાની ઉત્તમ વાર્તાઓને અનુવાદ કરીને પણ સંભળાવી શકાય.
2. બાળકને વાર્તા સંભળાવતી વખતે અન્ય દૃશ્ય-શ્રાવ્ય અનુભવો પણ આપવા જોઈએ. જેમ કે વાર્તાની અંદર આવતાં પાત્રોના ફોટોગ્રાફ્સ અથવા ચિત્રો દર્શાવી શકાય. સ્થળ કે વ્યક્તિના ચિત્રો દર્શાવવાથી વાર્તા વધારે વાસ્તવિક બને છે. શબ્દ અને ચિત્ર વચ્ચે અનુસંધાન બંધાય છે.
3. પ્રત્યેક વાર્તામાં પ્રધાન તત્ત્વને ઓળખીને તેનો ઉપયોગ કરવો જોઈએ. વિજ્ઞાન અંગેની કથામાં બાળકો વિજ્ઞાન પ્રત્યે અભિમુખ થાય તેવો હેતુ ધ્યાનમાં રાખીને વાર્તાકથન કરી શકાય. જ્યારે સમસ્યા ઉકેલ અને સમીક્ષાત્મક ચિંતન શીખવા માટે અલગ પ્રકારની વાર્તા પસંદ કરવી જોઈએ. સંસ્કાર અને મૂલ્યલક્ષી ઘડતર માટે જુદી વાર્તા પસંદ કરવી પડે. આ પ્રમાણે વાર્તાનો હેતુ મનમાં સ્પષ્ટ કરીને વાર્તાની પસંદગી કરવાની રહે છે.
4. માત્ર વાર્તા કહેવાને બદલે તેને આધારિત પ્રવૃત્તિઓનું પણ આયોજન વિચારવું જોઈએ. બાળક વાર્તામાં આવતાં પાત્રોના સંવાદનું નિરૂપણ કરે, પ્રાણી, પક્ષીઓના અવાજ કાઢે, પાત્રો સાથે વાસ્તવિક જીવનનાં પાત્રોની તુલના કરે, ઘટનાને ક્રમમા ગોઠવે, વાર્તાને ચિત્ર પ્રમાણે ગોઠવે, વાર્તા સાંભળતાં સાંભળતાં તેમાં આવતી બાબતોને સમજીને ચિત્રો દર્શાવે વગેરે જેવી નાની નાની પ્રવૃત્તિઓ કરાવવાથી બાળક વાર્તા સાથે વધારે સઘન અનુસંધાન સાધી શકે છે.
5. વાર્તાઓના પ્રકારને ધ્યાને લઈને વૈવિધ્યપૂર્ણ અનુભવ મળે તેનું ધ્યાન રાખવું જોઈએ. પરંપરાગત વાર્તાઓ અને દંતકથાઓ. અન્ય સ્વરૂપોમાં ચિત્રવાર્તાઓ, પ્રાણીવાર્તાઓ, હાસ્યવાર્તાઓ વગેરે.
6. એક વાર્તામાં એકસાથે ઘણા નવા શબ્દો ન આવે તેનું ધ્યાન રાખવું જોઈએ. એક વાર્તામાં બેથી ત્રણ શબ્દો નવા ઉમેરી શકાય. નવા શબ્દોની સાથે બોલચાલના કે અન્ય સરળ સમાનાર્થી પરિચિત શબ્દનો ટેકો આપી શકાય.
7. વાર્તા આધારિત અભિગમમાં સામાન્ય રીતે ત્રણ સોપાનોને ધ્યાનમાં લેવાં જોઈએ. વાર્તા પહેલાંની પ્રવૃત્તિઓ, વાર્તા વાંચન દરમિયાનની પ્રવૃત્તિઓ અને વાર્તા પછીની પ્રવૃત્તિઓ.
   a. સૌથી પહેલું સોપાન એ વિદ્યાર્થીઓની જરૂરિયાત અને અધ્યાપનના હેતુઓને આધારે વાર્તા પસંદ કરવી એ છે. વાર્તા આધારિત પ્રવૃત્તિઓ માટે મનોમંથન અવશ્ય કરવું જોઈએ, જેના આધારે શિક્ષક પાઠ આયોજન તૈયાર કરી શકે.
   b. વાર્તા વાંચન પહેલાંની પ્રવૃત્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. બાળકને વાર્તાનું મુખપૃષ્ઠ બતાવવું અને તેના વિશે વાત કરવી. વાર્તાનું નામ અને તેમાં

અપાયેલાં ચિત્રોને આધારે બાળકને કેટલાક પ્રશ્નો પૂછી શકાય. જે વાર્તા વાંચવાની છે તેને લગતી કોઈ નાની રમતો રમાડી શકાય.

c. વાંચન દરમિયાનની પ્રવૃત્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. શબ્દોના હાવભાવ કરવા અને તેને વારંવાર પુનરાવર્તન કરવું, કાર્ડ દર્શાવવાં, હવે આગળ શું બનશે તેની આગાહી કરવી, વાર્તાના ટુકડાને ક્રમમાં ગોઠવો, હા-ના પ્રકારના પ્રશ્નો પૂછો, વાર્તાના અંત વિશે અંદાજ લગાવો.

d. વાર્તા વાંચન પછીને પ્રવૃત્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. વાર્તાને નવું શીર્ષક આપવું, ઘટના અથવા ચિત્રોને ગોઠવવાં, નાની પુસ્તિકા અથવા પૉસ્ટર તૈયાર કરવું, વાર્તા વાંચવી અથવા તેને ભજવવી, વાર્તાને લગતી રમત રમવી, વાર્તા વિશે ગીત ગાવું, માસ્ક અથવા કઠપૂતળી બનાવવી, વાર્તા ફરીથી કહેવી.

**થીમ આધારિત અભિગમ**

થીમ એટલે એવી બાબત જેના આધારે નાની નાની પ્રવૃત્તિઓનું આયોજન થઈ શકે. આ પ્રકારની થીમને કેંદ્રમાં રાખીને શિક્ષક અલગ અલગ પ્રકારની અધ્યયન નિષ્પત્તિને સિદ્ધ કરી શકે. એક કરતાં વધારે પ્રવૃત્તિઓને એક માળામાં ગૂંથી લેવા માટે દોરાનું કાર્ય આ થીમ કરી શકે છે. બાળક એક પ્રવૃત્તિ સાથે બીજી પ્રવૃત્તિને જોડી શકે છે. જેમાં એક પ્રકારનું સાતત્ય તૈયાર થાય છે. બાળક સંદર્ભ સમજી શકે છે. બાળકને શીખવાનો ભાર લાગતો નથી અને શીખવાની પ્રક્રિયામાં સમગ્રતા આવે છે. બાળકમાં સર્વગ્રાહી સમજ તૈયાર થાય છે. અહીં જ્ઞાતથી અજ્ઞાત તરફ અને પરિચિતથી અપરિચિત તરફનો અભિગમ કામમાં લાગે છે. બાળક જે જાણે છે તેના આધારે નવી બાબતોને ગ્રહણ કરે છે. બાળક કેંદ્રવર્તી થીમને આધારે ગીત ગાય છે, અભિનય કરે છે, પ્રયોગ કરે છે, અવલોકન કરે છે, પ્રશ્નો પૂછે છે અને નવી અપરિચિત બાબતો અંગે શિક્ષક સાથે વાતચીત કરે છે.

શિક્ષક પોતાને યોગ્ય લાગે એવી થીમ પસંદ કરીને આયોજન કરી શકે છે. થીમ પસંદ કરતી વખતે નીચેની બાબતોને લક્ષમાં લેવી જોઈએ.

1. થીમ પસંદ કરીએ તે બાળકના પરિચિત વર્તુળમાંથી પસંદ કરવી જોઈએ. બાળક પોતાના જીવન સાથે સમગ્ર પ્રક્રિયાઓને જોડી શકાય તે રીતે થીમનો વિચાર કરવો જોઈએ.
2. બાળક વ્યક્તિગત રીતે જે અનુભવે છે અને તેની આસપાસની હકીકતોને સુપેરે સાંકળી શકે તેવી થીમને પ્રાધાન્ય આપવું જોઈએ.
3. થીમ આધારિત અભિગમમાં નીપજ કરતાં બાળક સમગ્ર પ્રક્રિયામાં સક્રિયપણે સહભાગી થાય તે વધારે અગત્યનું છે. આથી બાળકને એવી થીમ સાથે જોડવું જોઈએ જેમાં બાળકને રસ પડે, જિજ્ઞાસા ઉત્પન્ન થાય અને પડકાર પણ પ્રાપ્ત થાય.
4. થીમ આધારિત અભિગમમાં બાળક મોટા ભાગનું કાર્ય પોતાની મેળે જ કરે છે, શિક્ષક તેને સહાય અને માર્ગદર્શન આપી શકે છે. થીમ આધારિત અભિગમ સંપૂર્ણપણે બાળકેંદ્રી પ્રક્રિયા બની રહે તેનું ધ્યાન રાખવું જોઈએ.
5. પ્રત્યેક પ્રવૃત્તિને આધારે બાળકને કશુંક નવું પ્રાપ્ત થાય છે. આ વ્યક્તિગત સમજ અગત્યની નીપજ બની રહે છે.

**શિક્ષકના સાથી : અધ્યાપન-અધ્યયન સામગ્રી (TLM)**

બાળકોને નવીન સંકલ્પનાઓ સમજાવવા માટે જુદાં જુદાં સાધનો ઘણા ઉપયોગી બનતા હોય છે. બાળક માટે ઈંદ્રિયો જ્ઞાનના દ્વાર છે તેનો મહત્તમ ઉપયોગ થાય તે માટે સાધનો ઉપયોગી બની શકે છે. નાનાં બાળકો રમતાં રમતાં ઘણી બધી બાબતોની સમજ પ્રાપ્ત કરી લેતાં હોય છે. બાળક માટે પ્રત્યેક વસ્તુ શીખવા માટેની તક આપે છે. આથી શિક્ષકે વિવિધ વસ્તુઓને કેવી રીતે પ્રયોજવી જોઈએ તેનો વિચાર કરવો જોઈએ.

# પ્રકરણ - 6
# અધ્યયનના ઉન્નયન માટે આકલન



- ડૉ. મીનલબા જાડેજા
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૭૬૦૦૦૪૩૪૦૦

આકલનને મૂલ્યાંકનમાં ફેરવવામાં આવે તો શિક્ષણનો હેતુ સિદ્ધ થયો છે કે કેમ તેની ખરાઈ કરી શકાય. માત્ર સત્રાંત મૂલ્યાંકનને સર્વાંગીણ મૂલ્યાંકનમાં તબદીલ કરવા માટે કેવાં કેવાં પગલાઓ લઈ શકાય તેનું સમગ્ર ચિત્ર આપતું પ્રકરણ NCFFSમાં આપવામાં આવ્યું છે. પરીક્ષા શબ્દએ બે શબ્દો પરિ અને ઈક્ષાથી બનેલો શબ્દ છે, પરિ એટલે ચારેબાજુ અને ઈક્ષા એટલે તપાસવું, જોવું. પરીક્ષા એ ચારેબાજુથી જોવાની, તપાસવાની પ્રક્રિયા છે. આ પરીક્ષા ખરા અર્થમાં ચારેબાજુથી વિદ્યાર્થીને તપાસે તે માટે શું કરવું, કેમ કરવું અને કેવી રીતે કરવું તે બાબતની વિસ્તૃત છણાવટ આ પ્રકરણમાં આપવામાં આવી છે. મૂલ્યાંકનમાં સુધારને ચાર વિભાગમાં રજૂ કરવામાં આવ્યો છે, જેમાં મૂલ્યાંકનના મૂળભૂત સિદ્ધાંતો, મૂલ્યાંકનની પદ્ધતિ અને સાધનો, બાળકોએ આપેલા પ્રતિભાવોના પૃથક્કરણની પદ્ધતિ અને બાળકની સિદ્ધિનું દસ્તાવેજીકરણ.

**NCFFS સંદર્ભે માર્ગદર્શનરૂપ કેટલીક બાબતોઃ**

**મૂલ્યાંકનની પ્રકૃતિ અને હેતુઃ**

NCFFSમાં દર્શાવ્યા પ્રમાણે આકલનની પ્રકૃતિ અને હેતુમાં બાળકની જરૂરિયાતો અને રુચિને ઓળખવાનો સમાવેશ થાય છે. જો બાળકની રુચિ અને જરૂરિયાતો ઓળખાશે તો શિક્ષક તદઅનુરૂપ શિક્ષણની વિધિઓ સાધનો પસંદ કરી શકશે. આમ મૂલ્યાંકનનો હેતુ શિક્ષણ પ્રક્રિયાને માર્ગદર્શિત કરવાનો છે. મૂલ્યાંકનનું પ્રવર્તમાન કાર્ય બાળકની સિદ્ધિને ઓળખવાનું છે તે તો ખરું જ પરંતુ આ સાથે તે સિદ્ધિ પ્રાપ્ત કરવામાં લાગેલા સમયનું પણ ચિંતન કરવાનો પણ સમાવેશ થાય છે. વધુમાં માત્ર સાધ્ય એટલે કે સિદ્ધિ જ નહિ પરંતુ તેની વૈચારિક પ્રક્રિયામાં ડોકિયું કરવાનો હેતુ પણ મૂલ્યાંકનમાં નિહિત છે. જ્યાં સુધી કોઈ પરીક્ષણ થતું નથી ત્યાં સુધી વિદ્યાર્થી તે વિષય વસ્તુને ફરી જોવા માટે પ્રેરાતો નથી. આમ, મૂલ્યાંકનનો એક હેતુ બાળકને દૃઢીકરણ કરવા માટે પ્રેરવાનો પણ છે.

NCFFSની જોગવાઈની વાત કરીએ તો તે ખૂબ નાના બાળકોનાં ભણતર માટે માર્ગદર્શન આપતો દસ્તાવેજ છે. આ કુમળા માનસ પર મૂલ્યાંકનના કારણે કોઈ બિનજરૂરી ભાવનાત્મક તાણ ન આવે તે બાબતનું ધ્યાન રાખવું ખુબ જરૂરી છે.

આથી આ વયનાં બાળકોનું મૂલ્યાંકન શિક્ષણમાં જ વણાઈ જાય તે જોવું ઘટે. આ તબક્કામાં એકદમ અલગ જ પરીક્ષાઓ ન જ હોવી જોઈએ. પ્રવર્તમાન મૂલ્યાંકન માત્ર સ્મૃતિશક્તિનું જ મૂલ્યાંકન બની ગયું છે, સ્મૃતિથી ક્ષમતાના મુલ્યાંકન ભણી સફર કરવાની ખૂબ જરૂરિયાત છે. ઉદાહરણ તરીકે બાળક વાતચીત દરમિયાન વાક્યની વ્યવસ્થિત રચના કરી શકે છે. આવી એક ક્ષમતા છે તો તેના મૂલ્યાંકન માટે બાળક વાતચીત કરે તેની તક આપવી જોઈએ. વળી, દરેક બાળકની શીખવાની, વ્યકત થવાની પદ્ધતિ અલગ અલગ હોય છે તે બાબત ધ્યાનમાં રાખી મૂલ્યાંકનની પણ વિવિધ રીત અપનાવવી જોઈએ, જેમ કે, રમત દરમિયાન બાળકોની થતી વાતચીત, બાળક વર્ગખંડ દરમિયાન પ્રશ્નો પૂછે તેવી તક, જૂથ કાર્ય જેમાં કોઈ કાર્ય માટે સંવાદ કરવો પડે આવી અનેક રીતો વિચારી શકાય છે. બાળકના દરેક કાર્યનું દસ્તાવેજીકરણ પણ ખૂબ જ અગત્યનું છે. બાળકે બનાવેલી દરેક કૃતિ, તેની રચના, તેનાં વર્તનો અને વ્યવહારોની વ્યવસ્થિત નોંધ થવી પણ એટલી જ મહત્ત્વની છે. પરંતુ આ બાબત શિક્ષકને બોજરૂપ બને તેવી ન હોવી જોઈએ.

**મૂલ્યાંકનની પદ્ધતિ અને સાધનોઃ**

મૂલ્યાંકનની પદ્ધતિ અને સાધનો તેની હેતુ સિદ્ધિ માટે ખૂબ જ અગત્ય ધરાવે છે. નાનાં ધોરણોમાં બાળકોનાં વર્તનોનું અવલોકન અને તેમને બનાવેલી ક્લાકૃતિઓનું વિશ્લેષણ મૂલ્યાંકનની મુખ્ય પદ્ધતિ અને સાધનો હોઈ શકે. ત્યાં લેખિત અને પદ્ધતિસરની પરીક્ષા ન હોવી જોઈએ.

આજની શિક્ષણ પ્રક્રિયાની મુખ્ય સમસ્યા તે અભ્યાસક્રમનાં ધ્યેયથી વિમુખ છે તે છે. અર્થાત, મૂલ્યાંકન હેતુઓ અને મૂલ્યાંકનનાં સાધનો, પદ્ધતિ અને પ્રક્રિયા વચ્ચે તાલમેલ હોવો જોઈએ. આજનું સમગ્ર શિક્ષણ માત્ર સ્મૃતિ આધારિત નથી પરંતુ ક્ષમતા આધારિત છે. આથી મૂલ્યાંકન પણ માત્ર સ્મૃતિનું ન થતાં દરેક ક્ષમતાનું થવું જોઈએ. આ રીતે મૂલ્યાંકનનાં સાધનો, પ્રવૃત્તિ અને પદ્ધતિઓ પણ માત્ર સ્મૃતિ નહિ પરંતુ દરેક ક્ષમતાનું મૂલ્યાંકન થાય તેવા હોવા જોઈએ. નીચે કેટલાક મૂલ્યાંકનનાં સાધનો અને પદ્ધતિઓની વિગતો આપી છે.

**બાળકનાં અવલોકનોઃ**

બાળકની દરેક ક્રિયા અને દરેક વર્તનોનું અવલોકનએ બાળકે કેટલું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તેની સમજ શિક્ષકને આપે છે. બાળક શાલેય સમય દરમિયાન તેનાં વર્તનો, વલણો અને તેને પ્રાપ્ત કરેલા શિક્ષણને કોઈ ને કોઈ રીતે પ્રદર્શિત કરતો હોય છે. બાળક ક્રિયાઓ દ્વારા અથવા મૌખિક વાતચીત દ્વારા અથવા તેના હાવભાવ દ્વારા પણ પોતે શું ગ્રહણ કર્યું છે તે પ્રદર્શિત કરે છે. જરૂર છે આવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની કે જે તે ક્ષમતા બાળકે સિદ્ધ કરી છે કે કેમ તે અવલોકન કરવાની તક મળી શકે.

શિક્ષક બાળકમાં રહેલા ધીરજના ગુણને જાણવા માંગતા હોય તો બાળકને રમકડાં વહેચવાની પ્રવૃત્તિનું નિર્માણ કરી શકાય. બાળક તેની પ્રિય વસ્તુ એવા રમકડાં મેળવવા અંગે પોતાનો નંબર આવે ત્યાં સુધી રાહ જોઈ શકે કે કેમ તેનું નિરિક્ષણ કરી શકે છે. શિક્ષક બાળકને એકબીજા સાથે વહેચવાં પડે તેવા રમકડાં રમવાની રમત પણ રમાડી શકે છે અને શાંતિથી પોતાનો નંબર આવે તેની રાહ જુએ છે કે કેમ?

ઉપર્યુક્ત પ્રવૃત્તિનું નિર્માણ કરવું જ પૂરતું નથી પરંતુ તેનો મુખ્ય ધ્યેય બાળકની સિદ્ધિને માપવું તે પણ એટલું જ અગત્યનું છે. આ સિદ્ધિના સુવ્યવસ્થિત માપન માટે નીચેનાં સોપાનો અનુસરી શકાય છે.

**આકલન માટે સુવ્યવસ્થિત અવલોકન માટેનાં સોપાનોઃ**

**૧. આયોજન :**

બાળકના અવલોકન પદ્ધતિસર અને હેતુલક્ષી થાય તે માટે યોગ્ય આયોજન પણ જરૂરી છે. આ માટે શિક્ષકે કયા હેતુનું મૂલ્યાંકન કરવું છે. આ હેતુ સિદ્ધિ માટે બાળક પાસે કેવું વર્તન કે ક્રિયા અપેક્ષિત છે તેની યાદી બનાવવાની અને આ દરેક બાબતનું રેકોર્ડિંગ કેવી રીતે કરવું તે વિશે વિચારણા કરવી જરૂરી છે.

**૨. આકલન માટે રેકોર્ડ મેળવવા :**

આ સોપાનમાં પસંદ કરેલ હેતુ અથવા તો ક્ષમતા બાળકો દર્શાવે તે સંદર્ભિક ક્રિયાઓ કરે તે સમયની પસંદગી કરવાની રહેશે. જેમ કે, બાળકના સામાજિક વિકાસની વાત હોય તો તેને કોઈ જૂથ પ્રવૃત્તિ દરમિયાન અવલોકિત કરી શકાય પરંતુ જો તેના શારીરિક વિકાસની વાત હોય તો બાળક મેદાની રમત રમતો હોય તે સમય યોગ્ય રહેશે. આમ આકલન માટેનો રેકોર્ડ બને તે માટેની સ્થિતિ અને સમય પસંદ કરવો જરૂરી છે. સાથે સાથે આ દરેક અવલોકન ચોક્કસ રીતે રોકોર્ડ થાય તે પણ જરૂરી છે.

**૩. રેકોર્ડનાં આધારે મૂલ્યાંકન કરવું :**

કેટલાક સમય માટે ઉપર દર્શાવ્યા પ્રમાણે પરિસ્થિતિ ઉત્પન્ન કરી અને તેની નોંધ એકત્ર કરવી. આ દરેકનાં નોંધને, રેકોર્ડને વાંચીને તેના આધારે મૂલ્યાંકન કરવું જોઈએ. માત્ર એટલે જ ન અટકતાં આ અવલોકનોના આધારે શિક્ષકે ચિંતન પણ કરવાની જરૂર છે કે પોતે જે પદ્ધતિથી ભણાવે છે તે યોગ્ય છે કે કેમ? શું તેમાં કોઈ ફેરફારની આવશ્યકતા છે કે કેમ?

એક ઉદાહરણ દ્વારા અવલોકનનું મૂલ્યાંકન કેવી રીતે થઇ શકે તે જોઈએ.

ઉદાહરણ :

**1. વાર્તાકથન:**

● બાળકને વાર્તા કહેતી વખતે માત્ર વાર્તા ન કહેતાં તેને મૂલ્યાંકનના હેતુથી નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

● શું બાળક વાર્તામાં આવતી સંવેદનાઓને ઝીલી રહ્યું છે?

● શું બાળક વાર્તાનાં પાત્રો સાથે સમાનુભૂતિને લગતા પ્રશ્નો પૂછે છે?

● શું બાળક વાર્તાને અનુરૂપ પોતાના જીવનના અનુભવો વર્ણવે છે?

● શું બાળક વાર્તામાં તલ્લીન થાય છે?

● શું બાળક વાર્તાની કોઈ બાબતમાં આવતી મૂંઝવણના પોતાના કોઈ ઉકેલ આપે છે?

● શું બાળક પોતાના ગમાઅણગમા દર્શાવે છે?

**2. સામૂહિક કાર્ય કરાવવું :**

બાળકનો સર્વાંગીણ વિકાસ કરવાનો છે. આ સર્વાંગીણ વિકાસમાં તેનો શારીરિક, માનસિક, ભાવનાત્મક વિકાસ થાય તેવું આયોજન થાય તે જરૂરી છે. આ માટે બાળકને જૂથ કાર્ય કરવાની તક આપવી જોઈએ. તેમાં બાળકને સંયુક્ત રીતે કોઈ કૃતિ બનાવે, કોઈ કામ સાથે પૂર્ણ કરે, કોઈ કોયડાઓ ઉકેલે, સાથે રમત રમે વગેરે બાબતો કરાવવી જોઈએ. આ બાબત વખતે નીચેની બાબતો ધ્યાન આપવું જોઈએ.

● શું બાળક પોતાની વસ્તુ કોઈને આપે છે કે કેમ?

● શું બાળક પોતાનો નંબર આવે તેની રાહ જુએ છે કે કેમ ?

● શું બાળક અન્યને સાંભળે છે?

● શું બાળક અન્યની લાગણી દુભાય તો તેને સહાનુભૂતિ આપે છે કે કેમ?

● શું બાળક અન્ય બાળકને મદદ કરે છે કે કેમ?

● શું બાળક પુરાવાઓની કડીઓ જોડીને કોઈ તારણ તારવી શકે છે કે કેમ?

● શું પોતાનો બોલવાનો વારો આવે તેની રાહ જુએ છે?

● શું બાળક અન્યને સાંભળે છે ત્યારે પોતાનાં આનંદ કે નારાજગી વ્યક્ત કરે છે?

● શું બાળક પોતાની વાત રજૂ કરી શકે છે કે કેમ?

ઉપર્યુક્ત ક્રિયામાં એક સાથે ઘણીબધી ક્રિયાઓનું મુલ્યાંકન કરવાનું જરૂરી બને છે.

**3. રમત રમાડવી :**

બાળકને રમતગમત દરમિયાન નીચેની બાબતોનું ધ્યાન રાખવા માટે કહેવું જોઈએ.

● શું બાળક સરળ સમસ્યાઓ હલ કરે છે?

● શું બાળક રમતની સામગ્રી સાથે રમવા માટે મોટા અને નાના સ્નાયુઓનો ઉપયોગ કરી શકે છે?

● શું બાળક જુદી જુદી લાગણીઓ વ્યક્ત કરી શકે છે?

● શું બાળક અન્યની લાગણીઓને યોગ્ય રીતે પ્રતિભાવ આપી શકે છે?

**અવલોકનો રેકૉર્ડ કરવાનાં સાધનો :**

બાળકના અવલોકનનું રેકોર્ડિંગ મૂલ્યાંકનને આધારે છે ત્યારે તેને રેકોર્ડ કરવાનાં સાધનો પણ એટલાં જ મહત્ત્વનાં છે. આ રેકોર્ડ માટેનાં વિવિધ સાધનો નીચે આપેલાં છે, જે શિક્ષકોને ઉપયોગી નીવડશે.

**પ્રસંગનોંધ :**

બાળકના વિવિધ વર્તનો જે ચિંતાજનક હોય અથવા જેના પર ધ્યાન આપવાની જરૂર હોય તે બાબતોની વિગતવાર નોંધ રાખવી જરૂરી છે. કોઈ એક ઘટના કે જે ધ્યાન ખેંચે તેવી હોય તો તે ઘટના શક્ય તેટલી વહેલી તકે વ્યવસ્થિત નોંધાવી જોઈએ. જેમ કે, કોઈ બાળક પોતાની કોઈ પણ વસ્તુ બીજાને આપવા માટે જરા પણ સહમતી દર્શાવતું નથી તેવું સંયુક્ત કાર્યમાં જણાયું તો શિક્ષકે તે બાબતને તુરંત જ નોંધવી જોઈએ.

આ વર્તનને અનુરૂપ અન્ય વર્તનો પણ નોંધવાં જોઈએ. સાથે સાથે તેની કાર્યયોજના બનાવવી જોઈએ. આ કાર્યયોજનામાં તેના ઘરની મુલાકાત, તેનાં માતા-પિતાને માર્ગદર્શન, વધુમાં વધુ શેરીંગ કરવું પડે તેવા સંજોગો ઊભા કરવા વગેરે બાબતોનો સમાવેશ કરવો જોઈએ. NCFFSમાં આ બાબતનો નમૂનો પણ આપેલો છે. આ ઉપરાંત શિક્ષકો માટે નીચેની યુટ્યુબ લિંક પણ ઉપયોગી થઈ શકશે.

https://www.youtube.com/watch?v=XDyMcIPlR8s

**ચેક લિસ્ટ/ઓળખયાદી**

બાળકના મૂલ્યાંકનની વ્યવસ્થિત નોંધ રાખવા માટે ચેકલિસ્ટ તે વધુ સરળ અને અનાત્મ્લક્ષી સાધન બની શકે. શિક્ષકો માટે ચેકલિસ્ટ પર મળેલ માહિતીનું વિશ્લેષણ કરીને તેના આધારે મૂલ્યાંકન કરવું તે વિસ્તૃત વર્ણાત્મક નોંધ પર કરેલા મૂલ્યાંકન કરતાં વધુ સરળ અને સચોટ મળી રહે છે.

ચેકલિસ્ટનો ઉપયોગ કોઈ વર્તનની હાજરી કે ગેરહાજરીના સંદર્ભમાં કરી શકાય છે. બાળક કોઈ ક્ષમતા સિદ્ધી માટે અપેક્ષિત વર્તન કરે છે કે કેમ તે દર્શાવવા માટે ચેકલિસ્ટનો ઉપયોગ કરી શકાય છે. જેમ કે, બાળકની કાવ્યગાનને લગતી કોઈ ક્ષમતા છે તો આ ક્ષમતા સિદ્ધ થઇ છે કે કેમ તે માટેનાં અપેક્ષિત વર્તનોની યાદી બનાવીને તે વર્તનો બાળક દર્શાવે છે કે કેમ તે હા/ના અથવા વર્તનની હાજરી/ગેરહાજરી ને લાગતું ચેકલિસ્ટ બનાવી શકાય છે. ઉપરનાં ઉદાહરણમાં બાળક કાવ્યગાન કરે છે. સામૂહિક ગાનમાં જોડાય છે. વ્યક્તિગત જોડકણાઓ ગાય છે. લય અને તાલબદ્ધ રીતે ગાય છે. અન્ય સમાન લગતાં કાવ્ય કે જોડકણા શોધી/યાદ કરી તેનું ગાન કરે છે. વગેરે જેવી બાબતો લઈ શકાય છે.

ચેકલિસ્ટને મૂલ્યાંકનના એક માત્ર સાધન તરીકે ન જોતા તેને પૂરક સાધન તરીકે જોવું વધારે હિતાવહ છે. સાથે સાથે જયારે એક સાથે વધુ પરિમાણોનું મૂલ્યાંકન કરવાનું થાય ત્યારે તેનો ઉપયોગ કરવો જોઈએ.

નીચે બાળકના વિવિધ વિકાસના માપન માટેનું ચેકલિસ્ટનું ઉદાહરણ આપ્યું છે. તમિકાનાં આ વર્તનને જાણવા માટે ટાઈમ સેમ્પલીંગ કે ફ્રિકવન્સી સેમ્પલીંગનો ઉપયોગ કરી શકાય. ટાઈમ સેમ્પલીંગમાં સમયના એક ચોક્કસ ગાળા સુધી બાળકનું અવલોકન કરવામાં આવે છે અને ફ્રિકવન્સી સેમ્પલિંગમાં અવલોકનોની ફ્રિકવન્સી નોંધવામાં આવે છે. આ બાબત વધુ શીખવા માટે નીચેની લિંકનો ઉપયોગ કરી શકાય છે.

https://www.kanopystreaming.com/sites/default/files/event_time_sampling.pdf

બાળકના આ વર્તનને નિરિક્ષણ કર્યા પછી તેમને કાઉન્સેલિંગ માટે મોકલી શકાય છે. તેમના આ વર્તનનાં કારણો જાણવા માટે તેમના ઘરની મુલાકાત લેવી અને વર્તન દૂર કરવા કોઈ સંયુક્ત કાર્યયોજના બનાવવી જોઈએ.

**પોર્ટફોલીયો**

પોર્ટફોલિયો એ બાળકોએ કરેલા કાર્યના નમૂનાઓ અને રેકોર્ડ્સનો સહેતુક સંગ્રહ છે. તેમાં બાળકે બનાવેલી દરેક કૃતિ, બાળકના ફોટોગ્રાફ, જો શક્ય હોય તો તેને રજૂ કરેલા અભિનયગીત કે અન્ય પ્રસ્તુતિનું રેકોર્ડિંગ વગેરે જેવી તમામ બાબતોનો સમાવેશ થાય છે. દરેક સત્રના અંતે બાળક તેને ઘરે પણ લઈ જઈ શકે છે. આ દરેક કાર્ય કોઈ ને કોઈ ક્ષમતા સિદ્ધ કરવા માટે કરવામાં આવેલું હોય છે. ચોક્કસ અધ્યયન નિષ્પત્તિઓ માટે બાળકે કરેલા પ્રયત્નો અને સિદ્ધિઓના આધારો આપીને મૂલ્યાંકન કરવાનું કામ પોર્ટફોલિયો કરે છે. શિક્ષકે અધ્યયન નિષ્પત્તિના સંદર્ભમાં બાળકના પોર્ટફોલિયોનું વિશ્લેષણ કરવું જોઈએ અને ક્ષમતાઓની સામે બાળકની પ્રગતિ નોંધવી જોઈએ જોઈએ. દરેક બાળક માટે તેમણે બનાવેલી કલાકૃતિઓને સંગ્રહિત કરવા માટે એક અલગ ફોલ્ડર હોવું જોઈએ.

**વર્કશીટ્સ**

બાળકનાં લેખિત કાર્યોનાં મૂલ્યાંકન માટે વર્કશીટનો ઉપયોગ કરી શકાય છે. ગાણિતિક અને કેટલીક ભાષાકીય ક્ષમતાઓના મૂલ્યાંકન માટે વર્કશીટ ઉપયોગી સાબિત થઇ શકે છે. સૌથી સહેલું બનાવી શકાય તેવું આ સાધન હોવાથી તેનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય છે, તેમ છતાં તેનો ઉપયોગ માત્ર જે ક્ષમતા માટે જરૂરી હોય ત્યાં જ કરવો જોઈએ.

**બાળકોએ આપેલા જવાબો/મૂલ્યાંકનના આધારો/ પુરાવાઓનું વિશ્લેષણ**

જયારે પણ બાળકના કાર્યનું વિશ્લેષણ કરતા પહેલાં કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

નિષ્પક્ષ રીતે વિશ્લેષણ થવું જોઈએ. કોઈ પણ પરિબળોનાં કારણે પૂર્વગ્રહથી પરિણામ પ્રભાવિત ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

માત્ર આપવા ખાતર કોઈ કાર્ય/પ્રેક્ટીકલ/કૃતિ નિર્માણ ન આપતાં તે જે તે અભ્યાસક્રમની ક્ષમતાના આધારિત હોવું જોઈએ.

મૂલ્યાંકન સહજ રીતે દિવસ દરમિયાનની તમામ પ્રવૃત્તિમાં વણાયેલું હોવું જોઈએ. શિક્ષકો, બાળકોના વર્તન, પ્રતિભાવો, મિજાજ, પસંદ અને નાપસંદમાંથી નિષ્પત્તિઓ તારવવા માટે સક્ષમ હોવા જોઈએ.

દસ્તાવેજો રાખવાની એક સિસ્ટિમ હોવી જોઈએ.

બાળકો શું નથી જાણતા કે શું નથી કરી શકતા તેના પર શિક્ષકોએ ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ નહીં. તેના બદલે તેઓ શું જાણે છે અને શું કરી શકે છે તેના પર ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ.

મૂલ્યાંકનનાં અંતે બાળકનું અધ્યયન સંપૂર્ણ, આંશિક કે ખોટી દિશામાં છે તેની માહિતી મળે તે રીતે વિશ્લેષણ થવું જોઈએ.

બાળક કઈ ખોટું તો નથી સમજ્યાને અથવા કોઈ અલગ જ સંકલ્પના તો નથી સમજ્યાને તે બાબત પણ શિક્ષકે ઓળખવી જોઈએ.

દરેક બાળકની વ્યકત થવાની પદ્ધતિ અલગ હોય તો બાળક વિષે નિષ્કર્ષ કાઢવા માટે કોઈ એક જ પદ્ધતિથી થએલ મૂલ્યાંકનનો ઉપયોગ ન થવો જોઈએ. એક જ બાબત માટે મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિનો ઉપયોગ થવો જોઈએ.

અમુક ક્ષમતાઓ બાબતે કોઈ બાળકો પર વિશેષ ધ્યાન આપવાની જરૂર હોય તેને ઓળખવી જોઈએ જેથી તેમના પર વિશેષ ધ્યાન આપી શકાય.

મૂલ્યાંકનના નિષ્કર્ષના આધારે શીખવવાની પદ્ધતિમાં જરૂરી ફેરફાર લાવવા જોઈએ.

મોટા ભાગનાં બાળકો શીખી શક્યા ન હોય તે કૌશલ્યોનો મહાવરો કે પુનરાવર્તન કરાવવું જોઈએ. દરેક બાળકનાં કાર્યોનું એક ફોલ્ડર બનાવું જોઈએ. અને દરેક સત્રના અંતે બાળકના સત્ર દરમિયાનના વિવિધ રીતે થયેલા મૂલ્યાંકનનો સારાંશ આપવો જોઈએ.

**HPC માતાપિતા અને શિક્ષક અને બાળકો દ્વારા સંયુક્ત રીતે થતું મૂલ્યાંકન**

NEP 2020 મુજબ બાળકનાં મૂલ્યાંકન 360 ડિગ્રી પર થવું જોઈએ. જેમાં બાળકના સર્વાંગીણ વિકાસનું તો મૂલ્યાંકન થવું જ જોઈએ સાથે સાથે માત્ર શિક્ષક દ્વારા મૂલ્યાંકન નહિ પરંતુ તેમનાં માતાપિતા પણ મૂલ્યાંકનમાં સહભાગી બનશે. બાળકના સહાધ્યાયીઓ પણ બાળકના ગુણો, વ્યવહાર તેમની શીખવાની પદ્ધતિ અને તેમના સિદ્ધિ વિષેનું મૂલ્યાંકન કરશે. આ કાર્ડ બાળકના જ્ઞાનાત્મક, સંવેદનાત્મક અને મનોશારીરિક ક્ષેત્રોમાં દરેક બાળકની વિશિષ્ટતા તેમજ સિદ્ધિને ખૂબ જ વિસ્તૃત રીતે દર્શાવશે.

આ કાર્ડમાં બાળકની કૌટુંબિક પૃષ્ઠભૂમિ વિષેની તમામ માહિતીનો પણ સમાવેશ કરવાનો રહેશે. સાથે સાથે બાળકની સામાન્ય સંપૂર્ણ માહિતી, તેની પસંદ નાપસંદ, સ્વાસ્થ્ય, પરિવાર વગેરે જેવી માહિતી પણ સમાવિષ્ટ કરવાની રહેશે, તેમજ તેને સમયાંતરે અપડેટ કરવાની રહેશે. આ કાર્ડમાં ખાસ કરીને બાળક શક્તિઓ, વિકાસ, અધ્યયનની સિદ્ધિ અને તેને નડતા પડકારોની વિગતો પણ રેકોર્ડ કરવામાં આવશે. એચપીસીનું વિશ્લેષણ કરીને બાળક વિષેની ઊંડાણપૂર્વકની સમજ મેળવી શકાશે.

**સમાપનઃ**

મૂલ્યાંકનમાં ધરમૂળથી ફેરફાર કરવા માટે NCFFS એ ઊંડાણપૂર્વકની વિધિ પ્રવિધિઓ દર્શાવી છે. વળી, આ મૂલ્યાંકનમાં માત્ર શાળા અને શિક્ષક જ નહિ પરંતુ બાળકની આસપાસ રહેતા મોટાભાગના લોકો ભાગીદાર થનાર છે, ત્યારે સમાજની દરેક વ્યક્તિ જે બાળક અને તેના શિક્ષણ સાથે નિસબત ધરાવે છે તે બધાએ આ પરિવર્તનોને સમજે અને મૂલ્યાંકનની રીત સમજી અને ખરા અર્થમાં બાળકના સર્વાંગીણ વિકાસને માપવામાં મદદ કરે ત્યારે આ લેખનો હેતુ સાર્થક થશે.

# પ્રકરણ - 7
# સમયનું આયોજન



- પાયલ રોટ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૭૦૧૬૧૨૮૦૫૪

**પ્રસ્તાવના :**

શિક્ષણ એ માત્ર જ્ઞાનનો સંગ્રહ નથી; તે એક સર્વગ્રાહી પ્રક્રિયા છે જેમાં શીખવાનાં પરિણામોને મહત્તમ કરવા માટે સમય, જગ્યા અને સંસાધનોનું અસરકારક સંગઠન સામેલ છે. પાયાનાં તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું શૈક્ષણિક લેન્ડસ્કેપને આકાર આપવામાં પાયાના પથ્થર તરીકે કામ કરે છે. શિક્ષકો, નીતિનિર્માતાઓ અને સંસ્થાઓ માટે માર્ગદર્શક માળખું પૂરું પાડે છે. NCFFS ની અંદર, 'સમયનું આયોજન' પરનું પ્રકરણ એક મુખ્ય તત્ત્વ તરીકે ઊભરી આવે છે, જે વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને પૂરી કરવા માટે શિક્ષણના વાતાવરણની રચનાના મહત્ત્વને ઓળખે છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્કનું 'સમયનું આયોજન' પરનું પ્રકરણ શેડ્યુલિંગ અને સમયવ્યવસ્થાપનની પરંપરાગત વિભાવનાને પાર કરે છે. શિક્ષકો, નીતિનિર્માતાઓ અને સંસ્થાઓ દિવસના આયોજનની જટિલતાઓને નેવિગેટ કરે છે, NCF એક માર્ગદર્શક દસ્તાવેજ તરીકે કામ કરે છે, એક એવા વાતાવરણને પ્રોત્સાહન આપે છે જ્યાં વિદ્યાર્થીઓ બૌદ્ધિક, ભાવનાત્મક અને સામાજિક રીતે વિકાસ કરી શકે. 'સમયનું આયોજન' પરના પ્રકરણનું આ અન્વેષણ એ જટિલ વિચારણાઓ પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરે છે જે શિક્ષણના વાતાવરણની રચનામાં ફાળો આપે છે, જે દરેક વિદ્યાર્થી માટે સમૃદ્ધ પણ છે.

**7.1 દિવસનું આયોજન**

રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) દેશમાં શૈક્ષણિક પ્રથાઓ માટે માર્ગદર્શક દસ્તાવેજ તરીકે કામ કરે છે, જે વ્યક્તિના વિકાસ માટે વ્યાપક દૃષ્ટિ પ્રદાન કરે છે. NCFમાં પ્રકાશિત થયેલ એક નિર્ણાયક પાસું 'સમયનું આયોજન' પરનું પ્રકરણ છે, જે અસરકારક શિક્ષણ માટે સમયનો અસરકારક રીતે ઉપયોગ કરવાના મહત્ત્વને ઓળખે છે. આ લેખ આ પ્રકરણના પેટાબિંદુનો અભ્યાસ કરે છે, દૈનિક દિનચર્યા માટેની વિચારણાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**શિક્ષણમાં સમયના આયોજનનું મહત્ત્વ**

સમયવ્યવસ્થાપન એ એક નિર્ણાયક કૌશલ્ય છે, જે વિદ્યાર્થીઓની શૈક્ષણિક યાત્રામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. NCF નાનપણથી જ અસરકારક સમય વ્યવસ્થાપનની આદતો કેળવવાના મહત્વને સ્વીકારે છે. ઓર્ગેનાઈઝિંગ ટાઈમ પરના પ્રકરણનો ઉદ્દેશ્ય એક ફ્રેમવર્ક બનાવવાનો છે. શૈક્ષણિક કાર્યક્ષમતામાં વધારો જ નહીં સર્વગ્રાહી વિકાસને પણ પ્રોત્સાહન આપે.

a) દૈનિક દિનચર્યા માટે વિચારણાઓ
શૈક્ષણિક વિષયોનું સંતુલન

NCF એક સારી રીતે સંતુલિત દિનચર્યાની જરૂરિયાત પર ભાર મૂકે છે જે વિવિધ શૈક્ષણિક વિષયો માટે પૂરતો સમય ફાળવે છે. આ સંતુલન એ સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ કોઈ ચોક્કસ ક્ષેત્રની અવગણના કર્યા વિના વ્યાપક શિક્ષણ મેળવે. ગણિતથી લઈને ભાષા કે કળા સુધી, વિજ્ઞાનથી માનવતા સુધી, સમયનું વિચારશીલ વિતરણ વિવિધ વિષયોની સર્વગ્રાહી સમજને પ્રોત્સાહન આપે છે.

**સહ-અભ્યાસ પ્રવૃતિઓનો સમાવેશ :**

શૈક્ષણિક વિષયો ઉપરાંત, NCF રોજિંદી દિનચર્યામાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવા પ્રોત્સાહિત કરે છે. રમતગમતથી લઈને કળા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સુધીની આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં ફાળો આપે છે.

**લવચીક શિક્ષણ વાતાવરણ :**

NCFFS એ ઓળખે છે કે દરેક વિદ્યાર્થી અનન્ય છે, જેમાં વિવિધ શિક્ષણ શૈલીઓ અને પસંદગીઓ છે. દૈનિક દિનચર્યામાં અલગ-અલગ શીખવાના વાતાવરણને સમાવવું જોઈએ, જેનાથી વિદ્યાર્થીઓ જૂથચર્ચાઓ, હાથ પરની પ્રવૃત્તિઓ અને સ્વતંત્ર અભ્યાસમાં જોડાઈ શકે. આ સુગમતા શિક્ષણની વિવિધ જરૂરિયાતોને પૂરી કરે છે, એકંદર શિક્ષણ અનુભવને વધારે છે.

**માઈન્ડફુલ સ્ક્રીન ટાઈમ :**

ટૅક્નોલૉજીના યુગમાં, NCFFS શિક્ષણમાં ડિજિટલ સાધનોની ભૂમિકાને સ્વીકારે છે. જો કે, તે માઈન્ડફુલ સ્ક્રીન સમયના મહત્ત્વને પણ રેખાંકિત કરે છે . દિનચર્યામાં ડિજિટલ સંસાધનોનો ઉપયોગ કરવા માટે નિયુક્ત સમયગાળોનો સમાવેશ થવો જોઈએ, તે સુનિશ્ચિત કરે છે કે ટૅક્નોલૉજી કોઈ વિક્ષેપ બન્યા વિના શિક્ષણને વધારે છે.

**સંકલિત સુખાકારી :**

NCF શૈક્ષણિક સફળતા સાથે શારીરિક અને માનસિક સુખાકારીના પરસ્પર નિર્ભરતાને ઓળખીને શિક્ષણ પ્રત્યે સર્વગ્રાહી અભિગમને પ્રોત્સાહન આપે છે. દૈનિક દિનચર્યાએ શારીરિક પ્રવૃત્તિઓ, આરામ અને પ્રતિબિંબ માટે સમય ફાળવવો જોઈએ. આ સર્વગ્રાહી પરિપ્રેક્ષ્ય એ સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ માત્ર બૌદ્ધિક રીતે જ નહીં પણ ભાવનાત્મક અને શારીરિક રીતે પણ વિકાસ પામે છે.

**સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો**

સમયનું આયોજન કરવા પરનું પ્રકરણ સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોના દૈનિક દિનચર્યામાં એકીકરણને રેખાંકિત કરે છે. મૂલ્ય-આધારિત શિક્ષણ માટે સમર્પિત સમય દ્વારા અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને, NCF ડોક્યુમેન્ટ સમાજમાં શિક્ષણ સાથે મૂલ્ય ઘડતર માટે બહોળા પ્રમાણમાં જવાબદાર અને નૈતિક નાગરિકોને આકાર આપવામાં શિક્ષણની ભૂમિકા પર ભાર મૂકે છે.

**નિયમિત મૂલ્યાંકન અને પ્રતિસાદ**

NCF દૈનિક દિનચર્યામાં એકીકૃત સતત આકારણી પ્રક્રિયાની હિમાયત કરે છે. નિયમિત મૂલ્યાંકન અને પ્રતિસાદ સત્રો વિદ્યાર્થીઓને તેમની પ્રગતિને ટ્રેક કરવા, સુધારણાના ક્ષેત્રોને ઓળખવા અને સ્વ-જાગૃતિની ભાવનાને પ્રોત્સાહન આપવા દે છે. આ પુનરાવર્તિત પ્રક્રિયા એ સુનિશ્ચિત કરે છે કે શીખવાનું ચોક્કસ સમયમર્યાદા સુધી સીમિત નથી પરંતુ એક ચાલુ, ગતિશીલ પ્રવાસ છે.

**શિક્ષક-વિદ્યાર્થી ક્રિયાપ્રતિક્રિયા**

દિનચર્યાએ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે અર્થપૂર્ણ ક્રિયાપ્રતિક્રિયાની સુવિધા આપવી જોઈએ. આમાં વન-ઓન-વન સત્રો, જૂથ ચર્ચાઓ અને સહયોગી પ્રોજેક્ટનો સમાવેશ થઈ શકે છે. આવી ક્રિયાપ્રતિક્રિયાઓ સકારાત્મક શિક્ષણ વાતાવરણને ઉત્તેજન આપે છે, જે વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો પાસેથી માર્ગદર્શન, સ્પષ્ટતા અને માર્ગદર્શન મેળવવા માટે સક્ષમ બનાવે છે.

b) 3-6 વર્ષની વયનાં બાળકો માટે દષ્ટાંતરૂપ રોજિંદી દિનચર્યા

સંપૂર્ણ અને અસરકારક શૈક્ષણિક અનુભવ પ્રદાન કરવાના અનુસંધાનમાં, રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) દૈનિક દિનચર્યાની વિચારણાઓ માટે સમયનું આયોજન કરવાના તેના પ્રકરણનો નોંધપાત્ર ભાગ સમર્પિત કરે છે. આ પૈકી, એક આવશ્યક પેટાબિંદુ છે "3-6 વર્ષની વય માટે દૃષ્ટાંતરૂપ દૈનિક દિનચર્યા." યુવા શીખનારાઓની અનન્ય જરૂરિયાતો અને વિકાસના તબક્કાઓને ઓળખીને, આ સેગમેન્ટ એક માળખાની રૂપરેખા આપે છે જેનો હેતુ સર્વગ્રાહી વૃદ્ધિ, જિજ્ઞાસા અને શીખવાની પ્રેમને પ્રોત્સાહન આપવાનો છે.

**સંરચિત શીખવાની પ્રવૃત્તિઓ**

આમાં મૂળભૂત સંખ્યા અને સાક્ષરતા કૌશલ્યો, ઈન્ટરેક્ટિવ વાર્તા કહેવાની, અને અભ્યાસક્રમ સાથે સંરેખિત થતી હેન્ડ-ઓન પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે છે. ધ્યેય એ રમતિયાળ અને આકર્ષક રીતે પાયાની

વિભાવનાઓને રજૂ કરવાનો છે, જે ભવિષ્યના શૈક્ષણિક કાર્યો માટે પાયો નાખે છે.

**નાસ્તા અને વિરામનો સમય**

દિનચર્યાનો નિર્ણાયક ઘટક નાસ્તો અને વિરામનો સમય છે, જે બાળકોને પૌષ્ટિક નાસ્તો અને આરામ કરવાની તક આપે છે. આ સમયગાળો સમાજીકીકરણની તક તરીકે પણ કામ કરે છે.

**આઉટડોર પ્લે**

શારીરિક પ્રવૃત્તિના મહત્ત્વને ઓળખીને, મધ્ય-સવારના સત્ર પછી આઉટડોર રમત કરવામાં આવે છે. આ સેગમેન્ટ બાળકોને પ્રકૃતિનું અન્વેષણ કરવા, શારીરિક વ્યાયામમાં જોડાવવા અને સંકલન અને ટીમ વર્ક વિકસાવવા દે છે. આઉટડોર રમત માત્ર શારીરિક સુખાકારીમાં જ ફાળો આપે છે પરંતુ જ્ઞાનાત્મક અને સામાજિક કૌશલ્યોમાં પણ વધારો કરે છે.

**લંચ અને આરામ**

પર્યાપ્ત શારીરિક અને માનસિક આરામની જરૂરિયાતને સ્વીકારીને પૌષ્ટિક લંચ પછી આરામનો સમયગાળો આપવામાં આવે છે. આ વિરામ એકંદર સુખાકારીને ટેકો આપે છે.

**કલા અને સર્જનાત્મકતા**

વિરામ પછી, દિનચર્યામાં કલા અને સર્જનાત્મકતા માટે સમર્પિત સમયનો સમાવેશ થાય છે. આ સેગમેન્ટ ડ્રોઇંગ, પેઇન્ટિંગ અને ક્રાફ્ટિંગ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્વ-અભિવ્યક્તિ, કલ્પના અને ફાઇન મોટર કૌશલ્ય વિકાસને પ્રોત્સાહિત કરે છે. સર્જનાત્મકતા અને સંશોધન માટેના પ્રેમને ઉત્તેજન આપતા અંતિમ ઉત્પાદનને બદલે પ્રક્રિયા પર ભાર મૂકવામાં આવે છે.

**વાર્તાનો સમય અને ભાષાવિકાસ**

બપોરના સમયે વાર્તાવાંચન અને ભાષાના વિકાસ માટે નિયુક્ત સમયનો સમાવેશ થાય છે. વાર્તા કહેવાનાં સત્રો, ઇન્ટરેક્ટિવ ચર્ચાઓ સાથે જોડાયેલા, ભાષા સંપાદન, શબ્દભંડોળ વિસ્તરણ અને જ્ઞાનાત્મક વિકાસમાં ફાળો આપે છે.

**ગણિત અને શોધખોળ**

મોડી બપોરનું સત્ર ગણિતની મૂળભૂત વિભાવનાઓ અને સંશોધનાત્મક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વય-યોગ્ય રમતો, કોયડાઓ અને હાથ પર પ્રયોગો દ્વારા, બાળકોને ગાણિતિક વિભાવનાઓ સાથે મનોરંજક અને અરસપરસ રીતે પરિચય કરાવવામાં આવે છે, જે ભવિષ્યની ગાણિતિક સમજણ માટે પાયો નાખે છે.

**સંગીત અને હલનચલન**

સર્વગ્રાહી વિકાસના મહત્ત્વને ઓળખીને, દિનચર્યામાં સંગીતને સમર્પિત સેગમેન્ટનો સમાવેશ થાય છે. બાળકો લયબદ્ધ પ્રવૃતિઓ, નૃત્ય અને સંગીતની શોધમાં જોડાય છે, જે માત્ર શારીરિક સંકલન જ નહીં પરંતુ કલાની પ્રશંસાને પણ પ્રોત્સાહન આપે છે.

**સવારની સભા**

દિવસની શરૂઆત સવારની સભા થી થાય છે, જે સમુદાયની ભાવનાને પ્રોત્સાહન આપે છે અને શીખવા માટે સકારાત્મક સ્વર સેટ કરે છે. આ સમય દરમિયાન, વિદ્યાર્થીઓ સવારની ધાર્મિક વિધિઓ, જાહેરાતો અને સંક્ષિપ્ત પ્રેરક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. મોર્નિંગ એસેમ્બલી વિદ્યાર્થીઓ વચ્ચે મિત્રતા કેળવવા અને શીખવા માટે અનુકૂળ વાતાવરણ બનાવવા માટેના પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

**મુખ્ય શૈક્ષણિક વિષયો**

સવારનું સત્ર ગણિત, ભાષા, કળા અને વિજ્ઞાન જેવા મુખ્ય શૈક્ષણિક વિષયોને સમર્પિત છે. વિચારસરણી, સમસ્યા હલ કરવાની કુશળતા અને આ વિષયોમાં પાયાના જ્ઞાનને પ્રોત્સાહન આપે છે.

**નાસ્તા અને વિરામનો સમય**

કેન્દ્રિત શૈક્ષણિક સત્ર પછી, વિદ્યાર્થીઓને નાસ્તો અને આરામ માટે નિયુક્ત વિરામ હોય છે. આ અંતરાલ માનસિક અને શારીરિક વિરામ પૂરો પાડે છે, જેનાથી વિદ્યાર્થીઓ રિચાર્જ થઈ શકે છે અને તેમના સાથીદારો સાથે વાર્તાલાપ દ્વારા સામાજિક કૌશલ્યોને વિકસાવી શકે છે.

### પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ

અઠવાડિયામાં બે વાર, સમયનો એક ભાગ પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ માટે સમર્પિત છે. વિદ્યાર્થીઓ હેન્ડ-ઓન પ્રોજેક્ટ્સમાં જોડાય છે જે બહુવિધ વિષયોને એકીકૃત કરે છે, સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરે છે, સહયોગ કરે છે અને વાસ્તવિક-વિશ્વ એપ્લિકેશન્સની ઊંડી સમજણ આપે છે. આ અભિગમ શીખવા માટેના પ્રેમને ઉત્તેજન આપે છે અને વિદ્યાર્થીઓને સર્વગ્રાહી રીતે વિષયોનું અન્વેષણ કરવા પ્રોત્સાહિત કરે છે.

### લંચ અને આઉટડોર મનોરંજન

બપોરના પૌષ્ટિક ભોજન પછી બહારના મનોરંજન માટે પૂરતો સમયગાળો આપવામાં આવે છે. આ સમય વિદ્યાર્થીઓને શારીરિક પ્રવૃત્તિઓમાં જોડાવા, રમતો રમવા અને સામાજિક કૌશલ્યો વિકસાવવા દે છે. વર્ગ સિવાયની બાહ્ય ગોઠવણ  માત્ર શારીરિક સુખાકારીમાં જ નહીં, પણ ઉન્નત એકાગ્રતા અને જ્ઞાનાત્મક ક્રિયામાં પણ ફાળો આપે છે.

### ભાષા, કળા અને વાંચન

વહેલી બપોર ભાષા, કળા અને વાંચન માટે સમર્પિત છે. આ ભાગ ભાષાવિકાસ, વાંચન, સમજણ અને સર્જનાત્મક લેખન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની સાહિત્યિક શૈલીઓનું અન્વેષણ કરે છે, ભાષાપ્રાવીણ્ય અને સાહિત્ય પ્રત્યેના પ્રેમને પ્રોત્સાહન આપે છે.

### ગણિત અને સમસ્યાનું નિરાકરણ

મોડી બપોરનું સત્ર ગણિત અને સમસ્યાની નિરાકરણ પર કેન્દ્રિત છે. પારસ્પરિક અસર કરનારી પ્રવૃત્તિઓ, ગાણિતિક રમતો અને સમસ્યા હલ કરવાના પડકારો દ્વારા, વિદ્યાર્થીઓ ગાણિતિક ખ્યાલો અને વિશ્લેષણાત્મક વિચારસરણીમાં મજબૂત પાયો વિકસાવે છે.

### કલા અને સર્જનાત્મકતા

અઠવાડિયામાં બે વાર, વિદ્યાર્થીનો કલા અને સર્જનાત્મકતા માટે સમય ફાળવ્યો છે. આમાં દૃશ્ય કળા, સંગીત, નાટક અથવા અન્ય સર્જનાત્મક વ્યવસાયોનો સમાવેશ થઈ શકે છે. કલાત્મક અભિવ્યક્તિમાં સામેલ થવાથી નવીનતા, વિવેચનાત્મક વિચારસરણી અને સૌંદર્યલક્ષી સંવેદનાઓના વિકાસને પ્રોત્સાહન મળે છે.

### શારીરિક શિક્ષણ અને સુખાકારી

શારીરિક સુખાકારીના મહત્ત્વને ઓળખીને, દિનચર્યામાં શારીરિક શિક્ષણ અને સુખાકારીની પ્રવૃત્તિઓ માટેનો વિભાગનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ સંરચિત કસરતો, રમતો અને સચેતતા વ્યવહારમાં ભાગ લે છે જે એકંદર આરોગ્ય અને સુખાકારીમાં ફાળો આપે છે.

### સમીક્ષા અને ગૃહકાર્ય

દિવસના અંત તરફ, દિવસના પાઠ અને સોંપણીઓની સમીક્ષા કરવા માટે ટૂંકો સમય ફાળવવામાં આવે છે. શિક્ષકો સ્પષ્ટતા આપી શકે છે, પ્રશ્નોને સંબોધિત કરી શકે છે અને વિદ્યાર્થીઓને તેમના હોમવર્ક સોંપણીઓ ગોઠવવામાં માર્ગદર્શન આપી શકે છે. આ પ્રતિબિંબિત પ્રેક્ટિસ સ્વતંત્ર અભ્યાસની આદતોના વિકાસને સમર્થન આપે છે.

### સાત્ત્વિક પૂર્ણાહુતિ અને પ્રતિબિંબ (શુક્રવાર)

શુક્રવારના દિવસે, સપ્તાહનું સમાપન વિશેષ સાત્ત્વિક પૂર્ણાહુતિ અને પ્રતિબિંબ સાથે થાય છે. આ વિસ્તૃત સત્ર વિદ્યાર્થીઓને અઠવાડિયાના શિક્ષણ પર પ્રતિબિંબિત કરવા, સિદ્ધિઓ પર ચર્ચા કરવા અને આગામી સપ્તાહ માટે લક્ષ્યો નક્કી કરવાની મંજૂરી આપે છે. તે શિક્ષકોને હકારાત્મક પ્રતિસાદ આપવા અને સિદ્ધિઓની ઉજવણી કરવાની તક પણ પૂરી પાડે છે.

### સપ્તાહાંત પ્રતિબિંબ અને શનિવાર

કૌટુંબિક જોડાણને આગળ વધારવા માટે, શનિવારે સવારે એક વિશેષ સત્ર રાખવામાં આવે છે. આ સમય અઠવાડિયાની પ્રવૃત્તિઓ પર પ્રતિબિંબિત કરવા, વિદ્યાર્થીની પ્રગતિની ચર્ચા કરવા અને શૈક્ષણિક કાર્યમાં માતાપિતાને સામેલ કરવા માટે સમર્પિત છે. તે ઘર અને શાળા વચ્ચે મજબૂત સેતુ સ્થાપિત કરે છે, શિક્ષણ માટે સહયોગી અભિગમને પ્રોત્સાહન આપે છે.

આમ, NCFFS દર્શાવ્યા મુજબ 6-8 વર્ષની વયના બાળકો માટે દૃષ્ટાંતરૂપ દૈનિક/સાપ્તાહિક દિનચર્યા એ પ્રાથમિક શિક્ષણ માટે એક વ્યાપક અભિગમ છે. તે સંતુલિત અભ્યાસક્રમની જરૂરિયાતને ઓળખે છે જેમાં મુખ્ય શૈક્ષણિક વિષયો, પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ, કળા, શારીરિક શિક્ષણ અને પ્રતિબિંબ અને કૌટુંબિક જોડાણ માટે સમર્પિત સમયનો સમાવેશ થાય છે. આ દિનચર્યા માત્ર શૈક્ષણિક વૃદ્ધિને જ નહીં પરંતુ સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી અને સામાજિક કૌશલ્યોને પણ પોષે છે. જેમ જેમ શિક્ષણનો વિકાસ થતો રહે છે તેમ, અનુકૂલનક્ષમ અને સમાવિષ્ટ દિનચર્યાઓનો અમલ કરવો એ વિદ્યાર્થીઓને તેમનાં રચનાત્મક વર્ષોમાં સારી રીતે સંપૂર્ણ બાબતો અને સમૃદ્ધ શૈક્ષણિક અનુભવ પ્રદાન કરવા માટે સર્વોપરી બની જાય છે. આ પેટા ભાગોમાં દર્શાવેલ દૈનિક/સાપ્તાહિક દિનચર્યા શિક્ષકો અને માતા-પિતા માટે માર્ગદર્શક તરીકે કામ કરે છે, એવા વાતાવરણને પ્રોત્સાહન આપે છે જ્યાં બાળકો શૈક્ષણિક, સામાજિક અને ભાવનાત્મક રીતે વિકાસ કરી શકે.

d) વાર્ષિક શાળાકેલેન્ડર

NCFFS વાર્ષિક શાળા કેલેન્ડરની રચના દ્વારા માત્ર દૈનિક અને સાપ્તાહિક સ્તરે જ નહીં પરંતુ વાર્ષિક સ્તરે પણ સમયના આયોજનના મહત્ત્વને ઓળખે છે. સમયનું આયોજન કરવાના પ્રકરણની અંદરનો આ પેટાબિંદુ એક સારી રીતે સંતુલિત શૈક્ષણિક વર્ષનું આયોજન કરવાના મહત્ત્વને રેખાંકિત કરે છે, જેમાં વિવિધ શિક્ષણના અનુભવો, મૂલ્યાંકનની નવીન ગોઠવણો અને અર્થપૂર્ણ ઘટનાઓનો સમાવેશ થાય છે. વાર્ષિક શાળાકેલેન્ડર શૈક્ષણિક સંસ્થાઓ માટે માર્ગદર્શક તરીકે કામ કરે છે, જે વિદ્યાર્થીઓના વિકાસ માટે વ્યાપક અને સર્વગ્રાહી અભિગમની ખાતરી કરે છે.

**શૈક્ષણિક વર્ષનું માળખું**

વાર્ષિક શાળા કેલેન્ડર શૈક્ષણિક વર્ષને છમાસિક અથવા વાર્ષિક સત્રમાં તેના અનન્ય મૂળ મુદ્દા અને ઉદ્દેશ્યો સાથે કાળજીપૂર્વક સંરચિત કરીને શરૂ થાય છે. NCFFS શાળાઓને આ શરતોનું આયોજન કરતી વખતે હવામાન, સ્થાનિક તહેવારો અને સામુદાયિક કાર્યક્રમો જેવાં પરિબળોને ધ્યાનમાં લેવા પ્રોત્સાહિત કરે છે. આ વિચારશીલ માળખું સમગ્ર વર્ષ દરમિયાન શૈક્ષણિક કઠોરતા, સાંસ્કૃતિક જોડાણ અને સમુદાયની સંડોવણીના સુમેળભર્યા મિશ્રણ માટે પરવાનગી આપે છે.

**શૈક્ષણિક વિષયકેન્દ્રી આયોજન**

વાર્ષિક શાળાકેલેન્ડરમાં શીખવા માટે વિષયોનું અભિગમ રજૂ કરવાની હિમાયત કરે છે. દરેક મુદત અથવા સત્ર એક કેન્દ્રીત વિષયની આસપાસ ફરે છે, જે આંતરશાખાકીય શિક્ષણ માટે એક સુસંગત માળખું પૂરું પાડે છે. ઉદાહરણ તરીકે, એક વિષય પર્યાવરણીય ટકાઉપણું, આ કેન્દ્રીય વિષયની આસપાસ વિજ્ઞાન, સામાજિક અભ્યાસ અને કળાને એકીકૃત કરવા પર ધ્યાન આપી શકે છે. આ અભિગમ માત્ર સમજણની ઊંડાઈને જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓમાં સર્વગ્રાહી પરિપ્રેક્ષ્યને પણ પ્રોત્સાહન આપે છે.

**શીખવાના અનુભવોમાં વિવિધતા**

વાર્ષિક શાળાકેલેન્ડર પરંપરાગત વર્ગખંડના શિક્ષણની બહાર વિવિધ પ્રકારના શિક્ષણ અનુભવોને સમાવિષ્ટ કરવા માટે રચાયેલ છે. વિદ્યાર્થીઓ તેમના જ્ઞાનને વાસ્તવિક-વિશ્વ પર લાગુ પાડી શકે તથા તેનાથી તેમને પરિચિત કરવવા માટે ક્ષેત્રીય પ્રવાસો, નિષ્ણાત વ્યાખ્યાનો, કાર્યશાળા અને હેન્ડ-ઓન પ્રોજેક્ટ્સ વ્યૂહાત્મક રીતે સમગ્ર વર્ષ દરમિયાન સંકલિત કરવામાં આવે છે.

**આકારણી અને મૂલ્યાંકન**

કેલેન્ડરમાં સમયાંતરે આકારણીઓ અને મૂલ્યાંકનોનો સમાવેશ થાય છે, જે વિદ્યાર્થીની પ્રગતિને માપવા માટે સંતુલિત અભિગમની ખાતરી કરે છે. NCFFS સમગ્ર શૈક્ષણિક વર્ષમાં સમાનરૂપે ફેલાયેલા રચનાત્મક અને સમીકરણ મૂલ્યાંકનના સંયોજનની ભલામણ કરે છે. નિયમિત મૂલ્યાંકન માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં પરંતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને માટે

મૂલ્યવાન પ્રતિસાદ પણ આપે છે, જે સતત સુધારણાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે.

**સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો**

સાંસ્કૃતિક અને સામાજિક વિકાસના મહત્ત્વને ઓળખીને, વાર્ષિક શાળાકેલેન્ડર વિવિધ પ્રસંગને સમાવિષ્ટ કરે છે જે વિવિધતાની ઉજવણી કરે છે, સમાવેશને પ્રોત્સાહન આપે છે અને સાંસ્કૃતિક જાગૃતિમાં વધારો કરે છે. તહેવારો, સાંસ્કૃતિક દિવસો અને સામાજિક પ્રભાવના પ્રોજેક્ટનો વિદ્યાર્થીઓમાં સમુદાય અને વૈશ્વિક નાગરિકતાની ભાવનાને પ્રસ્થાપિત કરવા વ્યૂહાત્મક રીતે સમાવેશ કરવામાં આવે છે.

**રમતગમત અને શારીરિક શિક્ષણ**

NCFFS શારીરિક સુખાકારી પર મજબૂત ભાર મૂકે છે અને વાર્ષિક શાળાકેલેન્ડર રમતગમત અને શારીરિક શિક્ષણ પ્રવૃત્તિઓની એક મજબૂત અનુસૂચિને સમાવીને તેને પ્રતિબિંબિત કરે છે. આંતર-શાળા સ્પર્ધાઓ, રમતગમતના દિવસો અને આરોગ્યલક્ષી કાર્યક્રમ જૂથ સંયોજકતા, શિસ્ત અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે એકીકૃત છે. આ વિદ્યાર્થીઓના વિકાસ માટે સારી રીતે સંપૂર્ણ અભિગમની ખાતરી આપે છે.

**વ્યવસાયિક વિકાસની તકો**

કેલેન્ડર શિક્ષકો માટે વ્યાવસાયિક વિકાસની તકો માટે સમય ફાળવે છે. કાર્યશાળાઓ, તાલીમ સત્રો અને સહયોગી આયોજન દિવસો વ્યૂહાત્મક રીતે શિક્ષકોને નવીનતમ શિક્ષણશાસ્ત્રની પ્રથાઓ, તકનીકી સંકલન અને વિષય-વિશિષ્ટ સુધારાઓ સાથે સશક્ત કરવા માટે મૂકવામાં આવે છે. શિક્ષકના વિકાસમાં આ રોકાણ અત્યંત કુશળ અને પ્રેરિત શિક્ષણ વિદ્યાશાખાને ઉછેરવાના NCFFS ના વિઝનને અનુરૂપ છે.

**માતાપિતા-શિક્ષક પરિષદો**

શિક્ષકો અને માતા-પિતા વચ્ચે ખુલ્લા સંવાદની સુવિધા માટે આખા વર્ષ દરમિયાન નિયમિત વાલી-શિક્ષક પરિષદોનું આયોજન કરવામાં આવે છે. આ પરિષદો વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિ, સામાજિક વિકાસ અને એકંદર સુખાકારી માટે આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. શિક્ષકો અને માતા-પિતા વચ્ચેનો સહયોગી અભિગમ NCFFSના સર્વગ્રાહી વિદ્યાર્થી વિકાસના ધ્યેય માટે અભિન્ન છે.

**વિશેષ શિક્ષણ સપ્તાહ**

વાર્ષિક શાળાકેલેન્ડરમાં વિશેષ શિક્ષણ પહેલ માટે સમર્પિત અઠવાડિયાનો સમાવેશ થાય છે. આ સાક્ષરતા અઠવાડિયાથી લઈને વિજ્ઞાન અને તકનીકી સંશોધન અઠવાડિયા સુધીની હોઈ શકે છે. આ સમયગાળો વિદ્યાર્થીઓમાં ઊંડી સમજણ અને પ્રશંસાને ઉત્તેજન આપે છે.

**સમુદાય સંલગ્નતા અને સેવાશિક્ષણ**

NCFFS શાળાઓને વાર્ષિક શાળાકેલેન્ડરમાં સામાજિક જોડાણ અને સેવાશિક્ષણ પ્રોજેક્ટને એકીકૃત કરવા પ્રોત્સાહિત કરે છે. વિદ્યાર્થીઓને સમાજમાં યોગદાન આપવાની તકો પૂરી પાડવામાં આવે છે, સામાજિક જવાબદારી અને સહાનુભૂતિની ભાવના કેળવવામાં આવે છે. આ સામાજિક રીતે સભાન અને દયાળુ વ્યક્તિઓને ઉછેરવાના NCFFSના વ્યાપક ધ્યેય સાથે સંરેખિત છે.

**મધ્ય-વર્ષ અને વર્ષ-અંતનું પ્રતિબિંબ**

વાર્ષિક શાળાકેલેન્ડર મધ્ય-વર્ષ અને વર્ષના અંતના પ્રતિબિંબ સત્રોનો સમાવેશ કરે છે. આ સમયગાળો શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતાપિતાને શૈક્ષણિક કાર્યક્રમોની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા, સુધારણા માટેનાં ક્ષેત્રોને ઓળખવાં અને સિદ્ધિઓની ઉજવણી કરવાની મંજૂરી આપે છે. આ પ્રતિબિંબિત પ્રેક્ટિસ સતત સુધારણાની માનસિકતા પર NCFFSના ભાર સાથે સંરેખિત થાય છે.

## પ્રકરણ - 8
# શિશુ શિક્ષણનાં જટિલ ક્ષેત્રો : વિકાસલક્ષી વિલંબ



- ડૉ. રૂપમ ઉપાધ્યાય
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૭૧૪૮૮૧૬૯૯

સમગ્ર બાલ્યાવસ્થામાં વિકાસ કેવી રીતે થાય છે તે વિશે ઘણા સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતો જ્ઞાનાત્મક, વર્તણૂકીય, જૈવિક અને વ્યક્તિત્વ-વિકાસ વિશેના વિચારોને સમજાવે છે. વિકાસ વિશેના પરંપરાગત સિદ્ધાંતો (જેમ કે જ્ઞાનાત્મક વિકાસનો પિયાજેનો સિદ્ધાંત, ગેસેલનો નૈતિક સિદ્ધાંત (1947), એરિક્સનનો મનોસામાજિક સિદ્ધાંત અને અધ્યયન સિદ્ધાંતો (1964) સામાન્ય રીતે વિકાસને પ્રક્રિયા તરીકે જુએ છે. જે વિકાસ ''સામાન્ય'' વ્યક્તિઓમાં થાય છે. અવલોકનના આધારે કહી શકાય કે કોઈ વ્યક્તિએ ''સામાન્ય'' વિકાસ સાધ્યો છે કેમ ?

વિકાસલક્ષી વિલંબ : વિકાસલક્ષી વિલંબ એ કોઈ પ્રકારની ખામી કે દિવ્યાંગતા નથી. પરંતુ વિકાસલક્ષી વિલંબ એટલે એવી સ્થિતિ કે જેમાં બાળક નિર્ધારિત કરેલા વિકાસનાં માનદંડો સુધી પહોચવામાં થોડું પાછળ રહી ગયું હોય છે.

**વિકાસલક્ષી વિલંબનાં લક્ષણો :**

1. સમાન વયનાં અન્ય બાળકો કરતાં વધુ ધીમેથી શીખવું અને વિકાસ કરવો.
2. વિકાસાત્મક માનદંડો કરતાં ખૂબ પાછળથી પડખું ફરવું, બેસતાં શીખવામાં મોડું, ક્રોલ કરવું અથવા ચાલવામાં મુશ્કેલી.
3. અન્ય લોકો સાથે વાતચીત કરવામાં અથવા સામાજિકીકરણની પ્રક્રિયામાં મુશ્કેલી.
4. બોલવામાં કે વાત કરવામાં મુશ્કેલી.
6. કોઈ પણ વસ્તુ અથવા બાબતને યાદ રાખવામાં સમસ્યા.
7. ક્રિયાઓને પરિણામો સાથે જોડવામાં અસમર્થતા.
8. સમસ્યાનું નિરાકરણ અથવા તાર્કિક વિચાર કરવામાં મુશ્કેલી.
9. શાળામાં શીખવામાં મુશ્કેલી.
10. મદદ વગર પોશાક પહેરવા અથવા શૌચાલયનો ઉપયોગ કરવા જેવા રોજિંદા કાર્યો કરવામાં અસમર્થતા.

**વિકાસલક્ષી વિલંબના પ્રકાર :**

જ્ઞાનાત્મક કૌશલ્યો: જ્ઞાનાત્મક કૌશલ્યોમાં વિચારવું, શીખવું અને માહિતી સમજવાનો સમાવેશ થાય છે. જ્ઞાનાત્મક વિલંબ ધરાવતું બાળક દિશાઓનું પાલન કરવામાં અથવા સમસ્યા હલ કરવામાં મુશ્કેલી અનુભવે છે.

સામાજિક અને ભાવનાત્મક કૌશલ્યો: આ કૌશલ્યોમાં અન્ય લોકો સાથે હળીમળીને રહેવું, લાગણીઓ વ્યક્ત કરવી અને જરૂરિયાતો સંદર્ભે વાતચીત કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. સામાજિક અથવા ભાવનાત્મક વિલંબ ધરાવતું બાળક સામાજિક સંકેતોને સમજવામાં, વાતચીત કરવામાં અથવા દિનચર્યામાં ફેરફારો સાથે વ્યવહાર કરવામાં સંઘર્ષ દર્શાવે છે.

વાણી અને ભાષા કૌશલ્યો: ભાષણ અને ભાષા કૌશલ્યમાં ભાષાનો ઉપયોગ અને સમજણનો સમાવેશ થાય છે. વાણી અને ભાષામાં વિલંબ ધરાવતા બાળકને શબ્દો બોલવામાં અથવા અન્ય લોકો શું કહે છે તે સમજવામાં મુશ્કેલી અનુભવી શકે છે.

ફાઇન અને ગ્રોસ મોટર સ્કિલ્સ: આ કૌશલ્યોમાં નાના અને મોટા સ્નાયુઓનું સંકલન કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. નાના સ્નાયુઓમાં વિલંબ ધરાવતા બાળકને તેમના હાથમાં કોઈ વસ્તુ પકડવામાં મુશ્કેલી

પડી શકે છે અથવા રંગ અને લખવામાં મુશ્કેલી આવી શકે છે. એકંદરે ફાઇન અને ગ્રોસ મોટર સ્કિલ્સમાં વિલંબવાળા બાળકને રોલ ઓવર કરવામાં, બેસવામાં અથવા ચાલવામાં મુશ્કેલી પડી શકે છે.

**પાયાના તબક્કે વિકાસલક્ષી વિલંબ :**

પાયાના તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખુ- 2022 અંતર્ગત સ્પષ્ટપણે નોધવામાં આવ્યું છે કે ‘‘પાયાનો તબક્કો અધ્યયન અને વિકાસ માટે જટિલ છે.’’ કોઈ પણ શિક્ષક કે માતાપિતા પ્રત્યેક બાળકની ગરિમાને જાળવી રાખે અને તે સુરક્ષાનો અનુભવ કરે તે અતિ મહત્ત્વપૂર્ણ બાબત છે. આ માટે બાળકને સહાય અને વાતાવરણ પૂરું પાડવાનો ઉદ્દેશ્ય પ્રત્યેક વ્યક્તિનો હોવો જોઈએ.

તમામ બાળકો તેમની વયને અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓને પ્રાપ્ત કરી શકે તે માટે માતાપિતા, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓએ શક્ય તેટલી વહેલી તકે આવાં જોખમોને ઓળખવાં અને તેનું વિવેચન કરવું મહત્ત્વપૂર્ણ છે.

પાયાના તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખુ- 2022માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને દરેક માતાપિતા અને શિક્ષકોને આ બાળકોને ઓળખવા માટે દસ પ્રશ્નોની યાદી આપેલ છે. જે નીચે મુજબ છે -

1. અન્ય બાળકોની સરખામણીમાં, શું બાળકને બેસવામાં, ઊભા થવામાં કે ચાલવામાં કોઈ ગંભીર વિલંબ થયો હતો?
2. અન્ય બાળકોની સરખામણીમાં શું બાળકને દિવસના સમયે કે રાત્રે જોવામાં તકલીફ પડે છે?
3. શું બાળકને સાંભળવામાં તકલીફ પડતી હોય તેવું લાગે છે?
4. જ્યારે તમે બાળકને કંઈક કરવાનું કહો છો, ત્યારે શું તે તમે શું કહી રહ્યા છો તે સમજી શકતું નથી?
5. શું બાળકને તેના હાથ ચાલવામાં કે હલાવવામાં તકલીફ પડે છે અથવા તેને હાથ કે પગમાં નબળાઈ અને/અથવા જડતા છે?
6. શું બાળકને ક્યારેય વાઇ આવે છે, કઠોર બની જાય છે અથવા ભાન ગુમાવે છે?
7. શું બાળક તેની ઉંમરનાં અન્ય બાળકોની જેમ વસ્તુઓ કરવાનું શીખે છે?
8. શું બાળક સ્પષ્ટ બોલે છે (શું તે પોતાની જાતને શબ્દોમાં સમજી શકે છે; શું તે કોઈ ઓળખી શકાય તેવા શબ્દો કહી શકે છે)?
9. 3 થી 9 વર્ષનાં બાળકની વાણી કોઈ પણ રીતે સામાન્ય કરતાં અલગ છે (તેના નજીકના પરિવાર સિવાયના લોકો સમજી શકે તેટલું સ્પષ્ટ નથી)? ૨-વર્ષનું બાળક ઓછામાં ઓછી એક વસ્તુનું નામ આપી શકે છે (ઉદાહરણ તરીકે, એક પ્રાણી, એક રમકડું, એક કપ, એક ચમચી)?
10. તેની ઉંમરનાં અન્ય બાળકોની સરખામણીમાં, શું બાળક કોઈ પણ રીતે નીરસ અથવા ધીમું દેખાય છે ?

**શિક્ષકની ભૂમિકા :**

વિકાસલક્ષી વિલંબતા ધરાવતા બાળકને અન્ય વ્યાવસાયિકો તરફથી સમર્થન મળે છે કે કેમ તે ધ્યાનમાં લીધા વિના, શિક્ષકો નીચેની સરળ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને બાળકોને મદદ કરી શકે છે:

1. બાળક વિશે શક્ય તેટલું વધુ જાણો
   i. ઉદાહરણ તરીકે, બાળક શું કરી શકે અને શું ન કરી શકે, બાળકને શું ગમે છે અને શું કરવું પસંદ નથી.
   ii. ઉદાહરણ તરીકે, બાળક કઈ કઈ અલગ-અલગ રીતોથી શ્રેષ્ઠ રીતે શીખે છે; બાળકના ઘરનું વાતાવરણ, કુટુંબ અને સમુદાય કેવાં છે.
2. સફળતા મેળવવા માટે બાળક માટે વાસ્તવિક અને પ્રાપ્ત કરી શકાય તેવાં લક્ષ્યો નક્કી કરો.
3. બાળકને શક્ય તેટલું તમારી નજીક બેસાડો.
4. સરળ, પરિચિત ભાષાનો ઉપયોગ કરો, સ્પષ્ટ અને ધીમેથી બોલો.

5. પ્રશંસા દ્વારા વધુમાં વધુ પ્રોત્સાહિત કરો.
6. બહુસંવેદનાત્મક અભિગમનો ઉપયોગ કરો.
   i. ઉદાહરણ તરીકે, અભિનય જોડકણાંનો ઉપયોગ કરો, એક જ સમયે બોલો અને કરો.
   ii. ઉદાહરણ તરીકે, એકસાથે ચિત્રો બતાવીને, તેમના વિશે વાત કરીને અને સંબંધિત અભિનય કરીને સંકલ્પનાને શીખવો.
7. માહિતીને શક્ય તેટલી નક્કર બનાવો.
   I. ઉદા.ત. પેટર્ન શીખવવા માટે, લાકડીઓ અને પથ્થરો, રમકડાં, બ્લોક્સ જેવી ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરો અને પછી કાગળ-પેન્સિલ કાર્યો પર આગળ વધો.
8. અત્યધિક અભ્યાસ અને કાર્ય પૂર્ણ કરવા માટે પુષ્કળ સમય આપો.
9. જ્યારે પણ જરૂર હોય ત્યારે કાર્યોમાંથી વિરામ આપો.
10. બતાવો, નિદર્શન કરો અને મોડેલ બનાવો - આ પ્રક્રિયાનું શક્ય હોય તેટલી વાર પુનરાવર્તન કરો.
11. અન્ય બાળકો સાથેની ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહિત કરો.
12. અન્ય બાળકોને પરિસ્થિતિ પ્રત્યે સંવેદનશીલ બનાવો.
13. વિષય પર પ્રશ્નોત્તરીનું સત્ર યોજો. દા.ત., શું તમને લાગે છે કે સુરેશ અલગ દેખાય છે? જ્યારે તમે તેની સાથે વાત કરો છો ત્યારે શું તમને લાગે છે કે અશ્વિની સમજી શકતી નથી? તમને કેમ લાગે છે કે અહેમદ તમારી સાથે વાત નથી કરતો?
14. જ્યારે બાળકો અધીરાં થાય છે ત્યારે સમજાવો, દા.ત. નરેન્દ્ર વાત પૂરી કરે ત્યાં સુધી તમે રાહ જોઈ શકો છો? હું જાણું છું કે તે અમુક શબ્દો બોલવામાં તે લાંબો સમય લે છે અને તે ઘણા શબ્દોનું પુનરાવર્તન કરે છે; પણ શું તમે તેની સાથે ધીરજ રાખી શકો?
15. વિવિધ ક્ષમતાઓને વિકસિત કરવા માટે વાર્તાઓ, નાટ્યીકરણનો ઉપયોગ કરો.
16. અન્ય બાળકોને બાળક સાથે વાતચીત કરવા અને રમવા માટે શીખવો અને પ્રોત્સાહિત કરો.
17. બાકીના વર્ગમાંથી આ બાળક માટે એક માર્ગદર્શક/મિત્ર પસંદ કરો.
18. બાળક પ્રત્યે હાનિકારક ભાષા અથવા વર્તનના ઉપયોગને સક્રિયપણે અને અતિ સભાનતાપૂર્વક નિરુત્સાહિત કરો.
19. બાળકની સલામતી સુનિશ્ચિત કરવા અન્ય તમામ બાળકોએ શું કરવું અને શું ન કરવું તેની યાદી બનાવી અન્ય બાળકોને તેની સ્પષ્ટ જાણ કરવી.
20. બાળકને હંમેશાં પ્રોત્સાહિત કરો, સમર્થન આપો અને તેનું સન્માન કરો.
21. નુકસાનકારક અને અપમાનજનક હોય તેવા લેબલ્સ/શબ્દોનો ઉપયોગ કરશો નહીં (દા.ત., લંગડો છોકરો, આંધળી છોકરી, મૂંગો સાથી, મૂર્ખ છોકરી) અથવા અન્ય બાળકોને અથવા કોઈ પણ વ્યક્તિને તેમ કરવાની મંજૂરી પણ ન આપો.
22. બાળક વિશે નકારાત્મક ટિપ્પણી કરશો નહીં અથવા અન્યને તે કરવાની મંજૂરી આપશો નહીં.

**માતાપિતાની ભૂમિકા**

વિકાસલક્ષી વિલંબ ધરાવતાં બાળકોનાં માતા-પિતાની સૌથી મોટી સમસ્યા બાળકોને ભાવનાત્મક રીતે સ્વીકારવાની છે. બાળકો તેમનાં માતા-પિતાના પ્રેમમાં પોતાને સુરક્ષિત માને છે. માતા-પિતાએ વિકલાંગ બાળકો પ્રત્યે સમાનુભૂતિ રાખવી જોઈએ. તેમજ તેઓએ આવા બાળક હોવાનું દુઃખ વ્યક્ત કરવું જોઈએ નહીં. તેઓએ બાળકોને ખરેખર પ્રેમ કરવો જોઈએ. બાળકને એવી અનુભૂતિ કરાવવી જોઈએ કે તે પરિવારનો પ્રિય સભ્ય છે અને દરેક તેને પ્રેમ કરે છે. ટૂંકમાં, માતાપિતાએ બાળકને ભાવનાત્મક રીતે સ્વીકારવું જોઈએ અને તેમના પ્રત્યે કોઈ અસંતોષની લાગણી ન હોવી જોઈએ. આવું વલણ માતાપિતાના સ્વાસ્થ્ય માટે પણ સારું છે. ડોકટરો,

મનોવૈજ્ઞાનિકો, શિક્ષણશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરોએ ઘણીવાર એવાં માતાપિતાને શિક્ષિત કરવાં પડે છે જેઓ તેમનાં બાળકોને સ્વીકારતા નથી. આવી સ્થિતિમાં, વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ જેથી માતાપિતા તેમના બાળકોને સ્વીકારવાનું શરૂ કરે.

**બાળકને સ્વીકારવા માટે સમજાવવાની પદ્ધતિઓ**

1. પ્રથમ પદ્ધતિ એ છે કે માતા-પિતામાં એવી લાગણી ઉત્પન્ન કરવી કે 'દરેક માણસે તેને જે મળે છે તેની સાથે જીવવું જોઈએ.' દુનિયામાં બધાં બાળકો મહાન વિદ્વાન, ખેલાડી, વક્તા, સંગીતકાર વગેરે બનતાં નથી. જે મળ્યું છે તેની સાથે જીવવાનું છે. હકીકતે ઘણીવાર માતાપિતાની અપેક્ષા હોય છે કે મારું બાળક સારી કદકાઠી ધરાવતું હોય, સંગીતકાર હોય  અને સુંદર હોય, પરંતુ ખરી સમજણની નિશાની એ છે કે માણસ પાસે જે કંઈ છે તેને સ્વીકારે.
2. બાળકોનાં માતા-પિતાએ જાગૃતિ કેળવવી જોઈએ કે તેમની સમસ્યા દુર્લભ કે અનોખી નથી પરંતુ ઘણાં માતા-પિતા દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યા છે.
3. કેટલાંક માતાપિતા જીવનની સમસ્યાઓ પ્રત્યે ધાર્મિક વિચારો ધરાવે છે. તેમને જણાવવું જોઈએ કે દરેક બાળક ભગવાનનું બાળક છે. તેથી, દરેક વ્યક્તિની બાળક પ્રત્યેની ફરજ છે કે તેઓ તેમનો આદર કરે અને તેમના વિકાસ માટે પ્રયત્ન કરે.
4. માતા-પિતાએ જાગૃત થવું જોઈએ કે બાળકની વિલંબતા તેની પ્રગતિને રોકી શકતી નથી પરંતુ હીનતા તેના માર્ગને અવરોધે છે. આ હીનતાના વિકાસમાં માતાપિતાનો મોટો ફાળો હોય છે. આ કારણે બાળક અત્યંત સંવેદનશીલ બની શકે છે. સંકોચ, સ્વ-દયા વગેરે જેવા ખરાબ ગુણો બાળકમાં વિકસિત થઈ શકે છે.
5. માતાપિતાએ એવું ન વિચારવું જોઈએ કે તેમનું બાળક ક્યારેય વિકાસાત્મક માનદંડોને હાંસલ કરી શકશે નહીં. તેઓએ વિચારવું જોઈએ કે બાળક કોઈ એક કાર્યમાં પાછળ હોઈ શકે પરંતુ તે અન્ય કોઈ કાર્ય સારી રીતે કરી શકે તેવું બને છે. જેથી હંમેશાં આશાવાદી રહેવું જોઈએ.
6. માતાપિતાએ જાણવું જોઈએ કે તેમનું બાળક શું શીખી શકે છે. જો માતા-પિતા ખુશ રહેવા માંગતાં હોય તો તેમણે તેમનું બાળક શું બની શકે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, તેમનું બાળક શું નથી બની શકતું તેના પર નહીં.
7. પ્રતિભાશાળી બાળકોનાં માતા-પિતાને વિકાસલક્ષી વિલંબ ધરાવતાં બાળકોનાં માતાપિતા જેટલી જ મદદની જરૂર છે. જો બાળક પ્રતિભાશાળી હશે તો તે અન્ય બાળકો કરતાં અલગ રહેશે. કેટલાક લોકો આને સામાજિક ગેરવ્યવસ્થા ગણશે. આવી સ્થિતિમાં પણ માતાપિતાની ભૂમિકા મહત્ત્વની હોય છે. બિનજરૂરી અભિમાન અને દેખાડો પ્રતિભાશાળી બાળકના વિકાસમાં અવરોધ બની શકે છે. તેથી, માતા-પિતાને જ્ઞાન આપવું જોઈએ કે તેઓએ તેમના બાળકોની સામે અહંકારી નિવેદનો ન કરવાં જોઈએ. અભિમાની અભિવ્યક્તિઓ તેના વિકાસમાં એવી રીતે અવરોધરૂપ બને છે જેવી રીતે દયા, ઠપકો વગેરે વિલંબ ધરાવતાં બાળકના વિકાસમાં અવરોધરૂપ બને છે.
8. માતા-પિતા વચ્ચે સમજણ કેળવવી જરૂરી હોય છે. ઘણા વાલીઓ કે જેઓ તેમના વિકાસલક્ષી વિલંબિતતા અને પ્રતિભાશાળી બાળક વિશે ચિંતિત હોય છે તેમને શિક્ષકની સલાહની જરૂર હોય છે. તેમને મળીને તેઓ તેમના શિક્ષણ અને પ્રશિક્ષણની સાચી રૂપરેખા નક્કી કરી શકશે.

**શાળાઓમાં સલામતી અને સુરક્ષા**

તમામ શૈક્ષણિક સંસ્થા એવું વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે કે જે માત્ર પ્રોત્સાહક અને આનંદદાયક જ નહીં પણ સલામત અને સુરક્ષિત પણ હોય.

**ભૌતિક સલામતી :**

a. શિક્ષકોએ સુનિશ્ચિત કરવું જોઈએ કે બાળકો દરેક સમયે શારીરિક રીતે 'જોઈ શકાય' છે. એક જવાબદાર પુખ્ત વ્યક્તિએ વિરામ અને રમતના સમય દરમિયાન બાળકોની દેખરેખ રાખવી જોઈએ.

b. તમામ ઇમારતો અને સાધનોએ સલામતીનાં ધોરણોનું પાલન કરવું આવશ્યક છે, દા.ત., બારીઓ પરની ગ્રીલ, બાલ્કનીઓ પરની રેલિંગ, સલામત વિદ્યુત જોડાણો, માટીવાળાં વિદ્યુત સાધનો, ખુલ્લા કૂવાઓ કે જે ઢંકાયેલા હોય.

c. સલામતીનાં સાધનો (દા.ત., અગ્નિશામક) તરત જ ઉપલબ્ધ હોવાં જોઈએ અને સારી કાર્યકારી સ્થિતિમાં જાળવવાં જોઈએ.

d. વર્ગખંડોમાં બારીઓ ખોલવી જોઈએ નહીં. કારણ કે તે ઘણીવાર અકસ્માતોનું કારણ બને છે (દા.ત., બાળકો વારંવાર ઊભાં થતાં અથવા ફરતાં હોય ત્યારે બારીનાં શટર પર માથું અથડાવે છે).

e. પ્રાથમિક સારવાર કિટ શાળામાં ચાલું સ્થિતિમાં રાખવી જોઈએ.

f. પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન સલામત અને આરોગ્યપ્રદ પરિસ્થિતિઓમાં પીરસવામાં આવવું જોઈએ.

g. અકસ્માત અથવા તબીબી કટોકટીના કિસ્સામાં, દેખરેખ કરનાર પુખ્ત વયની વ્યક્તિએ (દા.ત., શિક્ષક અથવા મુખ્ય શિક્ષક) નિર્ણય લેવો જોઈએ અને માતાપિતાને તરત જ જાણ કરવી જોઈએ.

h. જો કોઈ બાળક શાળામાં અસ્વસ્થતા અનુભવે છે પરંતુ તે તબીબી કટોકટી નથી, તો શિક્ષક માતાપિતાનો સંપર્ક કરી શકે છે, અને તેમને બાળકને લઈ જવા માટે કહી શકે છે, અથવા જો શક્ય હોય તો, શાળામાંથી કોઈ જવાબદાર વ્યક્તિ બાળકને તેની ખાતરી કર્યા પછી કે ઘરે કોઈ જવાબદાર વ્યક્તિ છે ત્યારે ઘરે લઈ જઈ શકે છે. વૈકલ્પિક રીતે, જો આરામ કરવાની જગ્યા હોય, તો બાળક શાળામાં આરામ કરી શકે છે, અને સામાન્ય સમયે ઘરે પરત ફરી શકે છે.

**ભાવનાત્મક સલામતી**

a. શાળામાં કોઈ પણ પુખ્ત વ્યક્તિ બાળકો સાથે શારીરિક હિંસા અથવા શારીરિક સજાનો ઉપયોગ કરી શકશે નહીં

b. પુખ્ત વયના લોકોએ ગર્ભિત અથવા ગુપ્ત રીતે પણ બાળકોને ધમકાવવાં, હેરાન કરવાં અથવા ડરાવવાં ન જોઈએ. તેઓ અપશબ્દ અથવા અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી શકશે નહીં. બાળકોના મશ્કરીજનક નામો પાડી શકશે નહીં.

c. શિક્ષકોએ બાળકોને સમાન તક પૂરી પાડવી જોઈએ અને રોજિંદી પ્રવૃત્તિઓમાં તમામ બાળકોની સમાન સહભાગિતાની ખાતરી કરવી જોઈએ.

d. શિક્ષકોએ હંમેશાં બાળકો સાથે હકારાત્મક ભાષાનો ઉપયોગ કરવો જોઈએ અને પ્રોત્સાહન આપવું જોઈએ જે વર્ગખંડમાં હકારાત્મક વર્તન અને ક્રિયાઓને મજબૂત બનાવે છે.

e. જે અન્યને દુઃખ પહોંચાડે છે તેવા અયોગ્ય વર્તનનો સામનો તેઓ કરે છે ત્યારે શિક્ષકોએ દરમિયાનગીરી કરવી જોઈએ. જો બાળક નોંધપાત્ર સીમા ઓળંગે છે, તો પ્રથમ પગલું એ છે કે તેનાં કારણો અથવા તેનાં મૂળભૂત કારણોને સમજવાનો પ્રયાસ કરવો અને તેમને ઓળખવાનાં રહેશે.

f. સંવેદનશીલ માહિતીની ગોપનીયતા (દા.ત., બાળકના ચોક્કસ સંજોગો અંગે) જાળવવી આવશ્યક છે.

# પ્રકરણ - 9
# પ્રારંભિક તબક્કા સાથેના જોડાણો



- પાયલ રોટ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૭૦૧૬૧૨૮૦૫૪

**ભૂમિકા :**

શિક્ષણ એ એક એવી સફર છે જે તબક્કાવાર થાય છે. દરેક તબક્કો આગામી માટે પાયો નાખે છે. શૈક્ષણિક વિકાસની જટિલ પ્રણાલીમાં, રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) માર્ગદર્શક હોકાયંત્ર તરીકે સેવા આપે છે, જે શિક્ષણકારો અને નીતિ નિર્માતાઓને શિક્ષણના વિકસતા કાર્યનું માર્ગદર્શન કરવા માટે નિર્દેશિત કરે છે.

આ માળખાના હાર્દમાં 'પ્રારંભિક તબક્કા સાથે જોડાણો' પરનું પ્રકરણ આવેલું છે, જે યુવા શીખનારાઓ માટે પાયાના તબક્કામાંથી પ્રારંભિક તબક્કા સાથે જોડાણો તરફ આગળ વધતા હોવાથી તેઓ માટે એકીકૃત સંક્રમણ સુનિશ્ચિત કરવા માટે રચાયેલ મુખ્ય માર્ગમેપ છે.

આ પ્રકરણ પ્રારંભિક રચનાત્મક વર્ષોને શિક્ષણના વધુ અદ્યતન તબક્કાઓ સાથે જોડતા મુદ્રાક્ષર તરીકે કામ કરે છે, સાતત્ય અને પરિવર્તનની સુમેળભરી લયતાનું આયોજન કરે છે. આ લેખમાં, અમે 'સામગ્રી, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકનમાં સાતત્ય અને પરિવર્તન' પર વિશેષ ભાર મૂકીને , તેના દૃષ્ટિકોણ, સિદ્ધાંતો અને પેટાબિંદુઓના સૂક્ષ્મ પાસાઓમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે.

જ્યાં જ્ઞાનાત્મક ક્ષમતાઓ વધતી જાય છે, અને શીખવાનો અવકાશ ઝડપથી વિસ્તરે છે. 'પ્રારંભિક તબક્કા સાથે જોડાણો' પ્રકરણ માર્ગદર્શનની દીવાદાંડી તરીકે ઊભરી આવ્યું છે, જે સામગ્રી, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકનમાં સાતત્ય અને પરિવર્તન વચ્ચેના નિર્ણાયક આંતરપ્રક્રિયાને સંબોધિત કરે છે.

**વિભાગ 9.1 વિકાસના ક્ષેત્રથી અભ્યાસક્રમના ક્ષેત્રે**

પાયાનો તબક્કો, સામાન્ય રીતે બાળકના શિક્ષણનાં પ્રારંભિક વર્ષો સુધી ફેલાયેલો છે, તે ગહન મહત્ત્વનો સમયગાળો છે. તે એ સાંકળને ચિહ્નિત કરે છે જ્યાં સાક્ષરતા, સંખ્યા અને સામાજિક-ભાવનાત્મક કૌશલ્યોનાં બીજ વાવવામાં આવે છે, જે શીખવાના મૂળતત્ત્વને વિકસાવે છે. જેના પર બાળકની શૈક્ષણિક સફર બાંધવામાં આવે છે.

**સર્વગ્રાહી વિકાસ**

પાયાનો તબક્કો, જેમ કે NCFFS દ્વારા કલ્પના કરવામાં આવી છે, તે ફક્ત શૈક્ષણિક લક્ષ્યો વિશે જ નથી, પરંતુ બાળકના સર્વાંગી વિકાસને સ્વીકારે છે. તે જ્ઞાનાત્મક, સામાજિક, ભાવનાત્મક અને ભૌતિક પરિમાણોને પોષવા પર ભાર મૂકે છે, પરિપ્રેક્ષ્યાત્મક વ્યક્તિ માટે પાયો નાખે છે. આ સર્વગ્રાહી પરિપ્રેક્ષ્ય પ્રકરણમાં દર્શાવેલ વ્યૂહરચનાઓ અને સિદ્ધાંતોની માહિતી આપે છે, તે સુનિશ્ચિત કરે છે કે બનાવટી જોડાણો વિષય-વિશિષ્ટ શિક્ષણની સાંકડી મર્યાદાઓને પાર કરે છે.

**પ્લે-આધારિત શિક્ષણ**

યુવા મનની જિજ્ઞાસા અને વલણને ઓળખીને, NCFFS આધારશિલા તરીકે રમત-આધારિત શિક્ષણને પ્રોત્સાહિત કરે છે. નાટક એ માત્ર મનોરંજક પ્રવૃત્તિ નથી પરંતુ એક ગતિશીલ માધ્યમ છે, જેના દ્વારા બાળકો આવશ્યક ખ્યાલોનું અન્વેષણ કરે છે, પ્રયોગ કરે છે અને આંતરિક બનાવે છે. જોડાણો પરનુ પ્રકરણ આ રમતિયાળ ભાવનાને જાળવી રાખવાના મહત્ત્વ પર

ભાર મૂકે છે. કારણ કે શીખનારાઓ તૈયારીના તબક્કામાં સંક્રમણ કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે શીખવાનો આનંદ તેમની શૈક્ષણિક યાત્રાનો અભિન્ન ભાગ બની રહે.

### મૂળભૂત કૌશલ્યોનું નિર્માણ

પ્રકરણના પ્રાથમિક મુદ્દાઓમાંનું એક એ છે કે વિદ્યાર્થીઓ દ્વારા હસ્તગત કરેલ પાયાનાં કૌશલ્યોના નિર્માણ પર ભાર મૂકવો. પાયાનો તબક્કો શીખનારાઓને સાક્ષરતા અને સંખ્યાની મૂળભૂત બાબતોથી સજ્જ કરે છે, અને જોડાણ પ્રકરણ સુનિશ્ચિત કરે છે કે આ કૌશલ્યો પ્રારંભિક તબક્કામાં વધુ અદ્યતન શિક્ષણ માટે પગથિયાં બની જાય છે. પછી ભલે તે ધ્વન્યાત્મકતા, મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ અથવા સામાજિક ક્રિયા-પ્રતિક્રિયાઓની સમજ હોય, પ્રારંભિક તબક્કાનો અભ્યાસક્રમ આ પાયાના ખ્યાલોને એકીકૃત અને વિસ્તૃત કરવા માટે રચાયેલ છે. આ અભિગમ માત્ર શિક્ષણને એકીકૃત કરતું નથી પણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પણ જગાડે છે. કારણ કે તેઓ શૈક્ષણિક ક્ષેત્રની ઓળખાણને ઓળખે છે.

### અદ્યતન ખ્યાલોનો પરિચય

સાથોસાથ, જોડાણ પ્રકરણ શીખનારાઓની વિકસતી જ્ઞાનાત્મક ક્ષમતાઓને ઓળખે છે. કારણ કે તેઓ તૈયારીના તબક્કામાં આગળ વધે છે. તે અદ્યતન વિભાવનાઓની રજૂઆત માટે હિમાયત કરે છે જે યુવા દિમાગને પડકારે છે અને ઉત્તેજિત કરે છે, જિજ્ઞાસા અને બૌદ્ધિક સંશોધનની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો બાળક પાયાના તબક્કામાં સરવાળો અને બાદબાકીની મૂળભૂત બાબતોને સમજે છે તે પ્રારંભિક તબક્કામાં ગુણાકાર અને ભાગાકાર જેવી વધુ જટિલ ગાણિતિક વિભાવનાઓ શરૂ કરવા માટે તૈયાર છે. આ ગાણિતિક ક્ષમતાઓ બાળકના અન્ય વિષયો સાથેના તર્કના જોડાણને વધુ મજબૂત બનાવે છે, જે સુનિશ્ચિત કરે છે કે બાળક માટે બનાવેલો અભ્યાસક્રમ ગતિશીલ અને પ્રત્યેક શીખનારના જ્ઞાનાત્મક વૃદ્ધિના માર્ગને પ્રતિભાવશીલ છે.

### આંતરશાખાકીય એકીકરણ

જોડાણ પ્રકરણની ફિલસૂફીમાં કેન્દ્રિય છે આંતરશાખાકીય અભિગમોનો પ્રચાર. તે શિક્ષણની કલ્પના જ્ઞાનના અલગ સિલો તરીકે નહીં પરંતુ વિવિધ વિદ્યાશાખાના દોરોથી વણાયેલી સમૃદ્ધ ભાત તરીકે કાર્ય કરે છે. આ એકીકરણ એ સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ વિષયોને એકલતામાં ન સમજે પરંતુ જ્ઞાનની પરસ્પર સંલગ્નતાને સમજે છે. ભલે તે વૈજ્ઞાનિક શોધોના ઐતિહાસિક સંદર્ભને અન્વેષણ કરતી હોય અથવા વાસ્તવિક-વિશ્વની સમસ્યાઓમાં ગાણિતિક સિદ્ધાંતોનો સમાવેશ કરતી હોય, આંતરશાખાકીય એકીકરણ શીખવાના અનુભવને સમૃદ્ધ બનાવે છે. જોડાણ પ્રકરણ શિક્ષકોને તમામ વિષયોમાં સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કરે છે, એક સર્વગ્રાહી સમજને પ્રોત્સાહન આપે છે જે પરંપરાગત શિસ્તની સીમાઓને પાર કરે છે.

### જોડતી કડી રૂપે શિક્ષણશાસ્ત્ર

પાયાના અને પ્રારંભિક તબક્કાઓ વચ્ચેના જોડાણો વિષયવસ્તુની બહાર પણ વિસ્તરે છે; તેઓ શિક્ષણશાસ્ત્રના જટિલ રીતે વણાયેલા છે. જ્ઞાન આપવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ શીખવાના અનુભવને આકાર આપવામાં અને શૈક્ષણિક સંક્રમણોની અસરકારકતા નક્કી કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

### સક્રિય શિક્ષણનો દાખલો

જોડાણો પરનું પ્રકરણ નિષ્ક્રિયમાંથી સક્રિય શિક્ષણના દાખલાઓ તરફ સ્થળાંતર કરવા પર નોંધપાત્ર ભાર મૂકે છે. પ્રારંભિક તબક્કો ઉચ્ચ જ્ઞાનાત્મક જોડાણના વચન સાથે સંકેત આપે છે, અને આ માંગને પહોંચી વળવા માટે શિક્ષણશાસ્ત્રનો વિકાસ થવો જોઈએ. સક્રિય શિક્ષણ પદ્ધતિઓ, જેમ કે સહયોગી પ્રોજેક્ટ, સમસ્યાનું નિરાકરણ કરવાની કસરતો અને હાથવગો અનુભવ, એવાં સાધનો બની જાય છે જેના દ્વારા શિક્ષકો જિજ્ઞાસા અને વિવેચનાત્મક વિચારસરણી કેળવે છે. આ સંક્રમણ માટે પાયાના તબક્કામાં પ્રચલિત પરંપરાગત, શિક્ષક-કેન્દ્રિત સૂચનાત્મક પદ્ધતિઓમાંથી વિદાય લેવાની જરૂર

છે. તેના બદલે શિક્ષકોને સુવિધા આપનાર બનવા માટે પ્રોત્સાહિત કરે છે, વિદ્યાર્થીઓને શોધ અને સંશોધનની સફરમાં માર્ગદર્શન આપે છે. આ શિક્ષણશાસ્ત્રીય શિફ્ટનો ઉદ્દેશ્ય શીખનારાઓને તેમના શિક્ષણની માલિકી લેવા, એજન્સી અને સ્વ-નિર્દેશિત શિક્ષણની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે સશક્તિકરણ કરવાનો છે.

**સમાવેશક અને વિભિન્ન વ્યૂહરચનાઓ**

વિદ્યાર્થીઓમાં શીખવાની શૈલીઓ, ક્ષમતાઓ અને પસંદગીઓની વિવિધતાને ઓળખીને, પ્રકરણ દરેક શીખનારની અનન્ય જરૂરિયાતોને સમાવી શકે તેવા અભિગમની હિમાયત કરે છે. સમાવેશમાં શીખવાનું વાતાવરણ બનાવવાનો સમાવેશ થાય છે જ્યાં તમામ વિદ્યાર્થીઓ તેમની પૃષ્ઠભૂમિ અથવા ક્ષમતાઓને ધ્યાનમાં લીધા વિના મૂલ્યવાન અને સમર્થન અનુભવે છે. ભિન્નતા, બીજી તરફ, વ્યક્તિગત શીખવાની રૂપરેખાઓ પૂરી કરવા માટે ટેલર સૂચનાઓ, સુનિશ્ચિત કરવું કે દરેક વિદ્યાર્થીને ખ્યાલોને સમજવા અને લાગુ કરવાની સમાન તક મળે. આ શિક્ષણશાસ્ત્રની સર્વસમાવેશકતા એક પુલ બની જાય છે જે પાયાના તબક્કામાંથી પ્રારંભિક તબક્કામાં સંક્રમણ કરતા શીખનારાઓના વિવિધ ક્ષેત્રને ફેલાવે છે.

**ટૅક્નોલૉજીનું એકીકરણ**

ટૅક્નોલૉજીના આગમનથી શૈક્ષણિક ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે અને આ પ્રકરણ તેની પાસે રહેલી પરિવર્તનની સંભાવનાને સ્વીકારે છે. શિક્ષણશાસ્ત્રમાં ટૅક્નોલૉજીનું એકીકરણ એ પાયાના અને પ્રારંભિક તબક્કાઓને પૂર્ણ કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પાસું બની જાય છે. આમાં ગતિશીલ અને આકર્ષક શિક્ષણ અનુભવો બનાવવા માટે શૈક્ષણિક એપ્લિકેશન્સ, ઇન્ટરેક્ટિવ સિમ્યુલેશન્સ અને ઑનલાઇન સંસાધનોનો લાભ લેવાનો સમાવેશ થાય છે. ટૅક્નોલૉજી એ માત્ર એડ-ઓન નથી પરંતુ એક અભિન્ન ઘટક છે જે વિદ્યાર્થીઓની ડિજિટલ સાક્ષરતાની જરૂરિયાતોને અનુરૂપ છે. ટૅક્નોલૉજીનો સમાવેશ કરીને, શિક્ષકો વિદ્યાર્થીઓને ડિજિટલ યુગ માટે તૈયાર કરી શકે છે, તે સુનિશ્ચિત કરી શકે છે કે તેઓ ઉન્નત શિક્ષણ માટે ટૅક્નોલૉજીકલ સાધનો નેવિગેટ કરવામાં અને તેનો લાભ ઉઠાવવામાં પારંગત છે.

**શિક્ષક વ્યાવસાયિક વિકાસ**

અસરકારક શિક્ષણશાસ્ત્રના જોડાણની આધારશીલા એ શિક્ષકોનો સતત વ્યાવસાયિક વિકાસ છે. શિક્ષકોને વિકસતા શિક્ષણશાસ્ત્રના અભિગમોને સ્વીકારવા માટે જરૂરી કૌશલ્યો અને જ્ઞાન સાથે સશક્ત બનાવે છે. સતત વ્યાવસાયિક વિકાસ એ સુનિશ્ચિત કરે છે કે શિક્ષકો શૈક્ષણિક નવીનતામાં મોખરે રહે, વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ રીતે જોડવા માટે સજ્જ હોય. કાર્યશાળાઓ, પરિસંવાદો, સહયોગી પ્લેટફોર્મ અને પીઅર-લર્નિંગ તકો એવા માર્ગો બની જાય છે કે જેના દ્વારા શિક્ષકો શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરી શકે છે, તેમની શિક્ષણ વ્યૂહરચનાઓને સુધારી શકે છે અને શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓના વિકાસમાં સામૂહિક રીતે યોગદાન આપી શકે છે.

**વિભાગ 9.2: સાતત્ય અને વિષયવસ્તુમાં ફેરફાર, શિક્ષણશાસ્ત્ર અને આકારણી**

**વિષયવસ્તુમાં સાતત્ય અને ફેરફાર:**

પાયાનો તબક્કો બાળકના બૌદ્ધિક અને ભાવનાત્મક વિકાસ માટે પાયો નાખે છે. જેમ જેમ વિદ્યાર્થીઓ પાયાના તબક્કાથી પ્રારંભિક તબક્કા સુધીની સફર શરૂ કરે છે, NCF સાતત્ય અને સામગ્રીમાં ફેરફાર વચ્ચે નાજુક સંતુલન જાળવવાના મહત્ત્વને ઓળખે છે. પાયાની વિભાવનાઓ એ પાયાનો આધાર બની જાય છે કે જેના પર ભાવિ શિક્ષણનું નિર્માણ થાય છે, આવશ્યક જ્ઞાનને જાળવી રાખવા અને તેને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. NCFFS શિક્ષિતોને પાયાના ખ્યાલોને ઓળખવા અને તેના પર નિર્માણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ પ્રારંભિક તબક્કામાં મજબૂત જ્ઞાન આધાર ધરાવે છે. તેની સાથે જ, NCFFS શિક્ષણની ગતિશીલ પ્રકૃતિ અને શીખનારાઓની વિકસતી જરૂરિયાતોને સ્વીકારે છે. તે વિદ્યાર્થીઓની વધતી જતી જ્ઞાનાત્મક ક્ષમતાઓ સાથે સંરેખિત નવી વિભાવનાઓની રજૂઆત પર ભાર મૂકે છે.

નવલકથા અને પડકારજનક વિષયવસ્તુના આ સમાવેશનો ઉદ્દેશ બૌદ્ધિક જિજ્ઞાસાને ઉત્તેજિત કરવાનો છે, વિદ્યાર્થીઓને વધુ જટિલ વિચારોનું અન્વેષણ કરવા અને તેમાં જોડાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. પ્રારંભિક તબક્કો પાયાના જ્ઞાન પર વિસ્તરણ કરવા માટે એક જગ્યા બની જાય છે, વિદ્યાર્થીઓને અદ્યતન વિષયો સાથે પરિચય આપે છે જે વિશ્વની તેમની સમજને આકાર આપે છે.

**શિક્ષણશાસ્ત્રમાં સાતત્ય અને પરિવર્તનઃ**

શિક્ષણશાસ્ત્ર, અથવા શિક્ષણની કળા અને વિજ્ઞાનમાં પરિવર્તન થાય છે. કારણ કે વિદ્યાર્થીઓ પાયાના તબક્કામાંથી પ્રારંભિક તબક્કામાં પ્રગતિ કરે છે. NCFFS શિક્ષણશાસ્ત્રના અભિગમમાં સાતત્ય અને પરિવર્તન બંનેની જરૂરિયાત પર ભાર મૂકે છે, શિક્ષણ પદ્ધતિઓ વિકાસના તબક્કાઓ અને શીખનારાઓની વિકસતી જરૂરિયાતો સાથે સુસંગત છે તેની ખાતરી કરે છે.

મૂળભૂત શિક્ષણ એ રમત-આધારિત શિક્ષણ દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે પ્રારંભિક બાળપણના વિકાસમાં પ્રાયોગિક અને હાથ પરની પ્રવૃત્તિઓના મહત્ત્વને ઓળખે છે. NCFFS પ્રારંભિક તબક્કામાં રમત-આધારિત શિક્ષણની સાતત્યની હિમાયત કરે છે, જોકે વધુ સૂક્ષ્મ અને વય-યોગ્ય રીતે. આ સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓની વિકસતી જ્ઞાનાત્મક ક્ષમતાઓ સાથે સંરેખિત રહીને શીખવાનો આનંદ જળવાઈ રહે છે. જેમ જેમ વિદ્યાર્થીઓ તૈયારીના તબક્કા તરફ આગળ વધે છે તેમ, NCFFS ચર્ચા આધારિત અભિગમો તરફ ધીમે ધીમે પરિવર્તિત થવા માટે પ્રોત્સાહિત કરે છે. આ શિક્ષણશાસ્ત્રીય પરિવર્તનનો હેતુ જિજ્ઞાસા અને સ્વ-નિર્દેશિત સંશોધનની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. શિક્ષકોને એવી પ્રવૃત્તિઓ ડિઝાઈન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જે જટિલ વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ અને સ્વતંત્ર સંશોધન કૌશલ્યોને ઉત્તેજિત કરે છે.

**મૂલ્યાંકનમાં સાતત્ય અને ફેરફાર :**

મૂલ્યાંકન એ શૈક્ષણિક પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ ઘટક છે, જે વિદ્યાર્થીઓની પ્રગતિમાં આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે અને સૂચનાત્મક નિર્ણયોની માહિતી આપે છે. ફાઉન્ડેશનલ સ્ટેજ માટે NCF એ મૂલ્યાંકન માટે સંતુલિત અભિગમના મહત્વને રેખાંકિત કરે છે, જેમાં વિદ્યાર્થીઓ પ્રારંભિક તબક્કામાં સંક્રમણ કરે છે ત્યારે સાતત્ય અને પરિવર્તન બંનેને ધ્યાનમાં લે છે. ફોર્મેટિવ એસેસમેન્ટ પ્રેક્ટિસ નિર્ણાયક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે. કારણ કે વિદ્યાર્થીઓ પાયાના તબક્કામાંથી પ્રારંભિક તબક્કામાં આગળ વધે છે. આ ચાલુ મૂલ્યાંકન શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેને રીઅલ-ટાઈમ પ્રતિસાદ પૂરો પાડે છે, જે શિક્ષણ અને શીખવાની વ્યૂહરચનાઓમાં ગોઠવણોને સક્ષમ કરે છે. રચનાત્મક મૂલ્યાંકન વ્યક્તિગત શક્તિઓ, સુધારણા માટેના ક્ષેત્રો અને શીખવાની એકંદર પ્રગતિને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. NCF સંક્ષિપ્ત મૂલ્યાંકન ડિઝાઈન કરવાના મહત્ત્વ પર ભાર મૂકે છે જે વાજબી, માન્ય અને હેતુપૂર્ણ શિક્ષણ પરિણામો સાથે સંરેખિત હોય. પોર્ટફોલિયો આકારણી મૂલ્યાંકનમાં સાતત્ય અને ફેરફાર બંને હાંસલ કરવા માટેના મૂલ્યવાન સાધન તરીકે પ્રકાશિત થાય છે. પોર્ટફોલિયોમાં સમયાંતરે વિદ્યાર્થીના કાર્યના સંગ્રહનું સંકલન કરવું, વિવિધ કૌશલ્યો અને યોગ્યતાઓમાં તેમનો વિકાસ દર્શાવવાનો સમાવેશ થાય છે. આ અભિગમ વિદ્યાર્થીની શૈક્ષણિક યાત્રાનું સમૃદ્ધ વર્ણન પ્રદાન કરે છે.

આ માળખાનું મુખ્ય પાસું, એ સુનિશ્ચિત કરવું કે શૈક્ષણિક અનુભવો શીખનારાઓની વિકસતી જરૂરિયાતો સાથે સુસંગત છે. અભ્યાસક્રમના ઉદ્દેશ્યો સાથે સંરેખિત વિચારશીલ પ્રગતિ, સમાવિષ્ટ પ્રથાઓ અને મૂલ્યાંકન વ્યૂહરચનાઓને સંકલિત કરીને, NCFFS યુવા શીખનારાઓ માટે એકીકૃત અને સમૃદ્ધ શૈક્ષણિક પ્રવાસ માટે માર્ગ મોકળો કરે છે.

જેમ જેમ આપણે પાયાના અને પ્રારંભિક તબક્કાઓ વચ્ચેના જટિલ જોડાણોને શોધખોળ કરીએ છીએ, NCFFS એક માર્ગદર્શક દસ્તાવેજ તરીકે ઊભું છે, જે શીખવા માટેનાં ઉત્સાહ આપે છે અને ભવિષ્યનાં શૈક્ષણિક કાર્યો માટે પાયો નાખે છે.

# પ્રકરણ - 10
# અધ્યયન માટે સહાયક વાતાવરણનું નિર્માણ



- ડૉ. મીનલબા જાડેજા
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૭૬૦૦૦૪૩૪૦૦

શાળા કક્ષાએ પાઠયક્રમના ક્રિયાન્વયન માટે અધ્યાપનશાસ્ત્ર, મૂલ્યાંકન અને વિષયવસ્તુ જેવાં ક્ષેત્રોમાં ઘણાં બધાં કાર્યો આવશ્યક છે. પરંતુ આ બધાં જ માટે એક સહાયક વાતાવરણ જરૂરી છે. આ લેખમાં આ ક્રિયાન્વયન માટે શિક્ષક, અન્ય કાર્યકર્તાઓ અને માતાપિતાની ભૂમિકા વિષે ચર્ચા કરવામાં આવી છે. શાળાને સ્પર્શતા સહાયક પરિબળોમાં શિક્ષક, આચાર્ય, માતાપિતા, તેમજ શાળાની ભૌતિક સુવિધાઓનો સમાવેશ થઈ શકે. આ બાબતો લેખના નીચેના ભાગમાં આપવામાં આવી છે.

**શિક્ષકનું સામર્થ્ય**

શિક્ષણ એ બૌદ્ધિક રીતે અને નૈતિક રીતે મહત્ત્વ ધરાવતો વ્યવસાય છે. નાનાં ધોરણોમાં કામ કરતાં શિક્ષકો પાસે, તેમને નાનાં બાળકો સાથે કાળજીપૂર્વક, ઉત્સાહથી, ધીરજથી, ખંતથી, રમૂજી શૈલીમાં કામ કરવા યોગ્ય બનાવે, તેવા અમુક ચોક્કસ પ્રકારના ગુણો હોવા જોઈએ. આવા શિક્ષકના નિર્માણ માટે જે વાતાવરણ હોય તેમાં ખુલ્લાપણું અને કાળજી હોય, જેમાં સંવાદ શક્ય હોય, સહકાર હોય, પૃચ્છા થઈ શકતી હોય, ચિંતન થઈ શકતું હોય, તેવા પ્રકારની કાર્યપદ્ધતિ હોવી જોઈએ. આ અભૌતિક વાતાવરણની વાત થઈ. જો ભૌતિક વાતાવરણની વાત કરવામાં આવે તો ચાલુ હાલતમાં હોય તેવું વર્ગખંડનું બોર્ડ, આર્ટ અને ક્રાફ્ટ માટેની સામગ્રી, અધ્યયનના વિવિધ કોર્નરને ગોઠવવા માટેની સામગ્રી અને બાળસાહિત્યની શ્રેણી જેવા વિદ્યાર્થીઓને અસરકારક રીતે શીખવવા માટે જરૂરી ભૌતિક અને શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવી જ જોઈએ.

પાયાનાં ધોરણોનાં સમર્થ શિક્ષકો તૈયાર કરવા માટે પ્રશિક્ષણની વ્યવસ્થા હોય તેમાં નાનાં બાળકો માટે જરૂરી તમામ શાસ્ત્રનો સમાવેશ થવો જોઈએ, તેવું NCFFSમાં સૂચન કરવામાં આવ્યું છે. આ કોર્સ પણ એવી રીતે રચવો જોઈએ કે જેથી તેમાં પ્રાયોગિક અનુભવો પણ સામેલ હોય. આ અનુભવમાં વિવિધ પ્રકારની પ્રિ પ્રાઈમરી શાળાઓમાં કામ કરવાનો અનુભવ પણ પ્રદાન કરવો જોઈએ. આગળ જતાં આવા શિક્ષકોની પસંદગી માટે અલગથી એલીજીબીલીટી ટેસ્ટ પણ લેવાવી જોઈએ.

જે શિક્ષકો વ્યવસાયમાં જોડાયેલા છે તેમને પોતાના વ્યવસાયવિકાસ કરવા માટે સતત અપડેટ રહેવાની પણ ખૂબ જ જરૂરિયાત છે. આ સંદર્ભે પણ યોગ્ય વ્યવસ્થાનું નિર્માણ થવું જોઈએ. વ્યાવસાયિકવિકાસ એવા પ્રકારનો હોવો જોઈએ કે જે શિક્ષકને શૈક્ષણિક સુધારા લાવવાની ક્ષમતા ધરાવનાર, સક્ષમ અને ચિંતક બનાવે. ખાસ કરીને નાનાં ધોરણોમાં શિક્ષકોનું મુખ્ય ધ્યાન વિદ્યાર્થીઓને સુરક્ષિત પ્રોત્સાહક, બાળકોને વ્યસ્ત રાખે તેવું, રમત અને શોધને પ્રોત્સાહિત કરે તેવું વાતાવરણ પૂરું પાડવા પર હોવું જોઈએ. આ માટેનું વિષયવસ્તુ સમગ્રતાલક્ષી, સંપૂર્ણ, સંબંધિત, વર્ગખંડ સાથે જોડાયેલ અને શિક્ષક જે પડકારોનો સામનો કરે છે તેને સમાવિષ્ટ કરે તેવું હોવું જોઈએ.

NEP 2020માં શિક્ષકોના સામાજિક અને વ્યવસાયિક સન્માનની પણ વાત કરવામાં આવી છે. પાયાનાં ધોરણના શિક્ષકોના પગાર અને તેમની સેવાની શરતો પણ અન્ય ધોરણો જેવી જ કરવાનું સૂચન પણ કરવામાં આવ્યું છે જેથી શિક્ષકનો વ્યવસાયનું સન્માન જળવાઈ રહે. સાથે સાથે પ્રતિભાશાળી શિક્ષકોને પાયાના ધોરણોમાં કામ કરવા માટે આકર્ષી શકાય.

ઉપર્યુક્ત બાબતોનું ધ્યાન રાખવામાં આવે તો શિક્ષકોનાં વ્યવસાયિક કૌશલ્યોનો વિકાસ કરીને તેમને સામર્થ્યવાન બનાવી શકાશે.

શિક્ષકની સ્વાયત્તતા અને શિક્ષકની જવાબદેહી

શિક્ષકો વિદ્યાર્થીઓના શિક્ષણ માટે જવાબદાર છે અને તેમને તેના માટે જવાબદાર ઠેરવવા પણ જોઈએ. પરંતુ તેમને જવાબદાર ઠેરવવા માટે શિક્ષક સશક્તીકરણ અને સ્વાયત્તતા એ પૂર્વશરતો છે. જવાબદારી મહત્ત્વની છે પરંતુ સ્વાયત્તતા પણ એટલી જ મહત્ત્વની છે - સ્વાયત્તતા પર આધારિત સશક્ત કરતી સંસ્કૃતિ એ જવાબદારી માટેની જરૂરી શરત છે. શિક્ષકને વિષયવસ્તુનું આયોજન કરવાની, તેનો ક્રમ નક્કી કરવાની, પરિસ્થિતિ પ્રમાણે બાળકોને શીખવવાની પદ્ધતિ પસંદ કરવાની, અને અધ્યયનનું મૂલ્યાંકન કરવાની શૈક્ષણિક સ્વાયતતા હોવી જોઈએ.

**અધ્યયન માટે યોગ્ય વાતાવરણ**

બાળકો માટેનો ઉચ્ચ-ગુણવત્તાવાળી શૈક્ષણિક પ્રક્રિયા એને કહેવાય કે જે બાળકોની જિજ્ઞાસાને સંતોષવામાં મદદ કરે, આસપાસના પર્યાવરણને ખૂંદવાની સ્વતંત્રતા આપે, વાતચીત / સંવાદ / આદાનપ્રદાન માટેની તકો આપે અને શ્રેષ્ઠ સર્વાંગીણ વિકાસને પ્રોત્સાહન આપે. બાળકોને દરરોજ અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરવાની, બહાર રમવાની અને એકબીજા સાથે અને શિક્ષક સાથે વાર્તાલાપ કરવાની તકો મળવી જોઈએ.

એક સપોર્ટિવ શૈક્ષણિક વાતાવરણ બાળકોને અધ્યયન અને વિકાસ માટેના સર્વાંગીણ અનુભવો પ્રદાન કરશે. બાળવિકાસ માત્ર શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા પર જ આધાર રાખતો નથી પરંતુ વર્ગખંડમાં અને બહારના ભૌતિક વાતાવરણમાં બાળકોના ઇંદ્રિયજન્ય અનુભવો પર પણ આધાર રાખે છે.

આ માટે નિર્ધારિત ધોરણો મુજબ સલામત, અવરોધ-મુક્ત અને પર્યાપ્ત ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોવું જોઈએ. આવા વાતારવણમાં સર્જનાત્મકતા પણ હોવી જોઈએ. આ માટે વિવધ શાખાઓ/ક્ષેત્રો જેવાં કે ECCE, બાળવિકાસ, એન્જિનિયરિંગ અને આર્કિટેક્ચર, સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર અને અન્ય વ્યક્તિઓને સમાવતી એક ટીમ બનવી જોઈએ. આવી માળખાકીય સુવિધાના વિકાસ માટે, તેની જાળવણી માટે અને અધ્યયન-અધ્યાપન સામગ્રી માટે પૂરતું બજેટ ફાળવવું જોઈએ અને વપરાવવું જોઈએ.

**વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર**

શિક્ષક દીઠ વિદ્યાર્થીની સંખ્યા(વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર) જો ઓછી હોય તો શિક્ષકો બાળકો પર વ્યક્તિગત ધ્યાન આપી શકે છે તે સર્વસ્વીકૃત છે અને સરળતાથી સમજાય તેવી બાબત છે. આ યોગ્ય ગુણોત્તરના કારણે વિદ્યાર્થીઓના અધ્યયનમાં, ધ્યાન અને સિદ્ધિમાં વધારો થઈ શકે છે. એમાં પણ નાનાં ધોરણોમાં શિક્ષક વિદ્યાર્થી રેશિયો બહુ મોટી અસર ઉપજાવે છે તેવી શિક્ષણશાસ્ત્રના નિષ્ણાતોની દલીલ છે. એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે શિક્ષક વિદ્યાર્થી ગુણોત્તર ઓછો હોય તેવી શાળામાં વિદ્યાર્થીનું શાળા છોડી જવાનું પ્રમાણ ઘણું ઓછુ હોય છે. પીટીઆર ઘટાડવાનો અર્થ એ નથી કે શાળાઓમાં અન્ડરક્વૉલિફાઈડ અને કોન્ટ્રાક્ટ આધારિત શિક્ષકોથી ભરવામાં આવે. લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક અને તેમના વ્યાવસાયિકવિકાસ દ્વારા PTRમાં સુધારો થવો જોઈએ. ફાઉન્ડેશનલ સ્ટેજ પર તમામ બાળકો માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકો હોવા જોઈએ.

**પ્રવેશની ઉંમર**

પ્રારંભિક વર્ષોમાં મગજની વૃદ્ધિ અને બાળકના સર્વાંગી વિકાસની ઝડપી ગતિને જોતાં, થોડા મહિનાનો તફાવત પણ નોંધપાત્ર છે. ધોરણ 1 માટેનો અભ્યાસક્રમ એ પૂર્વધારણા સાથે તૈયાર કરવામાં આવ્યો છે કે બાળકો 6 વર્ષથી વધુ ઉંમરનાં હશે. NEP 2020માં દર્શાવ્યા પ્રમાણે ફાઉન્ડેશનલ સ્ટેજ/પાયાનો તબક્કો 3 વર્ષની ઉંમરે શરૂ થાય છે અને 8 વર્ષની ઉંમરે સમાપ્ત થાય છે. એટલે કે, પૂર્વશાળાથી ગ્રેડ 2 સુધીનાં પાંચ વર્ષનો અભ્યાસ. તેથી, બાળકોએ 6 વર્ષની ઉંમરે ધોરણ 1 શરૂ કરવું જોઈએ.

નિયમોનુસાર ધોરણ 1 માટે પ્રવેશની ઉંમરને 6 વર્ષથી નીચે લાવવાનું વલણ ઉપર્યુક્ત પૂર્વધારણાથી વિરોધી છે અને તે બાળકોના ઉત્તરોત્તર અધ્યયનને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે.

**મુખ્ય શિક્ષક/આચાર્યની ભૂમિકા**

શાળામાં સ્વાયત્તતા અને જવાબદેહિતા હોય તેવી સહાયક અને સશક્ત સંસ્કૃતિનું નિર્માણ કરવું તે શાળાના નેતાની સૌથી મહત્ત્વની ભૂમિકા છે. મુખ્ય શિક્ષકો/આચાર્ય/નિરીક્ષકોએ શિક્ષકોને દરેક પ્રકારે સહાય કરવી જોઈએ કે જેથી તેઓ સારી રીતે ભણાવી શકે. આવી સહાય, તેમને તેમના વર્ગોનું આયોજન કરવામાં મદદ કરીને, યોગ્ય સંસાધનોના ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરીને, વર્ગોનું નિરીક્ષણ કરી અને રચનાત્મક પ્રતિભાવ પ્રદાન કરીને, અને શિક્ષકો બાળકોના અધ્યયન અને અધ્યાપન વિશે વિચારે અને વાત કરે તેવા વાતાવરણના નિર્માણ દ્વારા થઈ શકે છે. મુખ્ય શિક્ષકો સમયાંતરે ફાઉન્ડેશનલ સ્ટેજના વર્ગમાં ભણાવે તે ખૂબ જ ઉપયોગી રહેશે, તેનાથી તેઓ બાળકો સાથે સંપર્કમાં રહી શકશે, તેમની સાથે સંબંધ બનાવી શકશે, અને શિક્ષકનો પરિપ્રેક્ષ્ય અને પડકારોને જાણી શકશે. નાનાં બાળકો નિયમિત હાજર રહે તે માટે મુખ્ય શિક્ષકે માતા-પિતા, પરિવારો અને સ્થાનિક સમુદાય સાથે સંબંધ બનાવવો જોઈએ અને બાળકનાં વિકાસ અંગેની ચર્ચા કરવી જોઈએ.

**માતાપિતા અને કુટુંબની ભૂમિકા**

માતાપિતા અને પરિવાર બાળકના અધ્યયન અને વિકાસમાં શાળા સાથે સહ-ભાગીદાર છે. શરૂઆતનાં વર્ષોમાં, માતા-પિતા માટે શાળામાં શું થાય છે તે સમજવું અને તેમાં પૂરક બનવું અને, તેવી જ રીતે શિક્ષકો માટે ઘરમાં બાળકની પરિસ્થિતિને સમજવી બહુ મહત્ત્વની છે.

માતાપિતા અને પરિવારો સાથેના સંબંધો ધ્યાનપૂર્વક બાંધી શકાય અને ટકાવી શકાય છે. માતા-પિતા સાથેનું પ્રત્યાયન સતત અને ચાલુ રહેવું જરૂરી છે, આ પ્રત્યાયન માતા-પિતાને પ્રક્રિયામાં સમાન ભાગીદાર તરીકે ગણીને કરવામાં આવવું જોઈએ, નહીં કે તેમની સાથે સામાન્ય વાત કરતાં હોય તેમ અથવા માત્ર તેમને જાણ કરવામાં આવે તેવું હોય. માતા-પિતાને તેમના બાળકની પ્રગતિથી વાકેફ રાખવાની જરૂર છે. માતાપિતાને તેમના બાળકના શિક્ષણ વિશે ચર્ચા કરવા માટે નિયમિતપણે શાળામાં આમંત્રિત કરી શકાય છે તથા શિક્ષક દ્વારા ઘરની મુલાકાત પણ લઈ શકાય છે.

માતાપિતા અને શિક્ષકની સહિયારી સમજણ, નાનાં ધોરણો માટે બાળકના વિકાસનું મહત્ત્વ દર્શાવવા, વિકાસ અને અધ્યયનનાં વિવિધ ક્ષેત્રો જાણવા, અનુકૂળ અને સલામત ઘરનું વાતાવરણ બનાવવા અને બાળકને તેમાં ઓતપ્રોત કરવા, સામાન્ય આરોગ્ય અને પોષણનું મહત્ત્વ સમજાવવા, બાળક સાથેના દુર્વ્યવહારની અસરો જણાવવા, અને બાળકના વિકાસમાં પરિવાર અને શિક્ષકોનું મહત્ત્વ દર્શાવવા જેવી બાબતોમાં ઉપયોગી થશે.

માતાપિતા અને પરિવાર સ્વતંત્ર રીતે શાળામાં અનેક રીતે યોગદાન આપી શકે છે. ઉદાહરણ તરીકેઃ વિશેષ ઉજવણીઓ, શાળાના મહત્ત્વના દિવસો અને શાળાના કાર્યક્રમોમાં ભાગ લેવો; નાના સ્થાનિક પ્રવાસના આયોજનમાં મદદ કરવી; અમુક ચોક્કસ વિષયોના અધ્યયન દરમ્યાન તેમનાં જ્ઞાન અને અનુભવનો લાભ આપવો (દા.ત., છોડ ઉગાડવો અને જંતુઓનું નિયંત્રણ, સામાન્ય ઈજાઓ માટે પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી, સાદું આરોગ્યપ્રદ ભોજન રાંધવું, સામાન્ય સુથારીકામ કરવું, પ્રાણીઓ અથવા વાહનો વિશે વાત કરવી); શિક્ષકને શાળાનાં કાર્યોમાં સ્થાનિક સંદર્ભમાં આયોજન કરવામાં મદદ કરવી (દા.ત., સ્થાનિક તહેવારો, સ્થાનિક ખોરાક, સ્થાનિક કલાનાં સ્વરૂપો); અને અમુક દિવસોમાં શિક્ષણ પ્રક્રિયામાં વર્ગખંડનાં કાર્યમાં પણ મદદ કરી શકાય.

માતાપિતા શાળાવ્યવસ્થાપન સમિતિનો ભાગ પણ બની શકે છે, અને આ રીતે તેઓ માતાપિતા, સમાજ અને શિક્ષકો વચ્ચે સેતુ બની શકે છે. તેઓ અન્ય વાલીઓ અને શાળા વચ્ચેની તમામ બાબતો અંગે સ્પષ્ટ, પારદર્શક

વાતચીત કરવાની જવાબદારી લઈ શકે છે, તેઓ વધારાનાં સંસાધનો અથવા અધ્યયન સામગ્રી એકત્રિત કરવામાં મદદ કરી શકે છે અને શિક્ષક દિવસ અથવા રમતોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન, સંકલન અને સંચાલન કરવા માટે વાલીઓનું જૂથ બનાવીને મદદ કરી શકે છે.

**સમુદાયની ભૂમિકા**

સમુદાય અનેક રીતે શાળામાં સહયોગી થઈ શકે છે અને તેને સહાય કરી શકે છે. ઉદાહરણ તરીકેઃ તમામ સ્થાનિક નાનાં બાળકોની નોંધણી અને નિયમિત હાજરીમાં મદદ કરીને, વધારાની માળખાકીય સુવિધા આપીને, અધ્યયન સામગ્રી અને બાળકોના ભોજન માટે વધુ સારા પોષણના સ્રોત અથવા અન્ય સેવાઓ પ્રદાન કરીને (દા.ત., ગ્રામપંચાયત અન્ય યોજનાઓમાંથી ભંડોળનો ઉપયોગ કરવો, પાણીનું જોડાણો પૂરું પાડવું વગેરે), તમામ વાલીઓ અને સમુદાયના સભ્યોને શાળામાં સક્રિય ભાગીદાર બનવા માટે પ્રેરિત કરીને અને શાળાને સમુદાયનો અભિન્ન ભાગ બનાવવામાં મદદ કરી શકે છે.

**ટૅક્નોલૉજીનો ઉપયોગ**

શિક્ષણમાં ટૅક્નોલૉજીનો ઉપયોગ તેમાં સરળતા, ઝડપ, ઉપલબ્ધતા, રોચકતા, વિવિધતા લાવવા માટે કરી શકાય છે. 'એક સંકલિત રાષ્ટ્રીય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને સમગ્ર સીસ્ટમની સંપૂર્ણ ક્ષમતાઓનો લાભ લેવા માટે સુપર-કનેક્ટર તરીકે કાર્ય કરવાના' એક વિઝન સાથે નેશનલ ડિજિટલ એજ્યુકેશન આર્કિટેક્ચર (NDEAR)ની સ્થાપના કરવામાં આવી છે. આ ઉપરાંત NISHTHA નામનું એક રાષ્ટ્રીય મિશન છે જેનો હેતુ, ઑનલાઇન મોડ દ્વારા ચલાવતા ડિજિટલી શિક્ષક તાલીમ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓની અધ્યયનને સુધારવાનો છે. સાથે સાથે શિક્ષકો DIKSHA જેવા પ્લેટફોર્મ પર સ્વ-નિર્મિત સામગ્રી અપલોડ કરી શકે છે અને વિવિધ સામગ્રી બનાવવા માટે NDEAR-સુસંગત ઓપન-સોર્સ સામગ્રી ઓથરિંગ ટૂલ્સનો લાભ પણ લઈ શકે છે. બાળકો, શિક્ષકો, માતાપિતા અને સમુદાય માટે સામગ્રી નિર્માણ કરવા માટે વિદ્યાદાન (vdn.diksha.gov.in) નો ઉપયોગ કરી શકાય છે. બાળકોના વિકાસને લગતી સમસ્યાઓ નોંધવા અને તેને ઓળખવા માટેનાં સાધનો અને પ્રારંભિક તપાસનાં ઉપકરણો જેમ કે, PRASHAST, વિકલાંગતા સ્ક્રીનિંગ ચેકલિસ્ટ, શિક્ષકોને બાળક માટે જરૂરી સહાય કરવામાં મદદ કરશે. આવી અનેક સુવિધાઓ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

**સમાપન**

આમ, અધ્યયન માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવા માટે શિક્ષક સજ્જતાથી માંડીને ભૌતિક સુવિધાઓની વાત NCFFSમાં કરવામાં આવી છે. સાથે માતાપિતાની ભૂમિકા, મુખ્ય શિક્ષકની ભૂમિકા પણ સ્પષ્ટ કરી છે. અને વર્તમાન યુગ સાથે તાલ મિલાવવા માટે ટૅક્નોલૉજીના ઉપયોગના કેટલાક માર્ગો પણ સૂચિત કરવામાં આવ્યા છે. શાળાના અભૌતિક વાતાવરણનાં જ ભાગરૂપ શિક્ષક દીઠ વિદ્યાર્થીની સંખ્યાની ચિંતા અને પ્રવેશની ઉંમરનો ઉલ્લેખએ શાળાના વાતાવરણના બધા જ આયામોને આવરી લે છે.

આવા વાતાવરણના નિર્માણ માટે શિક્ષક, આચાર્ય, માતા પિતા અને સમુદાયના તમામ સભ્યોએ સક્રિય રહેવું ઘટે.

## 'સહયાત્રા' (સગર્ભા મહિલાઓ માટે)




## 'સંગાથ' (જન્મ થી ત્રણ વર્ષના શિશુઓ માટે)




## 'સુવાસ' (ત્રણ થી છ વર્ષના બાળકો માટે)




મજાનો ખજાનો




## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
SSPOS Gandhinagar No. G-GNR-300. Licence valid upto 31-12-2025.
Published on 15th of every month and Posted on 20th of every month at SRO GNR.
Licence to Post without Prepayment No. PMG/HQ/108/2020-2022 Valid upto 31-12-2025.

# પાયાના તબક્કા માટે
# રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - ૨૦૨૨

सत्यम् ऋतम् वृहत्

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧

ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલઃ balvishva@cugujarat.ac.in

વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar